અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૪ એપ્રિલ ૨૦૨૫, ગુરુવાર
વિક્રમ સંવત ૨૦૮૧, ચૈત્ર વદ ૧૧

વર્ષ : ૧૬
અંક : ૨૯૧

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### મીડિયા અને સોશિયલ મીડિયામાં એક ફોટો પણ વાયરલ

# પહેલગામના ઈસ્લામિક આતંકી હુમલાખોરોના સ્કેચ જારી થયા

## પહેલગામમાં મંગળવારે થયેલા આતંકવાદી હુમલામાં લગભગ ૨૬ નિર્દોષ લોકોના જીવ ગયા : હત્યાકાંડમાં સામેલ ૩ આતંકવાદીઓના સ્કેચ જાહેર

। (એજન્સી) પહેલગામ, તા. ૨૩ ।

જમ્મુ-કાશ્મીરના પ્રવાસ કેન્દ્ર પહેલગામમાં નિર્દોષ હિન્દુ પ્રવાસીઓની હત્યા કરનારા ઈસ્લામિક આતંકીઓના સ્કેચ જારી કરવામાં આવ્યા છે. આ ઉપરાંત મીડિયા અને સોશિયલ મીડિયામાં એક ફોટો પણ વાયરલ થઈ રહ્યો છે જેમાં ચાર ઈસ્લામિક આતંકીઓ બંદૂકો સાથે દેખાય છે. જોકે આ ફોટો એ જ જેહાદીઓનો છે કે કેમ તે હજુ સત્તાવાર જાણવા મળ્યું નથી.

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં મંગળવારે થયેલા આતંકવાદી હુમલામાં લગભગ ૨૬ નિર્દોષ લોકોના જીવ ગયા. આ આતંકવાદી હુમલા બાદ બુધવારે આ ભયાનક હત્યાકાંડમાં સામેલ ૩ આતંકવાદીઓના સ્કેચ જાહેર કરવામાં આવ્યા છે. આ ભયાનક આતંકવાદી હુમલામાં આસિફ ફૌજી, સુલેમાન શાહ અને અબુ તલ્હાનો સમાવેશ હોવાની શંકા છે. જમ્મુ-કાશ્મીરના પહેલગામ હુમલામાં સામેલ આતંકવાદીઓની તસવીર હવે જાહેર થઈ છે. સેના અને સ્થાનિક પોલીસની વિશેષ ટીમો આ આતંકવાદીઓની શોધમાં વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવી રહી છે. અત્યાર સુધી મળતી માહિતી મુજબ, આ હુમલામાં કુલ છ ઈસ્લામિક જેહાદી આતંકવાદીઓનો સમાવેશ થતો હતો. સુરક્ષા એજન્સીઓએ આ પહેલાં આતંકવાદીઓના ત્રણ સ્કેચ પણ જાહેર કર્યા હતા. કેન્દ્રીય એજન્સીના સૂત્રો મુજબ, પાકિસ્તાન સ્થિત પ્રતિબંધિત લશ્કર-એ-તૈયબા (LeT) સાથે સંકળાયેલા ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (TRF) એ હુમલાની જવાબદારી લીધી છે.



સેનાના ઓપરેશન વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પહેલગામ આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ આપી છે. અમિત શાહ તે સ્થળે પણ ગયા હતા જ્યાં ઈસ્લામિક આતંકવાદીઓએ આ કાયરતાપૂર્ણ હુમલો કર્યો હતો. આ હુમલામાં ૨૬ લોકોના જીવ ગયા છે, જ્યારે લગભગ ૨૦ લોકો ઘાયલ થયા હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. આતંકવાદીઓની શોધ માટે વિસ્તારમાં સેના સઘન સર્ચ ઓપરેશન ચલાવી રહી છે.પહેલગામ હુમલાને પગલે વડાપ્રધાન મોદી એક્શન મોડમાં જોવા મળી રહ્યા છે. તેમને આ હુમલાની માહિતી મળતાં જ તેમણે સાઉદી અરેબિયાનો પ્રવાસ અધવચ્ચે છોડીને સ્વદેશ પરત ફરવાનું નક્કી કર્યું. બુધવારે સવારે તેમનું વિમાન દિલ્હી એરપોર્ટ પર ઉતર્યું. મામલાની ગંભીરતાને સમજીને વડાપ્રધાન મોદીએ એક પણ ક્ષણ બગાડ્યા વિના એરપોર્ટ પર હાઈ લેવલ મીટિંગ યોજી. આ મીટિંગમાં સુરક્ષા એજન્સીઓના વરિષ્ઠ અધિકારીઓ ઉપરાંત રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને વિદેશ મંત્રી એસ. જયશંકર પણ હાજર રહ્યા. સૂત્રોના જણાવ્યા મુજબ વડાપ્રધાન મોદીએ આ હુમલામાં સામેલ આતંકવાદીઓને આકરો જવાબ આપવા અને તેમનો સાથ આપનારાઓ પર પણ સખત કાર્યવાહી કરવાની વાત કરી છે.

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાથી દુ:ખી થયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાઉદી અરેબિયાનો પ્રવાસ રદ કરીને તાત્કાલિક બુધવારે વહેલી સવારે ભારત પરત ફર્યા. દિલ્હી પહોંચતાં જ તેમણે એરપોર્ટ પર ઈમરજન્સી મીટિંગ બોલાવી. આ અતિ મહત્વની મીટિંગમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ, વિદેશ મંત્રી એસ. જયશંકર અને વિદેશ સચિવ હાજર રહ્યા. વડાપ્રધાનની વિદેશ મુલાકાતથી પરત ફર્યા બાદ તરત જ યોજાયેલી આ ઉચ્ચ સ્તરીય મીટિંગમાં હુમલાની ગંભીરતા, આંતરરાષ્ટ્રીય પ્રતિક્રિયાઓ અને સુરક્ષા રણનીતિઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

### ન્યૂઝ બ્રિફ

### પૂરેપૂરી તાકાત લગાવી દો, અમે સાથે છીએ : કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

પહલગામમાં આતંકી હુમલાની કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આકરા શબ્દોમાં ટીકા કરી છે. સોશિયલ સાઈટ એક્સ પર ખડગેએ લખ્યું કે, "જમ્મુ કાશ્મીરના પહલગામમાં આતંકવાદીઓએ નિર્દોષ પર્યટકોની હત્યા કરી નાખી છે. તેનાથી, આતંકી હુમલાથી તેમને ઊંડો આઘાત લાગ્યો છે. કોંગ્રેસ પાર્ટી કડક શબ્દોમાં આ કાયરતાપૂર્ણ ઘટનાની નિંદા કરે છે. તેમણે કહ્યું કે, આતંકીઓનો આ હુમલો આપણા દેશની અખંડિતતા અને એકતા પર કાયરતાપૂર્ણ હુમલો છે." તેમણે કહ્યું કે, "વર્ષ ૨૦૦૦માં છત્તીસગઢપુરામાં આતંકી હુમલો થયો હતો, તેના ૨૫ વર્ષ બાદ આટલો મોટો હુમલો થયો છે.

### ટેરિફ વોરને પગલે અમેરિકા-દુનિયાના અર્થતંત્રમાં મંદી જોવા મળી શકે છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૩ ।

પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ટેરિફ લાદવામાં આવતાં તેના પગલે સર્જાયેલી અનિશ્ચિતતાને કારણે દુનિયાના અર્થતંત્રની વૃદ્ધિનો વરતારો ખરાબ જણાય છે તેમ આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ-આઈએમએફ-દ્વારા મંગળવારે જણાવવામાં આવ્યું હતું. આ વર્ષે ગ્લોબલ ઈકોનોમીમાં વૃદ્ધિનો દર જાન્યુઆરીમાં ૩.૩ ટકાની આગાહીની સરખામણીમાં ૨.૮ ટકા જ થવાની ધારણાં છે. ટ્રમ્પે છેડેલી ટેરિફ વોરને કારણે અમેરિકાના અર્થતંત્રની આર્થિક વૃદ્ધિ અગાઉ ૨.૭ ટકા ધારવામાં આવી હતી તે હવે ઘટીને ૧.૮ ટકા જ થવાની અપેક્ષા છે. આઈએમએફના માનવા પ્રમાણે યુએસના અર્થતંત્રમાં મંદી સર્જાવાની શક્યતા નથી પણ આ વર્ષે મંદી સર્જાવાની ટકાવારી ૨૫ ટકા હતી તે વધીને ૩૭ટકા થઈ છે. જે.પી. મોર્ગનના અર્થશાસ્ત્રીઓના જણાવ્યા અનુસાર યુએસમાં મંદી થવાની શકયતા ૬૦ ટકા છે.

### કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પીડિતો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી

# પહલગામ આતંકી હુમલામાં માર્યા ગયેલા લોકોને અમિત શાહે શ્રદ્ધાંજલિ આપી

। (એજન્સી) પહલગામ, તા.૨૩ ।

પહલગામમાં મંગળવારે થયેલા આતંકી હુમલા બાદ કાશ્મીર ઘાટી સહિત સમગ્ર દેશમાં શોક ફેલાયેલો છે. બુધવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શ્રીનગરમાં પોલીસ નિયંત્રણ કક્ષ બહાર એક માર્મિક સમારંભમાં પુષ્પાંજલિ અર્પણ કરી પીડિતોને શ્રદ્ધાંજલિ આપી હતી.

આ દુર્ઘટના જેણે ફક્ત કાશ્મીર જ નહીં પરંતુ સમગ્ર દેશને હચમચાવી નાખ્યો હતો, જેમાં નિર્દોષ પ્રવાસીઓ માર્યા ગયા હતા, જે ૨૦૧૯ માં કલમ ૩૭૦ રદ કર્યા પછીના સૌથી મોટા આતંકવાદી હુમલાઓમાંનો એક હતો. મંગળવારે અગાઉ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે સાંજે શ્રીનગર પહોંચ્યા પછી પહેલગામ આતંકવાદી હુમલા બાદ તમામ એજન્સીઓ સાથે ઉચ્ચ સ્તરીય સુરક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી. તેમણે અગાઉ કહ્યું હતું કે આ કાયરતાપૂર્ણ આતંકવાદી કૃત્યમાં સામેલ લોકોને બક્ષવામાં આવશે નહીં.





અમિત શાહે આ ઘટના અંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પણ જાણ કરી હતી. ગૃહમંત્રી અમિત શાહે ટ્વિટર પર એક પોસ્ટમાં કહ્યું, ‘‘જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલાથી દુ:ખી છું. મારી સંવેદનાઓ મૃતકોના પરિવારના સભ્યો સાથે છે. આ જઘન્ય આતંકવાદી કૃત્યમાં સામેલ લોકોને છોડવામાં આવશે નહીં અને અમે ગુનેગારો સામે કડક કાર્યવાહી કરીશું અને તેમને સૌથી કડક સજા આપીશું. આ ઘટના વિશે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને માહિતી આપી અને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સંબંધિત અધિકારીઓ સાથે બેઠક યોજી.’’

### મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ મૃતકોના પરિવારજનોને વળતર આપવાની જાહેરાત કરી

। જમ્મુ, તા.૨૩ ।

જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ પહેલગામ આતંકી હુમલામાં માર્યા ગયેલા લોકોના પરિવારજનોને ૧૦-૧૦ લાખ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી છે. CMO દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને ૨-૨ લાખ રૂપિયા આપવામાં આવશે. જ્યારે મામૂલી ઈજાગ્રસ્તોને ૧ લાખ રૂપિયાની રકમ આપવામાં આવશે. કેન્દ્રશાસિત પ્રદેશના સીએમ ઓમર અબ્દુલ્લાએ પહેલગામ આતંકી હુમલાને ઘૃણાસ્પદ હુમલો ગણાવ્યો છે. તેમણે કહ્યું કે હું નિર્દોષ નાગરિકો પર બર્બર હુમલાથી ઊંડો આઘાત અનુભવું છું.

### પહલગામ આતંકવાદી હુમલો

# પડદા પાછળ જે પણ છે, બધાને જવાબ મળશે : રાજનાથ સિંહ

**હું દેશવાસીઓને આશ્વસ્ત કરવા માંગુ છું કે સરકાર દરેક જરૂરી પગલાં ભરશે : રક્ષા મંત્રી રાજનાથ સિંહનું નિવેદન**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।



જમ્મુ કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાના લીધે દેશ ક્રોધે ભરાયેલો છે. દરેક તેની પાછળ છુપાયેલા લોકો પર કાર્યવાહી ઈચ્છે છે. એવામાં રક્ષા મંત્રી રાજનાથ સિંહે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે પહલગામમાં થયેલા કાયરતા પૂર્ણ હુમલામાં આપણે ઘણી માસૂમ જીંદગીઓ ગુમાવી દીધી છે. અમને આ વાતનું દુખ છે. હું તે પરિવારો પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરું છું જેમને પોતાના પરિજનોનો ગુમાવ્યા. અમારી આતંકવાદ પ્રત્યે જીરો ટૉલરેન્સની નીતિ છે. હું દેશવાસીઓને આશ્વસ્ત કરવા માંગુ છું કે સરકાર દરેક જરૂરી પગલાં ભરશે. અમે ના ફક્ત આ કૃત્યને અંજામ આપનાર દોષીઓ સુધી પહોંચીશું પરંતુ પડદા પાછળના લોકો સુધી પણ પહોંચીશું. આરોપીઓને જલદી જોરદાર અને સ્પષ્ટ જવાબ મળશે, હું દેશને આશ્વસ્ત કરવા માંગુ છું. આતંકવાદી હુમલા બાદ કેન્દ્રની મોદી સરકાર એલર્ટ મોડ પર આવી ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાઉદી અરબનો પ્રવાસ અધૂરો છોડીને દિલ્હી આવ્યા ગયા અને આવતાં જ એક્શન મોડમાં જોવા મળ્યા. દિલ્હીમાં સાંજે ૬ વાગે સીસીએસની બેઠક યોજાઈ રહી છે.

## પહલગામ હુમલાનો બદલો લેવામાં આવશે : મનોજ સિન્હા

। (એજન્સી) જમ્મુ, તા.૨૩ ।

જમ્મુ કાશ્મીરના પહલગામમાં ગઈકાલે મંગળવારે (૨૨ એપ્રિલ, ૨૦૨૫) થયેલા આતંકવાદી હુમલામાં ૨૮ લોકોએ જીવ ગુમાવ્યો છે, જ્યારે અનેક લોકો ઘાયલ થયા છે. પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ સમગ્ર દેશ ગુસ્સામાં અને શોકમાં છે. હુમલાને લઈને કેન્દ્ર સરકાર દ્વારા જવાબી કાર્યવાહીની તૈયારીઓ કરાઈ રહી છે. જ્યારે આજે બુધવારે (૨૩ એપ્રિલ) પહલગામ હુમલાને લઈને ઉપરાજ્યપાલ મનોજ સિન્હાનું મોટું નિવેદન સામે આવ્યું છે. આતંકી હુમલાને લઈને આજે બુધવારે સુરક્ષા સમીક્ષા બેઠકની અધ્યક્ષતામાં બેઠક કરવામાં આવી હતી. ગૃહમંત્રી અમિત શાહે ઉચ્ચ સ્તરીય બેઠકમાં આપેલા નિર્દેશોનું તાત્કાલિક પાલન કરાશે. બેઠકમાં મનોજ સિન્હાએ કહ્યું કે, ‘પહલગામ હુમલાનો બદલો લેવામાં આવશે.’ પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાને લઈને વડાપ્રધાન આવાસ પર સુરક્ષા મામલાઓની કેબિનેટ કમિટી (CCS)ની બેઠક શરૂ થઈ છે.

## પહલગામ હુમલાથી બોલિવૂડ સિલેબ્સ આઘાતમાં સરી પડ્યા

। (એજન્સી) મુંબઈ, તા.૨૩ ।

૨૨ એપ્રિલ ૨૦૨૫ના રોજ જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા ખતરનાક આતંકી હુમલાએ પુરા દેશને ધ્રુજવી નાખ્યો છે. આ ખતરનાક હુમલામાં ૨૮ લોકોએ તેમના જીવ ગુમાવ્યા છે, તેમજ ૧૨ લોકો ઈજાગ્રસ્ત થયા છે. એવામાં આ દુ:ખદ ઘટના પર અક્ષય કુમાર સાથે બીજા ઘણા બોલિવૂડ સિલેબ્સએ દુ:ખ અને ગુસ્સો વ્યક્ત કર્યો હતો. તેમજ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને હુમલાની નિંદા કરીને કડક કાર્યવાહીની માંગ કરી હતી. અક્ષય કુમારે પહલગામ હુમલા પર દુ:ખ વ્યક્ત કરતા ઠ પર પોસ્ટ કર્યું હતું કે, ’પહલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલાના સમાચાર સાંભળીને હું ચોંકી ગયો. આ રીતે નિર્દોષ લોકોની હત્યા કરવી એ ઘોર બર્બરતા છે. હું પીડિત પરિવારો માટે પ્રાર્થના કરું છું.’ પોતાનો ગુસ્સો વ્યક્ત કરતી વખતે સંજયે લખ્યું - ‘તેમણે આપણા લોકોને નિર્દયતાથી મારી નાખ્યા. આ માફ ન કરી શકાય. આ આતંકવાદીઓને જાણવાની જરૂર છે કે આપણે ચૂપ નહીં રહીએ. આપણે આનો યોગ્ય જવાબ આપવો પડશે.

### મેહુલ ચોક્સીની જામીન અરજી આખરે ફગાવાઇ

। (એજન્સી) બેલ્જિયમ, તા.૨૩ ।

પંજાબ નેશનલ બેંકના ૧૩,૦૦૦ કરોડ રૂપિયાના લોન છેતરપિંડીના કેસમાં ફરાર હીરા વેપારી મેહુલ ચોક્સીને બેલ્જિયમની કોર્ટમાંથી મોટો ઝટકો લાગ્યો છે. કોર્ટે મેહુલની જામીન અરજી ફગાવી દીધી હતી. ત્રણ ન્યાયાધીશોની બેન્ચે જામીન અરજી પર ચુકાદો આપ્યો હતો. મેહુલ ચોકસીએ કોર્ટમાં દલીલ કરી હતી કે તેમની તબિયત સારી નથી. તેથી તેને જામીન મળવા જોઈએ. મેહુલે કહ્યું કે તે તેના પરિવાર સાથે રહેવા માંગે છે. મેહુલ ચોક્સીની ૧૨ એપ્રિલ (શનિવાર), ૨૦૨૫ના રોજ બેલ્જિયમમાં ધરપકડ કરવામાં આવી હતી. ભારતે ચોક્સીના પ્રત્યાર્પણ માટે બેલ્જિયમને ઔપચારિક વિનંતી મોકલી છે.

### પહલગામ આતંકી હુમલાને પગલે

# સાઉદીની યાત્રા અધવચ્ચે પડતી મૂકી વડાપ્રધાન મોદી ભારત પરત

## જોકે સાઉદીની મુલાકાત દરમિયાન તેમણે કહ્યું કે આ વિસ્તારમાં રચનાત્મકતા અને સ્થિરતા માટેનું એક મહત્વનું પરિબળ બની રહ્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાઉદી અરબની બે દિવસની મુલાકાતને ટૂંકાવીને એક જ દિવસમાં પાછા ભારત આવી ગયા છે. જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલાને ધ્યાનમાં રાખીને તેમણે આ નિર્ણય કર્યો હતો. હવે તેઓ કેબિનેટ બેઠકનું નેતૃત્વ કરી શકે છે. જોકે સાઉદીની મુલાકાત દરમિયાન તેમણે કહ્યું કે આ વિસ્તારમાં રચનાત્મકતા અને સ્થિરતા માટેનું એક મહત્વનું પરિબળ બની રહ્યું છે. સમુદ્રીય પાડોશીઓ તરીકે ભારત અને સઉદી અરબસ્તાનનાં હિતો નૈસર્ગિક રીતે જ સમાન છે. ગુપ્તચર એજન્સીઓ દ્વારા જારી કરાયેલ ચેતવણી કે પાકિસ્તાન જમ્મુ અને કાશ્મીરમાં ‘ઉનાળો ગરમ’ કરવા માટે તૈયાર છે સાચી સાબિત થઈ છે. આ હુમલામાં વિદેશી આતંકવાદીઓની ભૂમિકા પણ સામે આવી છે. અનેક ગુપ્તચર અધિકારીઓ માને છે કે જનરલ મુનીરના વાંધાજનક ભાષણને પગલે લશ્કરના સંગઠન ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટે આ હુમલાને અંજામ આપ્યો હતો. ટીઆરએફએ આ હુમલાની જવાબદારી સ્વીકારી હતી. બંને આ વિસ્તારમાં શાંતિ અને સ્થિરતાના સંરક્ષણ માટે પ્રતિબદ્ધ છે. બંને વચ્ચે સ્થપાનારા સંરક્ષણ અંગેના સંબંધો અમારા વિસ્તૃત પાડોશી વિસ્તારોમાં ઊભા થતા પડકારોનો સામનો કરવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે. વડાપ્રધાને વધુમાં કહ્યુ, સલામતી અંગે સહકાર સાધી રહ્યા છીએ અને તેમાં પ્રગતિ પણ થઈ રહી છે.

### ચીને હાઇડ્રોજન બોમ્બ બનાવતા ભારત પર જોખમ

। (એજન્સી) બેઈજીંગ, તા.૨૩ ।

ચીનના વૈજ્ઞાનિકોએ એવો હાઈડ્રોજન બોમ્બ વિકસાવ્યો છે તે અણુબોમ્બથી પણ વધારે ખતરનાક છે, પણ તેમા જરા પણ રેડિયેશન જ નથી. તેમા યુરોનિયમ અને પ્લુટોનિયમ જેવા કોઈપણ પરમાણુ પદાર્થ નથી. એક રિસર્ચ મુજબ ફક્ત બે કિલો વજનવાળા આ બોમ્બે ૧૦૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાનવાળો આગનો ગોળો બનાવી દેતા આખું વિશ્વ સ્તબ્ધ થઈ ગયું છે. આગનો આ ગોળો સળંગ બે સેકન્ડ સુધી સળગતો રહ્યો હતો. આ બોમ્બ પરમાણુ બોમ્બ જેવો નથી, પણ તેના જેવી વિનાશલીલા કરી શકે છે ખરો. ચીને ચાંદી જેવા દેખાતા એક પાવડરમાંથી આ હાઈડ્રોજન બોમ્બ તૈયાર કર્યો છે.

### ૨ ભાવનગર અને ૧ સૂરતના વ્યક્તિનો પણ લેવાયો ભોગ

# પહલગામમાં આતંકી હુમલામાં માર્યા ગયેલા ૨૬ લોકોના નામ સામે આવ્યા

। (એજન્સી) પહલગામ, તા.૨૩ ।

જમ્મુ કાશ્મીરના પહલગામમાં કાલે મંગળવારે થયેલા આતંકી હુમલામાં ૨૬ લોકોના મૃત્યુ થયા છે. જ્યારે કેટલાય લોકો ઘાયલ થયા છે. આતંકીઓએ આ હુમલામાં તમામ પુરુષોને શિકાર બનાવ્યા છે. આતંકી હુમલાનો શિકાર મોટા ભાગના પર્યટકો થયા છે. મરનારા લોકોમાં ગુજરાતના ૩ લોકો છે, જ્યારે તેમાં પહલગામના રહેવાસી સૈયદ આદિલ હુસૈન શાહનું પણ મૃત્યુ થયું છે. આ હુમલામાં મહારાષ્ટ્રના ૫ લોકોના મૃત્યુ થયા છે. હેમંત સુહાસ જોશી અને સંજય લક્ષ્મણ લાલી મુંબઈના રહેવાસી હતા. જ્યારે અતુલ શ્રીકાંત મોની, સંતોષ જાગડા, કસ્તુબા ગાન્વોતે પણ મહારાષ્ટ્રના રહેવાસી છે. આતંકી હુમલામાં ઈન્દોરના સુશીલ નથાનિયલનું પણ મૃત્યુ થયું છે. તેઓ પોતાની પત્નીના જન્મદિવસ માટે કાશ્મીર ગયા હતા. સુશીલ એલઆઈસીના બ્રાન્ચ મેનેજર હતા. મરનારા લોકોમાં પહલગામના સૈયદ આદિલ હુસૈન શાહનું પણ મૃત્યુ થયું છે. નેપાળના સુદીપ નુપાને પણ આ હુમલામાં શિકાર થયા અને તેમનું મૃત્યુ થઈ ગયું. આતંકીઓએ પહલગામાં ખાલી પુરુષોને જ ટાર્ગેટ બનાવ્યા છે. તેમણે મહિલાઓ પર ગોળી નથી ચલાવી. ગુજરાતથી આવેલા ૩ લોકોના મૃત્યુ થયા છે. તેમાં પિતા-પુત્ર પણ સામેલ છે. ગુજરાતના ભાવનગરના રહેવાસી યતેશ પરમાર અને તેમના દીકરા સુમિત પરમારનું મૃત્યુ થયું છે.

# ડમી વિદ્યાર્થીઓ અંગે શાળાઓમાં ઓચિંતી તપાસ કરવામાં આવશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

ડમી વિદ્યાર્થીઓને લઈને CBSE બોર્ડની તપાસ બાદ હવે અમદાવાદ ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સ્કૂલોને પરિપત્ર કર્યો છે. જેમાં વિદ્યાર્થીઓની નિયમાનુસારની હાજરી અંગે સ્કૂલોને પરિપત્ર કરવામાં આવ્યો છે. શૈક્ષણિક દિવસો દરમિયાન વિદ્યાર્થીઓની હાજરી સ્કૂલોમાં જોવા મળે તે માટે ખાસ તાકીદ કરવામાં આવી છે. આ માટે સ્કૂલો શરૂ થયા બાદ આકસ્મિક તપાસ કરવામાં આવશે અને જો તે વખતે સ્કૂલોમાં વિદ્યાર્થીઓની હાજરી બાબતે અથવા તો સ્ટાફને લઈને અનિયમિતતા સામે આવશે તો કડક કાર્યવાહીની ચિમકી ઉચ્ચારવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી કૃપા જ્હાએ તાબા હેઠળની તમામ બોર્ડની સ્કૂલોને વિદ્યાર્થીઓની હાજરીને લઈને પરિપત્ર કર્યો છે.

જેમાં જણાવાયું છે કે, જિલ્લામાં ગુજરાત બોર્ડ સિવાયની CBSE તેમજ અન્ય બોર્ડ સાથે એફિલિયટેડ થયેલી શાળાઓમાં નવા સત્રની શરૂઆત થયેલી છે. જ્યારે ગુજરાત બોર્ડની સ્કૂલોમાં આગામી સમયમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ થશે. જેથી તમામ સ્કૂલોએ શાળામાં નિયમિત હાજરીને લઈને નિયમોની અમલવારી કરવાની રહેશે. આમ, નવા શૈક્ષણિક સત્રથી હાજરીને લઈને સ્કૂલોને ચુસ્ત કાર્યવાહી કરવા માટે અત્યારથી જ તાકીદ કરી દેવામાં આવી છે. હાજરીને લઈને કરાયેલા પરિપત્રમાં જણાવાયું છે કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શાળાના સત્ર, રજાઓ અને વેકેશન નિયત કરવામાં આવે છે અને સત્રના દિવસો પણ નિયત કરવામાં આવે છે.

બોર્ડ દ્વારા દરવર્ષે એકેડેમિક કેલેન્ડર જાહેર કરવામાં આવે છે, જેને દરેક સ્કૂલોએ અનુસરવાનું હોય છે. શાળાના શૈક્ષણિક દિવસોમાં નિયત થયેલા કામના કલાકો મુજબ શૈક્ષણિક કામગીરી કરવાની રહે છે અને આ સમગ્ર સમય દરમ્યાન શાળામાં રજિસ્ટર્ડ થયેલા દરેક વિદ્યાર્થી શાળામાં હાજર રહે અને શૈક્ષણિક કાર્ય થાય તે શાળાએ સુનિશ્ચિત કરવાનું રહે છે. બોર્ડની જોગવાઈ અનુસાર, નિયત થયેલા શૈક્ષણિક કલાકો જેટલું શૈક્ષણિક કાર્ય શાળામાં થવું ફરજિયાત છે. આ ઉપરાંત બોર્ડના નિયમ અનુસાર, શાળામાં વિદ્યાર્થીઓની હાજરી કુલ શૈક્ષણિક દિવસોના ઓછામાં ઓછા ૮૦ ટકા જેટલી ફરજિયાત છે. અનિવાર્ય સંજોગોમાં વિદ્યાર્થીની શાળામાં ૮૦ ટકા હાજરી પૂર્ણ કરેલી ન હોય તો DEO કચેરીના માધ્યમથી બોર્ડમાં આધારો સહ દરખાસ્ત કરીને મંજૂરી લેવાની રહે છે. શાળાના વિદ્યાર્થીઓની હાજરી ઓનલાઈન પુરવી પણ ફરજિયાત કરવામાં આવેલી છે. સીબીએસઈ બોર્ડ સાથે એફિલિયટેડ થયેલી જિલ્લાની શાળાઓએ ગુજરાત સરકારના વખતોવખતના નિયમો હેઠળ વિદ્યાર્થી હાજરી માટે યુ ડાયસ પ્લસમા નોંધણી કરાવીને ઓન લાઈન એટેન્ડસ સિસ્ટમ સોફ્ટવેરમાં હાજરી પુરવી ફરજિયાત કરવામાં આવેલી છે. આમ, તમામ બોર્ડની સ્કૂલોની હાજરી ઓનલાઈન પુરવામાં આવે છે.આમ, સરકારના નિયમો તેમજ ઠરાવો અને પરિપત્રોની જોગવાઈ અનુસાર, શાળામાં સમગ્ર શૈક્ષણિક વર્ષ દરમ્યાન નોંધાયેલા તમામ વિદ્યાર્થીઓ શાળામાં નિયમિત આવે અને શાળાના નિયત થયેલા શૈક્ષણિક સમય દરમિયાન શાળામાં ફરજિયાત હાજર રહે તે સુનિશ્ચિત કરવાનું રહે છે.

## નરોડા અને બાપુનગર સ્થિત ESIC હોસ્પિટલને મેડિકલ કોલેજની મંજૂરી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

દેશમાં શ્રમ મંત્રાલય દ્વારા દેશની ૧૦ ESIC હોસ્પિટલોને મેડિકલ કોલેજ તરીકે મંજૂરી આપવામાં આવી છે. જેમાં ગુજરાતમાંથી અમદાવાદના નરોડા અને બાપુનગર સ્થિત ESIC હોસ્પિટલને મેડિકલ કોલેજ તરીકે મંજૂરી આપવામાં આવી છે. ૨૦૨૪-૨૫માં ૧૦ ESIC હોસ્પિટલોને મેડિકલ કોલેજની મંજૂરી આપવા માટે પ્રસ્તાવ મુકવામાં આવ્યો હતો. ૨૦૦ કે તેથી વધુ બેડની ESIC હોસ્પિટલોને મેડિકલ કોલેજમાં રૂપાંતરિત કરવાની જોગવાઈ છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે દેશના શ્રમ મંત્રાલય દ્વારા દેશની ૧૦ ESIC હોસ્પિટલોને મેડિકલ કોલેજ તરીકે મંજૂરી આપવામાં આવી છે. ૨૦૨૪-૨૫ માટે ૧૦ ESIC હોસ્પિટલોને મેડિકલ કોલેજ તરીકે મંજૂરી આપવા માટે પ્રસ્તાવ મુકવામાં આવ્યો હતો. આ પ્રસ્તાવ મુજબ જે ૧૦ હોસ્પિટલોને મંજૂરી આપવામાં આવી છે તેમાં ગુજરાતમાં અમદાવાદના નરોડા અને બાપુનગર સ્થિત હોસ્પિટલને મેડિકલ કોલેજમાં રૂપાંતરિત કરવા માટે મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત ૨૦૨૫-૨૬ માટે પણ ૧૦ ESIC હોસ્પિટલોના નામ મેડિકલ કોલેજની મંજૂરી માટે મોકલવામાં આવ્યા હતાં.

## ગોડાદરાની સોસાયટીમાંથી લીધેલા બે સેમ્પલ નિષ્ફળ

। (એજન્સી) સુરત, તા.૨૩ ।

સુરત પાલિકાના લિંબાયત ઝોનમાં મહારાણા પ્રતાપ નગરમાં ડાયેરિયાના વાવરના કારણે પાલિકા તંત્ર દોડતું થયું છે. પાલિકા તંત્રએ પાણીના ૫૦થી વધુ સેમ્પલ લીધા હતા જેમાંથી બે સેમ્પલ ફેલ થયાં છે તેથી રોગચાળો ગંદા પાણીના કારણે થયો હોવાનું બહાર આવ્યું છે. પાલિકાએ વધુ સેમ્પલ લેવાની કામગીરી હાથ ધરી છે અને સતત બીજા દિવસે સર્વે હાથ ધર્યો છે.

લિંબાયત ઝોનમાં સમાવિષ્ટ ગોડાદરા વિસ્તારમાં મહારાણા પ્રતાપ સોસાયટીમાં કેટલાક દિવસથી સતત ડાયેરિયાના કેસ વચ્ચે એક યુવકનું મોત નિપજતાં સમગ્ર વિસ્તારમાં ગભરાટનો માહોલ છે. ધારાસભ્યને ફરિયાદ મળતા તેઓએ પાલિકાની ટીમ સાથે વિસ્તારની મુલાકાત લીધી હતી. આ રોગચાળો પીવાના ગંદા પાણીના કારણે થયો હોવાની વાત સાબિત થઈ રહી છે. પાલિકાએ પીવાના પાણીના ૫૦ જેટલા સેમ્પલ લીધા હતા જેમાંથી બે સેમ્પલ લેબોરેટરી પરીક્ષણમાં નિષ્ફળ ગયાં છે.

પાલિકા દ્વારા લેવામાં આવેલા પાણીના ૫૦ સેમ્પલ પૈકી બે સેમ્પલ ફેઈલ હોવાનું ધ્યાને આવતા ડ્રેનેજ અને પાણી વિભાગની ટીમ દ્વારા હાલમાં આ વિસ્તારમાં ખોદકામ હાથ ધરીને પાણીની સમસ્યા સંભાવનાને પગલે તાકીદના ધોરણે સમારકામની કાર્યવાહી કરવા માટે કવાયત શરૂ કરવામાં આવી છે.




મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ સુભાષભાઈના પુત્ર અંશુલે UPSC CSE 2024ની પરીક્ષામાં ૪૭૩ રેન્ક મેળવ્યો. પોલીસ કમિશ્નર જી.એસ.મલિકે અંશુલને પાઠવ્યા અભિવાદન.

### મનપા પણ મુંઝવણમાં મુકાઈ

# રાજકોટમાં ૨૦થી વધુ સીટીબસ ડ્રાઇવરોએ રાજીનામા આપ્યા

### આ મુદ્દો હાલ રાજ્યમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે બીજી તરફ ડ્રાઇવરોએ રાજીનામું આપી દેવાને કારણે મુસાફરો માટે ગંભીર પરિસ્થિતિ સર્જાઈ

। (એજન્સી) રાજકોટ, તા.૨૩ ।

રાજકોટ શહેરમાં સીટી બસના ડ્રાઈવરે થોડા સમય પહેલા એક અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં કુલ ૪ લોકોના મોત નિપજ્યા હતા. જેને લઈને લોકોએ સીટી બસના ડ્રાઈવરોની ટીકા કરી હતી. પરંતુ હવે આ ઘટના બાદ સીટી બસના ડ્રાઈવરો જાણે કે લડવાના મૂડમાં હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. કારણ કે એક સાથે ૨૦થી વધુ ડ્રાઈવરોએ રાજીનામું આપી દીધું છે. જેથી આ મુદ્દો હાલ રાજ્યમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. બીજી તરફ ડ્રાઈવરોએ રાજીનામું આપી દેવાને કારણે મુસાફરો માટે ગંભીર પરિસ્થિતિ સર્જાઈ છે.

જે પણ મુસાફરો રોજ બસમાં ટ્રાવેલ કરે છે તે લોકો માટે સમસ્યા ઊભી થઈ છે. કારણ કે ડ્રાઈવર ન હોવાને કારણે બસોના રૂટ પર મોટી અસર પડવાની છે. સમગ્ર મામલે હાલ તંત્ર પણ મુંઝવણમાં મુકાઈ ગયું છે. આવું પહેલી વાર બન્યું છે કે એકસાથે ૨૦થી વધુ ડ્રાઈવરો દ્વારા રાજીનામું આપી દેવામાં આવ્યું હોય. મનપા દ્વારા આ સમગ્ર મામલે એજન્સીને મહત્વના આદેશો આપવામાં આવ્યા છે.

આપને જણાવી દઈએ કે એજન્સીને અન્ય ડ્રાઈવરોને શોધવા માટે સૂચના આપી દેવામાં આવી છે. ડ્રાઈવરો રાજીનામા આપી દેતા તંત્ર પણ મુંઝવણમાં મુકાઈ ગયું છે. થોડા સમય પહેલા જે રાજકોટમાં સીટીબસ દ્વારા જે અકસ્માત સર્જાયો હતો. તેમાં ૪ નિર્દોષ લોકોના મોત નિપજ્યા હતા. જેને લઈને સીટી બસના ડ્રાઈવરોની આકરી ટીકા થઈ હતી.

### વેપારીઓમાં ફફડાટ ફેલાયો

## ભાવનગરમાં સ્મોકિંગ ઝોનને લઈને ચેકિંગ શરૂ કરવામાં આવ્યું

। (એજન્સી) ભાવનગર, તા.૨૩ ।

ભાવનગરમાં સ્મોકિંગ ઝોનને લઈને ચેકિંગ શરૂ કરવામાં આવ્યું છે. એસઓજી પોલીસે શાળા અને કોલેજો પાસે લારી અને ગલ્લા પર ચેકિંગ હાથ ધર્યું છે. તે ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારોમાં પણ ચેકિંગ હાથ ધરાયું છે. પોલીસે કેફે, ચા નાશ્તાની લારીઓ અને ભીડભાડ વાળા સ્થળે ચાલતા સ્મોકિંગ ઝોનનું ચેકિંગ હાથ ધર્યું છે. આ ચેકિંગના કારણે અનેક દુકાનદારોમાં ફફડાટ ફેલાયો છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે ભાવનગરમાં શાળા કોલેજના વિદ્યાર્થીઓમાં વ્યસનનું પ્રમાણ વધી રહ્યું છે. શહેરમાં અનેક ઠેકાણે ચાલી રહેલા સ્મોકિંગ ઝોનમાં વિદ્યાર્થીઓની હાજરી જોવા મળતાં પોલીસ સક્રિય થઈ ગઈ છે. ભાવનગર એસઓજી પોલીસે શહેરમાં લારી ગલ્લા અને ચાની કીટલીઓ પર ચાલતા સ્મોકિંગ ઝોનનું ચેકિંગ હાથ ધર્યું છે. શહેરમાં સિવિલ હોસ્પિટલ, BIMS હોસ્પિટલ, મેડિકલ કોલેજ,ચાવડી ગેઈટ,વડવા તલાવડી, મોતી તળાવ, સાંઢીયાવાડ, રાણીકા, કુંભારવાડા, વાઘાવાડી રોડ,રેલવે સ્ટેશન બસ સ્ટેશન અને પિલ ગાર્ડન સહિત ના વિસ્તારોમાં ચેકિંગ હાથ ધરાયુ છે. ભાવનગર પોલીસે શહેરના ૧૨થી વધુ સ્થળો તેમજ ભીડભાડ વાળા સ્થળો સહિત ચા નાશ્તાની લારીઓ તેમજ પાનના ગલ્લાઓ અને કેફેમાં ચેકિંગ હાથ ધર્યું છે. પોલીસના આ સરપ્રાઈઝ ચેકિંગના કારણે શહેરના અનેક વેપારીઓમાં ફફડાટ જોવા મળ્યો હતો.

### સાતેક હજાર ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાશે

# અટકી પડેલી ગ્રામ પંચાયતની ચૂંટણીનો માર્ગ મોકળો, રોટેશન જાહેર કરવા સૂચના

### તમામ જિલ્લા કલેક્ટરને સરપંચ સહિતના પદો માટે રોટેશન જાહેર કરવા સૂચના આપવામાં આવી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

ગુજરાતમાં તાજેતરમાં જ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાઈ હતી. હવે અટકી પડેલી ગ્રામ પંચાયતોની ચૂંટણી માટેનો માર્ગ મોકળો થયો છે.તમામ જિલ્લા કલેકટરને સરપંચ સહિતના પદો માટે રોટેશન જાહેર કરવા સૂચના આપવામાં આવી છે. ઓબીસી અનામત અંગેના નિર્ણય બાદ નિર્ણય લેવામાં આવ્યો છે. કેટલાક જિલ્લાઓમાં રોટેશન જાહેર થયાં છે. આગામી સમયમાં ચૂંટણીપંચ ચૂંટણીની જાહેરાત કરી શકે છે.



ગુજરાતમાં પાલિકા અને પંચાયતોની ચૂંટણી બાદ ઓબીસી અનામત મુદ્દે અટકી પડેલી ગ્રામ પંચાયતોની સામાન્ય અને મધ્યસત્ર ચૂંટણીનો માર્ગ મોકળો થયો છે. રાજ્ય ચૂંટણી આયોગે અગાઉ તમામ જિલ્લા કલેક્ટરોને પત્ર લખી ચૂંટણી માટે એલર્ટ થઈ જવા સૂચના આપી હતી. અધિકારી સુત્રોના જણાવ્યા પ્રમાણે ૩૦ જૂન ૨૦૨૫ સુધી જે ગ્રામ પંચાયતોની મુદત પૂર્ણ થઈ રહી છે તેવી સાતેક હજાર ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાશે. ગુજરાતમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે રોટેશન પ્રક્રિયામાં ઓબીસી માટે અનામત ૧૦ ટકાથી વધારી ૨૭ ટકા કરવાની પ્રક્રિયા વિચારણા હેઠળ હતી. આ માટે રાજ્ય સરકારે ઝવેરી કમિશનની રચના કરીને વિધાનસભા ગૃહમાં કાયદો પસાર કર્યો હતો. આ કાયદાને લગતી પ્રક્રિયા પૂર્ણ નહીં થતા ગ્રામ પંચાયતોની ચૂંટણી લંબાઈ હતી. પરંતુ હવે તમામ જિલ્લા કલેક્ટરોને સરપંચ સહિતના પદો માટે રોટેશન જાહેર કરવા સૂચના આપવામાં આવી છે.

## અંબાજીના પ્રખ્યાત કઢી પાલક પકોડાના નાસ્તામાં માખી નીકળી

। (એજન્સી) અંબાજી, તા.૨૩ ।

બનાસકાંઠામાં આવેલા અંબાજી મંદિરમાં લોકો મા અંબાના દુર-દુરથી દર્શન કરવા માટે આવે છે અને મોટી સંખ્યામાં લોકોને સુવિધા પુરી પાડવા માટે અંબાજીમાં અનેક હોટલ અને રેસ્ટોરન્ટ છે. ત્યારે અંબાજીમાં આવેલી મનપસંદ હોટલ વધુ એક વખત ચર્ચામાં આવી છે. કારણ કે અંબાજીમાં આવેલી આ પ્રખ્યાત મનપસંદ હોટલમાં એક વ્યક્તિએ નાસ્તાનો ઓર્ડર કર્યો હતો અને આ નાસ્તાની ડિશમાંથી માખી નીકળી છે. અંબાજીના પ્રખ્યાત કઢી પાલક પકોડાના નાસ્તામાં માખી નીકળતા ખળભળાટ મચી ગયો છે અને માખી નીકળતા વ્યક્તિએ આરોગ્ય વિભાગ, ફૂડ એન્ડ ડ્રગ્સ અને મામલતદાર સહિત ગ્રાહક સુરક્ષામાં આ સમગ્ર મામલે ફરિયાદ કરી છે.

### પત્રકારો અને સામાન્ય જનતા સરળતાએ વધુ સારી માહિતી મેળવી શકશે

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે માહિતી ખાતાની નવા કલેવર સાથેની યુઝર ફ્રેન્ડલી વેબસાઈટ લોંચ






। (માહિતી) અમદાવાદ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે માહિતી ખાતાની નવા કલેવર સાથેની યુઝર ફ્રેન્ડલી વેબસાઈટ gujaratinformation.gujarat.gov.inનું ગાંધીનગરમાં લોંન્ચિંગ કર્યુ હતું. આ વેબસાઈટમાં પત્રકારો અને સામાન્ય જનતા સરળતાએ વિવિધ પ્રેસનોટ, પ્રકાશનોનો લાભ લઈ શકશે.

મુખ્યમંત્રીશ્રીએ લોંચ કરેલી માહિતી ખાતાની નવિનતમ વેબસાઈટને વધુ યુઝર ફ્રેન્ડલી અને મોબાઈલ ફ્રેન્ડલી બનાવવામાં આવી છે. જેમાં જૂની વેબસાઈટ કરતાં ઘણા વધારે ફિચર પણ એડ કરવામાં આવ્યા છે. જે યુઝરને વધારે ઉપયોગી બની રહેશે.

નવી વેબસાઈટમાં પ્રેસનોટને ટેક્સ્ટ ફોર્મેટ, વિડીયો, ફોટો સાથે મલ્ટીમીડિયા ફોર્મેટમાં અપલોડ કરવામાં આવશે. તેમજ પ્રેસનોટને જિલ્લા, વિભાગ અને તારીખ પ્રમાણે ફિલ્ટર કરીને જોઈ શકાશે અને તેને સોશિયલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મ પર સીધા શેર કરી શકાશે.

આ ઉપરાંત માહિતી ખાતા દ્વારા પ્રકાશિત થતા પ્રકાશનોને વાંચવાની, ડાઉનલોડ કરવાની તથા તેને કેટલા વપરાશકર્તાઓએ એક્સેસ કર્યું તે જાણવાની વ્યવસ્થા છે.

આ વેબસાઈટમાં ફોટો અને વીડિયો બેક્ક માટે આર્કાઈવ, તારીખ અને કાર્યક્રમ મુજબ શોધી શકાય તેવી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. તેમજ સર્ચ એન્જિન ઓપ્ટિમાઈઝેશન (SEO)ના ઉપયોગ દ્વારા ગુગલ સર્ચમાંથી આ વેબસાઈટ સરળતાથી એક્સેસ કરી શકાય તે માટે સુસજ્જ કરવામાં આવી છે. રાજ્યના પત્રકારોને વિવિધ પ્રમાણભૂત સગવડો અને લાભો સરળતાથી પ્રાપ્ત થાય, એ હેતુથી અક્રેડિટેશન કાર્ડ પોર્ટલ વિકસિત કરવામાં આવ્યું છે. જેને આ નવીનતમ વેબસાઈટ સાથે જોડવામાં આવ્યું છે.

આ ઉપરાંત વિવિધ કાર્યક્રમ પ્રસંગે પત્રકારોને પ્રવેશ પાસ આપાવમાં આવે છે. પત્રકારોને આવા પાસ માટે કચેરીએ આવવું ન પડે તથા સરળતાથી પાસ મળી રહે તે માટેના ગેઈટ પાસ પોર્ટલને વેબસાઈટ સાથે કનેક્ટ કરવામાં આવ્યું છે. આ પોર્ટલ પત્રકારોને વિવિધ કાર્યક્રમો માટે ઓનલાઈન નોંધણી કરવાની, પ્રવેશ પાસ માટે અરજી કરવાની અને તેની મંજૂરી પ્રાપ્ત કરવાની સુવિધા આપે છે.

આ અવસરે મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસ, મુખ્યમંત્રીશ્રીના સચિવ અને માહિતી પ્રસારણ સચિવ શ્રીમતિ અવંતિકા સિંઘ, માહિતી નિયામક શ્રી કે.એલ.બચાણી તથા અન્ય અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

ક્રિકેટ જગતમાં શોકની લહેર । ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં તેમના નામે ૧૦,૦૦૦થી વધુ રન છે : આ સિવાય તેમણે ૧૪૮ વિકેટ પણ લીધી છે

# ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ટેસ્ટ ઓપનર કીથ સ્ટેકપોલનું ૮૪ વર્ષની વયે અવસાન





। (એજન્સી) સીડની, તા.૨૩ ।

IPL ૨૦૨૫ વચ્ચે ક્રિકેટ જગત માટે એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ટેસ્ટ ઓપનર કીથ સ્ટેકપોલનું ૮૪ વર્ષની વયે અવસાન થયું. ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં તેમણે ૧૦,૦૦૦થી વધુ રન બનાવ્યા છે. આ સિવાય તેમના નામે ૧૪૮ વિકેટ લેવાનો રેકોર્ડ પણ છે. તેમણે ૧૯૬૬ થી ૧૯૭૪ વચ્ચે ૪૩ ટેસ્ટ મેચ રમી અને ૭ સદી ફટકારી. જાન્યુઆરી ૧૯૬૬માં ઈંગ્લેન્ડ સામે એડિલેડ ખાતે તેમણે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. તે મેચમાં આઠમા નંબર પર બેટિંગ કરતા તેમણે ૬૪ બોલમાં ૪૩ રન બનાવ્યા હતા અને બીજી ઈનિંગમાં પણ બે વિકેટ લીધી હતી. ઓસ્ટ્રેલિયાએ તે મેચ એક ઈનિંગ્સ અને નવ રનથી જીતી હતી. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ સોશિયલ મીડિયા પર કહ્યું, કીથ સ્ટેકપોલના નિધનથી અમે બધા દુખી છીએ. તે સાચો વિક્ટોરિયન અને ઓસ્ટ્રેલિયન હતો જેણે જુસ્સા, હિંમત અને સન્માન સાથે રમત રમી હતી.

૧૯૬૮ની એશિઝ શ્રેણી માટે તેની પસંદગી કરવામાં આવી ન હતી, પરંતુ ૧૯૭૨માં તેને વાઈસ-કેપ્ટન બનાવવામાં આવ્યો હતો. ઈયાન ચેપલ તે સમયે કેપ્ટન હતા અને તે શ્રેણીમાં કીથે ઓપનર તરીકે બેટિંગ કરતા સૌથી વધુ રન (૪૮૫) બનાવ્યા હતા. ચેપલે કહ્યું, તે મને ઘણી મદદ કરતો હતો, ક્યારેક ચૂપચાપ એવા કામ કરતો હતો જે એક કેપ્ટન તરીકે કરવું મુશ્કેલ હતું. એકવાર ૧૯૭૨માં ટ્રેન્ટબ્રિજ ટેસ્ટ દરમિયાન તેણે મને કહ્યું, ત્રીજો સ્લિપ ફિલ્ડર મૂકવો જોઈએ. મેં સૂચન સ્વીકાર્યું અને થોડા બોલ પછી ત્રીજી સ્લિપમાં કેચ થયો.

તેણે ૧૯૭૦-૭૧ની એશિઝ શ્રેણીની પ્રથમ ટેસ્ટમાં તેની કારકિર્દીની સવર્શ્રેષ્ઠ ફર્સ્ટ-ક્લાસ ઈનિંગ્સ રમી હતી. ૨૦૭ રન, જેમાં ૨૫ ચોગ્ગા અને ૧ છગ્ગાનો સમાવેશ થાય છે. તેણે સમગ્ર શ્રેણીમાં ૫૨.૨૫ની એવરેજ સાથે ૬૨૭ રન બનાવ્યા. જોકે ઓસ્ટ્રેલિયાએ તે શ્રેણી ૨-૦થી ગુમાવી હતી. તેમણે ૧૯૭૪માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી. તેમણે છેલ્લી ટેસ્ટ માર્ચ ૧૯૭૪માં ન્યૂઝીલેન્ડ સામે ઓકલેન્ડમાં રમી હતી, જેમા તે બંને ઈનિંગ્સમાં શૂન્ય પર આઉટ થયા હતા. તેમની ટેસ્ટ કારકિર્દી ૩૭.૪૨ ની સરેરાશથી ૨,૮૦૭ રન અને સાત સદી સાથે સમાપ્ત થઈ. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના અધ્યક્ષ માઈક બેયર્ડે કહ્યું, કીથે ક્રિકેટને ઘણું આપ્યું. એક ખેલાડી તરીકે, કોમેન્ટેટર તરીકે અને માર્ગદર્શક તરીકે તેમનું યોગદાન હંમેશા યાદ રાખવામાં આવશે. તેમના પરિવારમાં તેમની પત્ની અને બાળકો પીટર, ટોની અને એન્જેલા છે.

ન્યૂઝ બ્રિફ

## જવાબી કાર્યવાહીના ખૌફથી પાકિસ્તાનમાં હાઈ એલર્ટ

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૩ ।

જમ્મુ અને કાશ્મીરમાં હુમલા બાદ જે પ્રકારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ એક્શનમાં આવ્યા છે તે જોતા પાકિસ્તાનમાં હડકંપ મચ્યો છે. મંગળવારની રાત પાકિસ્તાની સરકાર અને સેના બરાબર સૂઈ શકી નહીં. એવા સમાચાર છે કે પાકિસ્તાની એરફોર્સ યુનિટોને બોર્ડર નજીક તૈનાત કરવામાં આવી રહ્યા છે. સમગ્ર પાકિસ્તાન હાઈ એલર્ટ પર છે. તેમને ભાજપની જવાબી કાર્યવાહીનો ડર સતાવી રહ્યો છે. પાકિસ્તાનથી જે પ્રકારે રિપોર્ટ્સ આવી રહ્યા છે તેનાથી સ્પષ્ટ છે કે ઓછામાં ઓછા ૨૬ નિર્દોષ લોકોના મોત બાદ પાડોશી દેશ ડરે છે કે ભારત આતંકીઓ વિરુદ્ધ સૈન્ય કાર્યવાહી કરી શકે છે. આ બધા વચ્ચે પાકિસ્તાનના રક્ષામંત્રી ખ્વાજા આસિફે પહેલીવાર આ હુમલા વિશે નિવેદન આપ્યું છે.

## આતંકી હુમલા બાદ મિની સ્વિટ્ઝરલેન્ડ થયું સુમસામ

। (એજન્સી) પહેલગામ, તા.૨૩ ।

પહેલગામમાં આતંકીઓએ પ્રવાસીઓ પર ફાયરિંગ કર્યું હતું અને આ ઘટનામાં ૨૭ લોકોના મોત થયા છે. સેનાની વર્ધીમાં આવેલા આતંકીઓએ પહેલગામની બૈસારન ઘાટીમાં પ્રવાસીઓને પહેલા તેમનો ધર્મ પૂછ્યો અને પછી ગોળી મારી હતી. ૨૭ મૃતકોમાં ૩ ગુજરાતીના પણ મોત થયા છે જ્યારે ૨ વિદેશી નાગરિક પણ સામેલ છે. આ આતંકી હુમલા બાદ ડરનો માહોલ છે અને પર્યટકો ખીણ છોડીને ઘરે પરત ફરવા લાગ્યા છે. જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા ઘાતક આતંકવાદી હુમલા બાદ, કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ પુષ્ટિ આપી હતી કે નાગરિક ઉડ્ડયન મંત્રાલયે તમામ એરલાઈન ઓપરેટરોને હવાઈ ભાડામાં વધારો ન કરવા કડક સૂચનાઓ જારી કરી છે.

## આતંકવાદીઓના આખા શરીર પર બોડી કેમેરા લગાવવામાં આવ્યા હતા

। (એજન્સી) પહેલગામ, તા.૨૩ ।

હવે પહલગામ આતંકી હુમલાને લઈને ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યું છે અને આ આતંકી હુમલાને લઈને મોટો ખુલાસો થયો છે, ૨૬ નિર્દોષ લોકોની ક્રૂરતાથી હત્યા કરનારા ચાર આતંકીઓની તસવીરો સામે આવી છે. મળતી માહિતી મુજબ, બે આતંકવાદીઓ પશ્તો ભાષામાં વાત કરી રહ્યા હતા. હુમલો કરનારા આ બે આતંકવાદીઓ પાકિસ્તાની હોવાનું કહેવાય છે, તેમની ઓળખ થઈ ગઈ છે. આમાંથી એક આતંકી આસિફ શેખ જૈશ-એ-મોહમ્મદનો આતંકી હોવાનું કહેવાય છે. ચારમાંથી ત્રણ આતંકીઓના નામ પણ સામે આવ્યા છે. તેઓના કોડ નેમ હતા, આસિફ ફૌજીનું નામ મુસા, સુલેમાન શાહનું નામ યુનુસ, અબુ તલ્હાનું કોડ નેમ આસિફ હતું, ત્રણેય આતંકવાદીઓના આ કોડ નેમ હતા.

ટ્રમ્પ-પુતિને પણ નિંદા કરી

# આતંકવાદીઓની કાયરતાપૂર્ણ હરકતને વિશ્વભરના દેશોએ વખોડી

### યુએસ રાષ્ટ્ર પ્રમુખ, રશિયન રાષ્ટ્ર પ્રમુખ પુતિન અને ઇટાલિયન વડા પ્રધાન જ્યોર્જિયા મેલોનીએ ભારત સાથે એકતા દર્શાવી છે



। (એજન્સી) જમ્મુ, તા.૨૩ ।

યુએસ રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, રશિયન રાષ્ટ્ર પ્રમુખ વ્લાદિમીર પુતિન અને ઈટાલિયન વડા પ્રધાન જ્યોર્જિયા મેલોનીએ ભારત સાથે એકતા દર્શાવી છે. જેમાં પહલગામ, જમ્મુ અને કાશ્મીરમાં થયેલા આતંકી હુમલાની નિંદા કરી હતી. યુએસ રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે, પહલગામ આતંકી હુમલાની નિંદા કરતા, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું છે કે કાશ્મીરમાંથી ઘણા ખલેલ પહોંચાડનારા સમાચાર આવ્યા છે. અમેરિકા આતંકવાદ સામે ભારત સાથે નિશ્ચિતપણે ઊભું છે. અમે હુમલામાં માર્યા ગયેલા લોકોની આત્માઓની શાંતિ માટે પ્રાર્થના કરીએ છીએ. અમેરિકાના ઉપ રાષ્ટ્રપતિ જેડી વાન્સ અને તેમના પત્ની ઉષા ચિલુકુરીએ પણ મંગળવારે પહલગામ આતંકી હુમલામાં માર્યા ગયેલા લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. ભારતની યાત્રા પર આવેલા વાન્સે એક્ટ પર એક પોસ્ટમાં કહ્યું કે, ઉષા અને હું ભારતમાં પહલગામમાં ખતરનાક આતંકી હુમલાથી પીડિત લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરીએ છીએ. તેમણે કહ્યું કે, છેલ્લા કેટલાક દિવસમાં અમે આ દેશ અને તેમના લોકોની સુંદરતાથી અભિભૂત છીએ. આ ભયાનક હુમલામાં અમારો વિચારો અને પ્રાર્થનાઓ તેમની સાથે છે. ઈટલીના વડાપ્રધાને પણ પહલગામ હુમલાની નિંદા કરતા ભારત સરકાર અને અહીંના લોકો સાથે એકજૂટતાની વાત કહી છે. મેલોનીએ પીડિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. તો વળી રશિયાના રાષ્ટ્ર પ્રમુખ વ્લાદિમીર પુતિને એક્સ પર એક પોસ્ટમાં કહ્યું કે, આ ક્રૂર અપરાધનું કોઈ ઔચિત્ય નથી. આશા કરીએ છીએ કે, હુમલાને અંજામ આપનારા અપરાધીઓને યોગ્ય સજા મળશે. તેમણે આગળ કહ્યું કે, તેઓ આતંકવાદ વિરુદ્ધ લડાઈમાં ભારતીયો સાથે પોતાની કટિબદ્ધતામાં ફરીથી ભાગીદાર માને છે. ઈઝરાઈલે કહ્યું હતું કે જમ્મુ -કાશ્મીરના પ્રવાસીઓ પરના આતંકવાદી હુમલા અંગે સાંભળ્યું તે ખૂબ જ દુખદ છે અને આતંકવાદ સામેની લડતમાં ભારત સાથે ઊભા છીએ. ઈઝરાઈલના વિદેશ પ્રધાન ગિડોન સારે એક્સ પર આ હુમલામાં માર્યા ગયેલા લોકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે જમ્મુ -કાશ્મીરના પહલગામમાં પ્રવાસીઓ પર આતંકવાદી હુમલો ખૂબ જ દુખદ છે. અમારી સંવેદના પીડિતો અને તેમના પરિવારો સાથે છે.

સુરક્ષામાં વધારો કરાયો

# પહેલગામ હુમલા પછી દિલ્હી-મુંબઈ અને યુપીમાં હાઈ એલર્ટ

### પહેલગામ હુમલા બાદ પોલીસ અધિકારીઓએ મુખ્ય પ્રવાસી કેન્દ્રો અને બોર્ડર ક્રોસિંગ પર સુરક્ષા વધારી દીધી




। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલામાં ૨૬ લોકોના મૃત્યુ થયા છે. આ ઘટના બાદ યુપી, દિલ્હી અને મુંબઈમાં હાઈ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. આ હુમલાને ૨૦૧૯ના પુલવામા હુમલા બાદ ઘાટીમાં સૌથી ઘાતક હુમલો ગણાવવામાં આવી રહ્યો છે. પોલીસ અધિકારીઓએ મુખ્ય પ્રવાસી કેન્દ્રો અને બોર્ડર ક્રોસિંગ પર સુરક્ષા વધારી દીધી છે. ઉત્તર પ્રદેશ પોલીસને ખાસ કરીને ધાર્મિક સ્થળો પર સતર્ક રહેવા માટે કહેવામાં આવ્યું છે. દિલ્હી પોલીસને ટુરિસ્ટ સ્પોટ અને અન્ય મહત્ત્વના સ્થળો પર કડક તકેદારી રાખવા માટે પણ સૂચના આપવામાં આવી છે. દિલ્હી પોલીસના સૂત્રોએ આ અંગે માહિતી આપી છે. બીજી તરફ મુંબઈમાં પણ સુરક્ષા વધારી દેવામાં આવી છે. જયપુર અને અમૃતસરમાં પણ પોલીસ એલર્ટ મોડ પર છે. ઉત્તર પ્રદેશના પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) પ્રશાંત કુમારે રાજ્યના તમામ પોલીસ કમિશનરો અને જિલ્લા મેજિસ્ટ્રેટને સતર્ક રહેવાના આદેશો જારી કર્યા છે. અયોધ્યા, કાશી અને મથુરા જેવા ધાર્મિક સ્થળો પર સુરક્ષા વધારી દેવામાં આવી છે. ડીજીપીએ તમામ જિલ્લામાં દેખરેખ વધારવા સૂચના આપી છે. ઘાતક આતંકવાદી હુમલાની નિંદા કરવા માટે વિવિધ સંગઠનોએ વિરોધ પ્રદર્શન કરવાનું નક્કી કર્યું અને પરિણામે જમ્મુમાં પણ સુરક્ષા વધારી દેવામાં આવી છે. પહેલગામ આતંકી હુમલામાં માર્યા ગયેલા લોકોમાં યુપી, મહારાષ્ટ્ર, બંગાળ, કર્ણાટક, બિહાર, મધ્યપ્રદેશ, હરિયાણાના લોકોનો સમાવેશ થાય છે. આ હુમલામાં આતંકવાદીઓએ તે લોકોને જ નિશાન બનાવ્યા જેઓ તેમના પરિવાર સાથે ફરવા ગયા હતા. તેઓએ લોકોને તેમના નામ પૂછ્યા પછી ગોળી મારી હતી. પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાને ધ્યાનમાં રાખીને દેહરાદૂનમાં પણ એલર્ટ જારી કરવામાં આવ્યું છે અને સમગ્ર જિલ્લામાં સઘન તપાસ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. પોલીસે અહીં જણાવ્યું કે ઉત્તરાખંડના પોલીસ મહાનિર્દેશકની સૂચના પર દહેરાદૂન જિલ્લામાં સઘન ચેકિંગ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે અને જિલ્લાની સરહદો અને આંતરિક માર્ગો સહિત તમામ મુખ્ય સ્થળોએ પોલીસ દ્વારા દરેક વાહન અને વ્યક્તિની તપાસ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત પોલીસ અધિક્ષક વિકાસનગર અને ઋષિકેશ દ્વારા પણ પોતપોતાના ક્ષેત્રમાં પોતે હાજર રહીને પોલીસ ચકાસણીની સમીક્ષા કરવામાં આવી રહી છે.

કેન્દ્ર સરકારનો નિર્દેશ

# શ્રીનગર ફ્લાઈટનાં ભાડાં ન વધારવા અને કેન્સલેશન ચાર્જ માફ કરવા નિર્દેશ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

કેન્દ્ર સરકારની સૂચનાથી નાગરિક ઉડ્ડયન વિભાગે DGCAએ એક અત્યંત સંવેદનશીલ પગલું લીધું છે. DGCAએ શ્રીનગર માટે ફ્લાઈટ્સનું ભાડું ન વધારવા તેમજ કેન્સલેશન ચાર્જ પણ માફ કરવા એરલાઈન્સને નિર્દેશ આપ્યા છે. અહેવાલ અનુસાર, પહેલગામમાં થયેલા ઈસ્લામિક આતંકવાદી હુમલા બાદ નાગરિક ઉડ્ડયન મંત્રાલયે તમામ એરલાઈન્સને કડક નિર્દેશ જારી કર્યા છે કે શ્રીનગર રૂટ પર ફ્લાઈટ્સના ભાડામાં કોઈ પણ પ્રકારનો વધારો ન થવો જોઈએ. દરમિયાન, એર ઈન્ડિયા અને ઈન્ડિગોએ જણાવ્યું છે કે બુધવારે શ્રીનગરથી દિલ્હી અને મુંબઈ માટે વધારાની ફ્લાઈટ્સ ચલાવવામાં આવશે. સાથે જ ટિકિટ રદ કરવા અને યાત્રાની તારીખ બદલવા પર પણ કોઈ શુલ્ક લેવામાં આવશે નહીં. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુએ તમામ એરલાઈન કંપનીઓ સાથે ઈમરજન્સી બેઠક યોજી અને શ્રીનગર રૂટ પર અચાનક ભાડું વધારવા સામે કડક એડવાઈઝરી જારી કરી છે. તેમણે એ પણ સુનિશ્ચિત કર્યું કે તમામ એરલાઈન્સ સામાન્ય ભાડું સ્તર જાળવી રાખવામાં આવે. કેન્દ્રીય મંત્રીએ એરલાઈન્સને નિર્દેશ આપ્યા છે કે તેઓ મૃતકોના પાર્થિવ શરીરને તેમના ગૃહ રાજ્ય સુધી પહોંચાડવામાં રાજ્ય સરકારો અને સ્થાનિક વહીવટ સાથે મળીને સંપૂર્ણ સહયોગ કરે. એર ઈન્ડિયાઃ શ્રીનગરથી દિલ્હી માટે સવારે ૧૧:૩૦ વાગ્યે અને મુંબઈ માટે બપોરે ૧૨:૦૦ વાગ્યે ફ્લાઈટ્સ ચલાવવામાં આવશે. એર ઈન્ડિયાએ ૩૦ એપ્રિલ સુધીની બુકિંગ્સ પર મફત કેન્સલેશન અને રીશેડ્યૂલિંગની સુવિધા આપી છે. ઈન્ડિગોઃ ૨૩ એપ્રિલે દિલ્હી અને મુંબઈથી શ્રીનગર માટે બે વિશેષ ફ્લાઈટ્સ ચલાવવામાં આવશે.

લલિત મનચંદા આર્થિક સંકટથી હતા પીડિત

# તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના એક્ટરે આત્મહત્યા કરી લીધી

### ૨૧ એપ્રિલના રોજ, અભિનેતાનો મૃતદેહ તેમના મેરઠ સ્થિત ઘરમાં ફાંસીથી લટકતો મળી આવ્યો હતો



। (એજન્સી) મુંબઈ, તા.૨૩ ।

ટેલિવિઝન જગતમાંથી એક દુઃખદ સમાચાર આવ્યા છે. અભિનેતા લલિત મનચંદાએ આત્મહત્યા કરી લીધી છે. ૨૧ એપ્રિલના રોજ, અભિનેતાનો મૃતદેહ તેમના મેરઠ સ્થિત ઘરમાં ફાંસીથી લટકતો મળી આવ્યો હતો. જોકે, આ સમય દરમિયાન તેની પાસેથી કોઈ સુસાઈડ નોટ મળી આવી નથી. આ અભિનેતા ‘તારક મેહતા કા ઉલ્ટા ચશ્મા’, ‘ક્રાઈમ પેટ્રોલ’, ‘યે રિશ્તા ક્યા કહેલાતા હે’, ‘ઈન્ડિયાઝ મોસ્ટ વોન્ટેડ’ જેવી સિરિયલો અને શોમાં જોવા મળ્યા હતા. લલિત મનચંદાના નિધનથી ટીવી ઈન્ડસ્ટ્રી અને તેમના ચાહકોને ખૂબ જ આઘાત લાગ્યો છે. સિને એન્ડ ટીવી આર્ટિસ્ટ એસોસિએશન એ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પોસ્ટ કરીને લલિતને શ્રદ્ધાંજલિ આપી છે. અભિનેતાનો ફોટો શેર કરતા એસોસિએશને લખ્યું, ‘CINTAA લલિત મનચંદા ના નિધન પર શોક વ્યક્ત કરે છે.’ પોલીસે ૩૬ વર્ષીય લલિત મનચંદાના મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. તપાસમાં જાણવા મળ્યું છે કે અભિનેતા માનસિક રીતે તણાવમાં હતા. એક અહેવાલ મુજબ, લલિત મુંબઈમાં આર્થિક તંગીનો સામનો કરી રહ્યા હતા. આવી સ્થિતિમાં, તે લગભગ છ મહિના પહેલા તેના પરિવાર સાથે મેરઠ પાછો ફર્યો હતો. પોલીસે લલિત મનચંદાના પરિવાર અને નજીકના મિત્રોની પૂછપરછ શરૂ કરી છે. પોલીસ આ મામલાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહી છે.

કડક કાર્યવાહીની માંગ કરી

# પહેલગામ હુમલા અંગે સદગુરુ અને શ્રી રવિશંકરનું નિવેદન



। (એજન્સી) જમ્મુ, તા.૨૩ ।

પહેલગામમાં આતંકવાદી હુમલામાં ૨૬ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ ઘટના બાદ સમગ્ર વિશ્વમાં ગુસ્સો જોવા મળી રહ્યો છે. વિશ્વના તમામ દેશોએ આ ઘટનાની નિંદા કરી છે. આધ્યાત્મિક ગુરુ સદગુરુ અને શ્રી શ્રી રવિશંકરે પણ આતંકવાદીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી છે. બંનેએ કહ્યું છે કે આતંકવાદીઓ વિરુદ્ધ કડક અને નિર્ણાયક કાર્યવાહી થવી જોઈએ. સદગુરુએ કહ્યું છે કે આતંકવાદનો ઉદ્દેશ્ય સમાજને ભયથી અપંગ કરવાનો છે. આની સાથે કડક કાર્યવાહી કરવાની જરૂર છે. પહેલગામ હુમલા પર આકરી પ્રતિક્રિયા આપતા સદગુરુએ કહ્યું હતું કે જો આપણે આ દેશની સાર્વભૌમત્વને જાળવવી હોય તો આ તત્વો સાથે કડકાઈથી કાર્યવાહી કરવી જોઈએ અને નિશ્ચય સાથે લાંબા ગાળાના પ્રયાસો કરવા જોઈએ. સોશિયલ મીડિયા સાઈટ ઠ પર પોતાની પોસ્ટમાં સદગુરુએ કહ્યું કે આતંકવાદનો ઉદ્દેશ્ય યુદ્ધ નથી પરંતુ સમાજને ભયથી અપંગ કરવાનો છે. તેનો ઉદ્દેશ્ય આતંક ફેલાવવાનો, સમાજમાં ભાગલા પાડવાનો, દેશના આર્થિક વિકાસને પાટા પરથી ઉતારવાનો અને દરેક સ્તરે અરાજકતા ફેલાવવાનો છે. જો આપણે આ દેશની સાર્વભૌમત્વ જાળવવી અને તેનું જતન કરવું હોય, તો આ તત્વો સાથે સખત અને મજબૂત લાંબા ગાળાના સંકલ્પ સાથે સામનો કરવો જોઈએ. આધ્યાત્મિક ગુરુ શ્રી શ્રી રવિશંકરે કહ્યું છે કે દુઃખ અને ગુસ્સાની આ ઘડીમાં આખી દુનિયાએ સાથે આવવું જોઈએ અને આતંકવાદીઓને તેમનું અસલી સ્થાન બતાવવું જોઈએ. દરેક સમજુ વ્યક્તિ આની નિંદા કરશે, પણ હવે માત્ર નિંદા કરવી પુરતી નથી; કાર્યવાહી પણ જરૂરી છે. બધાએ સાથે આવવું જોઈએ અને તે લોકોને ઘેરી લેવા જોઈએ જેઓ આ પ્રકારની આતંકવાદી માનસિકતામાં ઢંકાઈ ગયા છે. દુનિયામાં જ્યાં પણ આ પ્રકારની માનસિકતાને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે, તેને જડમૂળથી ઉખેડી નાખવું જોઈએ. આ અમાનવીય વર્તનને કારણે નિર્દોષ લોકો મરી રહ્યા છે, જે બંધ થવી જોઈએ. ઉલ્લેખનીય છે કે પહેલગામ પહોંચેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સ્પષ્ટ ચેતવણી આપી છે.

# ધર્મ પૂછીને ગોળી મારી કારણ કે, એમને લાગે છે કે મુસ્લીમોને દબાવવામાં આવી રહ્યા છે

### આપણા દેશમાં, આપણે જોઈએ છીએ કે આ સરકાર હિન્દુત્વ વિશે વાત કરે છે અને લઘુમતીઓ અસહજ અને પરેશાની અનુભવે છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાએ સમગ્ર દેશને સ્તબ્ધ કરી દીધો છે. આ હુમલાની શાસક અને વિપક્ષી પક્ષોના તમામ નેતાઓ દ્વારા આકરી ટીકા કરવામાં આવી છે. આ દરમિયાન, કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાડ્રા તરફથી આ મામલે એક નિવેદન આવ્યું છે. સમાચાર એજન્સી સાથે વાત કરતા રોબર્ટ વાડ્રાએ કહ્યું કે હું આ હુમલામાં જીવ ગુમાવનારા ૨૭ લોકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. તેમણે એક વિવાદાસ્પદ નિવેદન આપતા કહ્યું કે આ હુમલો દેશના વાતાવરણને કારણે થયો છે. ઉદ્યોગપતિ વાડ્રાએ કહ્યું, “મને ખૂબ જ ખરાબ લાગે છે અને આ આતંકવાદી કૃત્યમાં જીવ ગુમાવનારા લોકો પ્રત્યે મારી ઊંડી સંવેદના છે. આપણા દેશમાં, આપણે જોઈએ છીએ કે આ સરકાર હિન્દુત્વ વિશે વાત કરે છે અને લઘુમતીઓ અસહજ અને પરેશાની અનુભવે છે.” હુમલા પહેલા આતંકવાદીઓએ રેકી કરી હતી. તેઓએ હુમલા માટે રણનીતિ બનાવી અને પછી શસ્ત્રોની વ્યવસ્થા કરી. આ પછી તેણે હુમલો કર્યો. સુરક્ષા એજન્સીઓ હાલમાં હુમલા સાથે સંકળાયેલા દરેક ખૂણાની તપાસ કરી રહી છે. આ સાથે, સમગ્ર વિસ્તારમાં સુરક્ષા પણ વધારી દેવામાં આવી છે. હુમલામાં સામેલ આતંકવાદીઓની શોધખોળ ઝડપથી ચાલી રહી છે. પહેલગાંવ આતંકવાદી હુમલા પર પ્રતિક્રિયા આપતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું, “પીડિત લોકોને શક્ય તેટલી મદદ પૂરી પાડવામાં આવી રહી છે. આ જઘન્ય ગુના પાછળ જે કોઈ પણ હશે તેને ન્યાયના કઠેડામાં લાવવામાં આવશે. તેમને બક્ષવામાં આવશે નહીં.” પહેલગાંવ હુમલામાં અત્યાર સુધીમાં ૨૬ લોકોના મોત થયાના અહેવાલ છે. આમાં બે વિદેશી નાગરિકોનો પણ સમાવેશ થાય છે. હુમલા પછી, ખચ્ચરની મદદથી લોકોને નીચે લાવવામાં આવ્યા. તેમણે વધુમાં કહ્યું, “જો તમે આ આતંકવાદી કૃત્યનું વિશ્લેષણ કરો છો, તો જો તેઓ (આતંકવાદીઓ) લોકોની ઓળખ જોઈ રહ્યા છે તો તેઓ આવું કેમ કરી રહ્યા છે?

# તંત્રી લેખ...

## જમ્મુ-કાશ્મીરમાં હાલ ૫૬ જેટલા આતંકવાદી સક્રિય

મંગળવાર, ૨૨ એપ્રિલ ૨૦૨૫ ના રોજ કાશ્મીરમાં ભયંકર આતંકવાદી હુમલો થયો, જેના લીધે દેશ આખો થથરી ઊઠ્યો. પહેલગામમાં સહેલ કરી રહેલા પ્રવાસીઓને લક્ષ બનાવીને આતંકવાદીઓએ ગોળીબાર કર્યા હતા જેમાં ઓછામાં ઓછા ૨૮ નાગરિકો માર્યા ગયા છે. હુમલાખોરો પાકિસ્તાનથી જમ્મુ-કાશ્મીરમાં પ્રવેશ્યા હોવાનું કહેવાઈ રહ્યું છે. જમ્મુ-કાશ્મીરમાં હાલમાં ઓછામાં ઓછા ૫૬ વિદેશી આતંકવાદીઓ સક્રિય હોવાનો અંદાજ છે. એમાંના ૧૮ 'જૈશ-એ-મોહમ્મદ' (JeM)ના, ૩ હિઝબુલ મુજાહિદ્દીન (HM)ના અને ૩૫ 'લશ્કર-એ-તૈયબા' (LeT) ના હોવાનું કહેવાઈ રહ્યું છે. આ આંકડા સુરક્ષા દળો દ્વારા જાળવવામાં આવેલા રેકોર્ડમાં દર્શાવાયા છે. પહેલગામના હુમલાની જવાબદારી 'ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ' (TRF) નામના આતંકવાદી જૂથે સ્વીકારી છે, પરંતુ સુરક્ષા દળો અને નિષ્ણાતોએ એમનો દાવો એમ કહીને ફગાવી દીધો છે કે, હુમલા પાછળ અસલી હાથ લશ્કર-એ-તૈયબાનો છે અને લશ્કર-એ-તૈયબા પાકિસ્તાનની જાસૂસી સંસ્થા ISI નું પ્યાદું છે. ટૂંકમાં, આ હુમલાનું કાવતરું પાકિસ્તાને કર્યું છે. સુરક્ષા દળોનો રિપોર્ટ કહે છે કે, જમ્મુ-કાશ્મીરમાં ૧૭ સ્થાનિક આતંકવાદીઓ પણ છે. 'રાષ્ટ્રીય તપાસ એજન્સી' (NIA – ધ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી) આ મુદ્દે તપાસ હાથ ધરે તેવી શક્યતા છે. જમ્મુ-કાશ્મીરમાં ભૂતકાળમાં પણ પ્રવાસીઓ પર છૂટાછવાયા હુમલા થયા છે, પરંતુ તાજેતરમાં પહેલગામમાં જે થયું એ લેવલનો હુમલો અગાઉ ક્યારેય નથી થયો. ભૂતકાળમાં સ્થાનિક અને વિદેશી બંને આતંકવાદીઓએ મોટાભાગે અમરનાથ યાત્રાળુઓને નિશાન બનાવ્યા હતા, પરંતુ પહેલગામ હુમલામાં તેમણે અલગ વ્યૂહરચના અપનાવી છે. તેથી આ બાબત વિશેષપણે ચિંતાજનક છે. આ આતંકી હુમલાના પરિણામ ગંભીર આવવાના છે. માંડ બેઠો થયેલો કાશ્મીરનો પ્રવાસન ઉદ્યોગ ફરી ઠપ થઈ જશે. પ્રવાસીઓ કાશ્મીર આવતા ડરશે. તેમના બુકિંગ રદ કરશે. હોટલો ખાલી થઈ જશે. પાકિસ્તાન એ જ ઈચ્છે છે કે, કાશ્મીર ભારતથી અલગથલગ થઈ જાય અને રાજ્યમાં તેના આતંકવાદીઓની આણ વર્તાતી રહે.

## પ્રધાનમંત્રી મોદીની સાઉદી અરેબિયાની સત્તાવાર મુલાકાતનાં સમાપન પ્રસંગે સંયુક્ત નિવેદન

સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ અને સાઉદી અરેબિયાના પ્રધાનમંત્રી મહામહિમ રાજકુમાર મોહમ્મદ બિન સલમાન બિન અબ્દુલઅઝીઝ અલ સઉદના આમંત્રણ પર પ્રજાસત્તાક ભારતનાં માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ૨૨ એપ્રિલ, ૨૦૨૫નાં રોજ સાઉદી અરેબિયાની સત્તાવાર મુલાકાત લીધી હતી. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની સાઉદી અરેબિયાની આ ત્રીજી મુલાકાત હતી. સપ્ટેમ્બર ૨૦૨૩માં G-20 સમિટમાં હાજરી આપવા અને ભારત-સાઉદી અરેબિયા વ્યૂહાત્મક ભાગીદારી પરિષદની પ્રથમ બેઠકના સહ-અધ્યક્ષતા પદ માટે સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ અને પ્રધાનમંત્રી હિઝ રોયલ હાઈનેસ પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન બિન અબ્દુલઅઝીઝ અલ સઉદની ઐતિહાસિક રાજકીય મુલાકાત બાદ આ મુલાકાત થઈ રહી છે. ક્રાઉન પ્રિન્સ અને પ્રધાનમંત્રી મહામહિમ પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન બિન અબ્દુલઅઝીઝ અલ સઉદે, જેદ્દાહનાં અલ-સલામ પેલેસમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનું સ્વાગત કર્યું હતું. તેમણે સત્તાવાર વાટાઘાટો કરી હતી. જે દરમિયાન તેમણે પ્રજાસત્તાક ભારત અને સાઉદી અરેબિયાનાં સામ્રાજ્ય વચ્ચે ઐતિહાસિક રીતે ગાઢ મૈત્રીપૂર્ણ સંબંધોને યાદ કર્યા હતાં. ભારત અને સાઉદી અરેબિયા મજબૂત સંબંધો ધરાવે છે તથા વિશ્વાસ અને સદ્ભાવના દ્વારા લોકો વચ્ચે ગાઢ સંબંધો ધરાવે છે. બંને પક્ષોએ નોંધ્યું હતું કે, સંરક્ષણ, સુરક્ષા, ઊર્જા, વેપાર, રોકાણ, ટેકનોલોજી, કૃષિ, સંસ્કૃતિ, સ્વાસ્થ્ય, શિક્ષણ અને લોકો વચ્ચેનાં સંબંધો સહિત વિવિધ ક્ષેત્રોને આવરી લેતી વ્યૂહાત્મક ભાગીદારી મારફતે બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોનો મજબૂત પાયો વધારે મજબૂત થયો છે. બંને પક્ષોએ પારસ્પરિક હિતના વર્તમાન પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર પણ અભિપ્રાયોનું આદાનપ્રદાન કર્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ અને પ્રધાનમંત્રી, ૐઈૐ પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન બિન અબ્દુલઅઝીઝ અલ સઉદને વર્લ્ડ એક્સ્પો ૨૦૩૦ અને ફિફા વર્લ્ડ કપ ૨૦૩૪ માટે સાઉદી અરેબિયાની સફળ દાવેદારી બદલ અભિનંદન પાઠવ્યા. બંને નેતાઓએ ભારત અને સાઉદી અરેબિયા વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત બનાવવાના માર્ગો પર રચનાત્મક ચર્ચા કરી. બંને નેતાઓએ ભારત-સાઉદી અરેબિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ કાઉન્સિલ (SPC)ની બીજી બેઠકની સહ-અધ્યક્ષતા પણ કરી. બંને પક્ષોએ સપ્ટેમ્બર ૨૦૨૩માં તેની છેલ્લી બેઠક પછી વ્યૂહાત્મક ભાગીદારી પરિષદની પ્રગતિની સમીક્ષા કરી. બંને નેતાઓએ બે મંત્રી સમિતિઓના કાર્યના પરિણામો પર સંતોષ વ્યક્ત કર્યો, એટલે કે: (a) રાજકીય, સુરક્ષા, સામાજિક અને સાંસ્કૃતિક સહકાર સમિતિ અને તેની પેટા સમિતિઓ તેમજ (b) અર્થતંત્ર અને રોકાણ સમિતિ અને વિવિધ ક્ષેત્રોમાં તેના સંયુક્ત કાર્યકારી જૂથો. આ સંદર્ભમાં, કાઉન્સિલના સહ-અધ્યક્ષોએ વ્યૂહાત્મક ભાગીદારી પરિષદના વિસ્તરણને આવકાર્યું, જેમાં વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવા માટે સંરક્ષણ સહયોગ, પ્રવાસન અને સાંસ્કૃતિક સહયોગ પર મંત્રી સ્તરીય સમિતિઓ ઉમેરીને ચાર મંત્રી સ્તરીય સમિતિઓની રચના કરવામાં આવી. બંને નેતાઓએ વિવિધ મંત્રાલયો વચ્ચે મોટી સંખ્યામાં ઉચ્ચ-સ્તરીય મુલાકાતોની પ્રશંસા કરી, જેનાથી બંને પક્ષો વચ્ચે વિશ્વાસ અને પરસ્પર સમજણ ઉભી થઈ છે. બેઠકના અંતે, બંને નેતાઓએ ભારત-સાઉદી અરેબિયા વ્યૂહાત્મક ભાગીદારી પરિષદની બીજી બેઠકની મિનિટ્સ પર હસ્તાક્ષર કર્યા હતા. ભારતીય પક્ષે સાઉદી અરેબિયામાં રહેતા લગભગ ૨.૭ મિલિયન ભારતીય નાગરિકોના કલ્યાણ માટે સતત સમર્થન આપવા બદલ સાઉદી પક્ષની પ્રશંસા કરી હતી, જે બંને દેશો વચ્ચેના મજબૂત લોકો-થી-લોક સંબંધો અને અપાર સદ્ભાવનાને પ્રતિબિંબિત કરે છે. ભારતીય પક્ષે ૨૦૨૪માં હજ યાત્રાનું સફળતાપૂર્વક આયોજન કરવા બદલ સાઉદી અરેબિયાને અભિનંદન આપ્યા અને ભારતીય હજ અને ઉમરાહ યાત્રાળુઓને સુવિધા આપવા માટે બંને દેશો વચ્ચેના ઉત્તમ સંકલન બદલ પ્રશંસા વ્યક્ત કરી. બંને પક્ષોએ તાજેતરના વર્ષોમાં ભારત અને સાઉદી અરેબિયા વચ્ચે આર્થિક સંબંધો, વેપાર અને રોકાણ સંબંધોમાં વૃદ્ધિનું સ્વાગત કર્યું. ભારતીય પક્ષે વિઝન ૨૦૩૦ હેઠળના લક્ષ્યો પર થયેલી પ્રગતિ બદલ સાઉદી પક્ષને અભિનંદન આપ્યા.

**પુષ્ટિ માર્ગનાં સાધકો કે ભક્તો મૂળ જય શ્રીકૃષ્ણ અને શ્રી કૃષ્ણ શરણં મમ, કે ૐ નમો ભગવતે વાસુદેવાય! એટલે કે કૃષ્ણ કનૈયાની ભક્તિ કરનારા છે**

# "શ્રીકૃષ્ણ શરણં મમ" એ શ્લોકને વિશ્વમાં ગુંજતો કરનારાં મહાપ્રભુ વલ્લભાધિષની જય!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**વિશ્વને વૈષ્ણવતાનો દિવ્ય સંદેશ આપનાર મહાપ્રભુ વલ્લભાચાર્યનુ પ્રાક્ટય સં. ૧૫૩૫ ચૈત્ર વદી એકાદશીએ ગુરુવારે હાલના છત્તીસગઢ ચંપારણ્યમાં થયું હતું, આ જ દિવસે શ્રીજીબાવાનું મુખારવિંદ પ્રાક્ટય જતીપુરામાં વ્રજમાં ગિરિરાજ એટલે કે ગોવર્ધન પર્વત ઉપર વ્રજમાં થયું હતું, પ્રભુની કૃપા મેળવવાનો સરળ માર્ગ શ્રી વલ્લભે જગતને આપ્યો છે, આજે દેશભરમાં કરોડો વૈષ્ણવો પુષ્ટિ માર્ગમાં છે.**

આજે ચૈત્રી વદ એકાદશી એટલે કે વરુથીની એકાદશી અને આ દિવસે વલ્લભાચાર્ય મહાપ્રભુજીનો જન્મ થયો હોવાથી, તમામ પુષ્ટિ પંથના વૈશ્નવો માટે એક બહુ મોટાં ઉત્સવનો દિવસ છે, પરંતુ વલ્લભાચાર્ય મહાપ્રભુજી એ સ્થાપેલ આ પુષ્ટિ માર્ગ ક્યારે? અને શું કામ આટલો પ્રસારિત થયો? એમના જન્મની શું કથા છે! અને અન્ય સંપ્રદાયથી એ કંઈ રીતે જુદો પડે છે? એ વિશે આજે આપણે વાત કરીશું. સૌ પ્રથમ તો શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીનાં જન્મ વિશે જોઈએ. વિશ્વને વૈષ્ણવતાનો દિવ્ય સંદેશ આપનાર મહાપ્રભુ વલ્લભાચાર્યનુ પ્રાક્ટય સં. ૧૫૩૫ ચૈત્ર વદી એકાદશીએ ગુરુવારે હાલના છત્તીસગઢ ચંપારણ્યમાં થયું હતું. આ જ દિવસે શ્રીજીબાવાનું મુખારવિંદ પ્રાક્ટય જતીપુરામાં વ્રજમાં ગિરિરાજ એટલે કે ગોવર્ધન પર્વત ઉપર વ્રજમાં થયું હતું. પ્રભુની કૃપા મેળવવાનો સરળ માર્ગ શ્રી વલ્લભે જગતને આપ્યો છે. આજે દેશભરમાં કરોડો વૈષ્ણવો પુષ્ટિ માર્ગમાં છે, અને શ્રી કૃષ્ણ શરણં મમ એ મંત્ર ચારેબાજુ ગુંજે છે. પાંચ વર્ષની નાની વયે જ ચાર વેદ, ઉપનિષદ અને છ દર્શનનો અભ્યાસ કર્યો હતો. એમના જન્મ સાથે એક વાત જોડાયેલી છે. તેમનો જન્મ એક વિદ્વાન ભારદ્વાજ ગોત્રી તેલંગ બ્રાહ્મણ લક્ષ્મણ ભટ્ટ શ્રી ઈલ્લમ્માગારુજીને ત્યાં ચંપારણ્યમાં વિક્રમ સંવત ૧૫૩૫ માં ચૈત્ર વદ એકાદશીને દિવસે થયો હતો. અધૂરા માસે જન્મ થતાં બાળક મૃતવત્ જણાતાં માતા-પિતા આઘાત સાથે બાળકને ખીજડાના વૃક્ષની બખોલમાં મૂકીને હિંસક પશુઓથી બચાવવા વૃક્ષની ફરતે અગ્નિ પ્રગટાવી જતાં રહ્યાં હતા. તેમણે બનારસમાં રહીને વેદ, વેદાંત, દર્શન, સૂત્રો, ધર્મશાસ્ત્ર, પુરાણો અને ઈતિહાસનો ઊંડો અભ્યાસ કર્યો હતો. તેમણે સમગ્ર ભારતમાં પર્યટન કરીને પોતાના ધાર્મિક વિચારોનો પ્રચાર કર્યો. રામેશ્વરથી હરિદ્વાર અને દ્વારકાથી જગન્નાથપુરી સુધીના તીર્થોમાં તેમણે ત્રણવાર પદ યાત્રા કરીને તેમણે પુષ્ટિમાર્ગનો પ્રચાર કર્યો. યાત્રા દરમિયાન તેમણે શ્રીમદ્ ભાગવતની કથા અને પારાયણ કર્યા. આજે એ સ્થળો 'બેઠક' તરીકે ઓળખાય છે. પણ આપણને પ્રશ્ન થાય કે પુષ્ટિ માર્ગ કે સંપ્રદાય ની સ્થાપના શું કામ થઈ? તો ઈ. સ. પૂ. એક હજાર વર્ષ ઉપર જ્યારે વૈદિક યજ્ઞોમાં હિંસા સામે પ્રશ્નો ઊભો થયાં, ત્યારે વિષ્ણુનારાયણ તેમજ એમના વિવિધ અવતારોની અર્ચના - ઉપાસના - ષોડશોપચારપૂજાનો વૈષ્ણવમાર્ગ વિકસ્યો. પછી એની પરંપરામાં શ્રી રામાનુજાચાર્યનો 'શ્રીસંપ્રદાય' એટલે કે વેદાંત-સિદ્ધાંત કે જે વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત પર આધારિત સંપ્રદાય પણ શરૂ થયો. શ્રી વિષ્ણુસ્વામીનો 'ભક્તિસંપ્રદાય કે જે વેદાંત-સિદ્ધાંતથી પણ આગળ વધી માત્ર સિદ્ધી નહીં પણ 'શુદ્ધાદ્વૈત એટલે કે ભક્તની શુદ્ધિને મહત્વ આપતો સંપ્રદાય શરૂ થયો. શ્રી નિંબાર્કાચાર્યનો 'ભક્તિસંપ્રદાય તો વેદાંત-સિદ્ધાંતથી આગળ વધી દ્વૈતાદ્વૈત એટલે કે જે દ્વૈત છે એ જ અદ્વૈત છે,



સાકાર થી નિરાકાર તરફની ગતિ કરાવતો સંપ્રદાય. શ્રી મધ્વાચાર્યનો ભક્તિસંપ્રદાય' વેદાંત સિદ્ધાંત કે જે માત્ર સાકાર અને સગુણ બ્રહ્મની ઉપાસના પર એટલે કે હું અને તું એમ દ્વૈત' અને એ સમયમાં શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીનો પુષ્ટિસંપ્રદાયનો અગિયારમી સદીથી પંદરમી સદી સુધીમાં વિકાસ થયો. બીજા ભક્તિસંપ્રદાયો 'સાધનમાર્ગ' કિંવા 'મર્યાદામાર્ગ' છે, પણ આ બધાં સંપ્રદાય અર્ચા-ઉપાસના-પૂજાના માર્ગ છે, જ્યારે શ્રી વલ્લભાચાર્યજીનો માર્ગ, 'નિઃસાધન માર્ગ' છે, એમાં એવી કોઈ આકરી તપશ્ચર્યા કે નિયમો નથી, જે સંસારી નિભાવી ન શકે. જોકે તે પણ નવધા ભક્તિને અનુસરતી સાધના પ્રણાલીનું જ આહવાન કરે છે. પરંતુ અંતમાં ભક્ત પુષ્ટ થતો થતો થતો એટલે પૂર્ણ પુષ્ટ કે પોષણ મેળવી એવમ કૃપા પ્રાપ્ત કરતો કરતો ભગવાન સાથે એકાકાર થઈ જાય છે, એટલે ભગવત્ તત્વને પામી જાય છે. મહાપ્રભુ વલ્લભાચાર્યજી પર લખવું હતું તો જરા જોતી હતી, અને દ્વારકેશલાલજી નું પ્રવચન સાંભળ્યું. એમણે કહ્યું કે પરમાત્મા લૌકિક દુઃખ આપીને આપણો સંસાર પ્રત્યે અનાસક્તિ ભાવ જગાડે છે. ચિંતનનો જીવ અહીં પણ ચિંતન કર્યું, કે આનો અર્થ એમ થાય કે દુઃખથી ગભરાવું નહીં, બસ પરમાત્મા તરફથી આપણાં વૈરાગ્યની ભૂમિકા તૈયાર થાય છે, અને આપણે એની પર ચાલી એની સમિપે પહોંચવાનું છે. બીજું એમણે કહ્યું કે નિત્ય થતી પાઠ પૂજા એ ખેતર કે બાગ ફરતે કરાતી વાડ જેમ કાળથી આપણું રક્ષણ કરે છે, અને આપણને કળિયુગ એટલો સ્પર્શતો નથી! એમણે તો એ પુષ્ટિ માર્ગ માટે કહ્યું પણ ટૂંકમાં ઈશ્વર એક જ છે, એટલે ઈશ્વરના કોઈ પણ સ્વરૂપ માટે થતાં પાઠ પૂજા આપણું કાળથી રક્ષણ કરશે, અને કળિયુગથી દૂર રાખશે, તો જેટલું થાય એટલું હરિનામ સ્મરણ કે ભજન કરીએ. આમ તો અમારા ઘરે હિન્દુ શાંકર મત મુજબ પંચદેવની પૂજા છે, પણ શાલિગ્રામની જગ્યાએ બાલ કૃષ્ણનું લાલજી સ્વરૂપ છે, અને એને ઉઠાડવાથી શરું કરી સ્નાન શણગાર ભોજન કઢિયેલ દૂધ પીવડાવી પોઢાડવા સુધીની દૈનિક ભક્તિ થાય છે, એટલે તત્વતઃ શ્રીકૃષ્ણ પ્રેમાવતાર છે, અને એથી જીવ પુષ્ટ થાય છે એ સત્ય સમજાય છે. ભારતીય સંસ્કૃતિ ઋષિ પરંપરા ધરાવે છે, અને એને અનુસરે છે, એટલે અહીં ધર્મ અને આધ્યાત્મ એ બંને એટલી હદે જોડાયેલ છે કે, એને કારણે ઈશ્વર પ્રાપ્તિ કે મોક્ષ પ્રાપ્તિ માટે સંન્યાસ એ જ સર્વોત્તમ માર્ગ છે, એવી એક માન્યતા એ સમયના સમાજમાં પ્રચલિત હતી. આ ઉપરાંત ત્યારે એ સમયના સમાજમાં મુસલમાનોનાં નવાબનું સામ્રાજ્ય હતું, અને હિન્દુ ઓની સ્ત્રીઓનું એમની બેરહમીથી ડરીને ઘરની બહાર નીકળવાનું બંધ કરી હતું! ત્યાં ધર્મ માટે મંદિર કે અન્ય યજ્ઞ યાગ થઈ શકતાં નહોતાં! અને ત્યારે વલ્લભાચાર્ય મહાપ્રભુજી એ પુષ્ટિ માર્ગને પ્રચલિત કર્યો, જેમાં ઘરમાં જ ઠાકોરજીની પૂજા અર્ચના કરી, પુષ્ટિ એટલે કે ભગવાન પ્રત્યેના ભાવનું પોષણ મેળવવાનું હતું! એટલે કે સંન્યાસનાં અદ્વૈત સિધ્ધાંતની બદલે તું અને હું એમ દ્વૈતનું અનુસંધાન કરવાનું હતું! પોતે જે કક્ષાએ છે ત્યાંથી જ તેને ઈશ્વર તત્વને પોકારવામાં પણ સરળતા રહેતી. ઉપરથી પોતાની જેવી જ જૈવિક ક્રિયાઓ કરતાં કરતાં એને ભજી એને મેળવવા ના હોય! એટલે અન્ય સંપ્રદાયમાં ઈશ્વર તત્વ વિશેની સમજ સહજ બને, જ્યારે પુષ્ટિ માર્ગમાં ભક્તિ કરનારો જીવ કે બ્રહ્મ સંબંધી જીવ ઘણો પુષ્ટ થાય છે, અથવા તો ઈશ્વરને પણ પોતાના વિશે વિચારતા કરી કૃપા પ્રાપ્ત કરીને એ ભગવાનને મેળવી લે છે, એનું સાનિધ્ય મહેસુસ કરે છે. ટૂંકમાં નિરાકાર ને નિર્ગુણ બ્રહ્મની વ્યાપકતા તો દરેક સમજી ન શકે, અને બની શકે એમાં બ્રહ્મ નિર્ગુણ હોવાથી નિરસતા પણ આવે! પણ આ રીતે દ્વૈતનું અનુસંધાન કરીએ, તો ભક્તિ રસને કારણે સાકાર અને સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર જીવ ઝડપથી કરી શકે છે, એટલે કે ભગવાન હોવાની વાતની એને પ્રતિતિ થાય છે, અને એ ભાવથી પુષ્ટ બને છે. પુષ્ટિ માર્ગનાં સાધકો કે ભક્તો મૂળ જય શ્રીકૃષ્ણ અને શ્રી કૃષ્ણ શરણં મમ, કે ૐ નમો ભગવતે વાસુદેવાય! એટલે કે કૃષ્ણ કનૈયાની ભક્તિ કરનારા છે. પુષ્ટિ એટલે પ્રેમથી,સ્નેહથી,એકાગ્ર મનથી સતત ચિંતન કરતાં મનન કરતાં કરતાં ઈશ્વરને ભજવું,તેમની સેવા કરવી, આ પુષ્ટિ માર્ગનો ધર્મ અથવા પ્રેમ ભક્તિ કહેવાય છે.શ્રી મહાપ્રભુજીની આજ્ઞા મુજબ ઘરે રહીને શ્રી ગોકુલ નિવાસી શ્રીનાથજીની નિરંતર તન,મન,ધન અને હ્ર્દયની ભાવભરી લાગણીથી સેવા કરીને પ્રભુને રિઝવવાં. આવી પ્રેમ ભક્તિ દ્વારા જ ઈશ્વરની કૃપા આપણાપર ઉતરે છે,અને સંસારના દરેક બંધનોથી આપણને છોડાવે છે. પુષ્ટિ ધર્મનાં ઈષ્ટદેવ શ્રીનાથજી છે, અને એમની માટે શ્રીનાથજી જ સર્વેસર્વા છે! તેમની કૃપા વગર જીવન અસાધ્ય અને અપૂર્ણ રહે છે. જ્યારે મનુષ્યનાં હ્રદયમાં પુષ્ટિ ભાવ સિદ્ધ થઈ જાય છે, ત્યારે તે પરમ ભગવદીય વૈષ્ણવ બની જાય છે. જીવનમાં બીજાને સુખ આપવાનું ધ્યેયને જ પોતાનું સુખ માને છે, પરમાર્થમયી જીવન હોય છે. પુષ્ટિ ધર્મમાં પોતાનું સર્વ અર્પણ કરી દેવાની ભાવના મુખ્ય છે, અને તે જ સાચો પુષ્ટિ માર્ગી કહેવાય છે. તો આ છે દ્વૈતનું મહાત્મ્ય ગાતાં પુષ્ટિ સંપ્રદાયની કથા, તો બોલો શ્રીકૃષ્ણ શરણં મમ શ્લોકને વિશ્વમાં ગુંજતો કરનારા વલ્લભાધિષની જય!

**ભગવદ ગીતાનું જ્ઞાન પરમ શાંતિનો માર્ગ બતાવીને માનવ જીવનને સુખી બનાવે છે, મહાભારતનું યુદ્ધ પૌરાણિક સમયમાં થયું હતું**

# માયાનો અહંકાર ન કરો, શરીરનું અભિમાન ન કરો, તાપથી શરીર નિર્બળ થઈ જશે, શરીર ધૂળમાં ફેરવાઈ પણ જશે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**ભગવાનના શરણમાં જનારા જ આ સંસારની દુઃખદાયી ઘંટીમાંથી પીસાતા બચી જાય છે, કબીરજી એનું ઉદાહરણ આપતાં કહે છે કે જે દાણા ઘંટીમાં ખીલાની આજુ બાજુ વળગી રહે છે,તેઓ બચી જાય છે.પીસાતા નથી ને ભગવાન રૂપી ખીલાના શરણમાં જેઓ રહે છે, તેઓ સંસારની ભીંસમાંથી ઊગરી જાય છે, ભગવાનના શરણાગત થવું બહુ જ સહેલું છે.**

જમ્મુ કાશ્મીરના પહલગામમાં પર્યટકો પર અચાનક આતંકવાદી ઓએ જે આડેધડ ગોળીબાર કરીને અઠ્ઠાવીસથી વધુ પર્યટકોને મોતને ઘાટ ઉતાર્યા જેના પડઘા વિશ્વના દેશોમાં પડ્યા છે આ જઘન્ય કૃત્ય સામે ભારત સરકાર ગંભીર બની છે ત્યારે આવા નિર્દોષ લોકોના જીવ લેનારા આતંકવાદીઓને ધરતીના પેટાળમાંથી શોધી કાઢી જાહેરમાં સજા કરવી જોઈએ આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો આવા માણસના જીવનમાં સ્થિરતા હોતી નથી. અતિ શ્રીમંતોને તો જીવનની સલામતી પણ હોતી નથી.તેમનું સમગ્ર જીવન ભય અને ફફડાટમાં જ વીતતું હોય છે.કદાચ રૂપિયા થી તેઓ બાહ્ય સલામતી અને સુરક્ષાનું તંત્ર ગોઠવી શકે.પણ આંતરિક સુરક્ષા નું શું? ભગવાને એક એવું હોકા યંત્ર દરેક મનુષ્યના અંતરમાં મૂકેલું છેકે કુકર્મો કરનાર,પર પીડન કરનાર વ્યક્તિઓની આંતર- ચેતનાની સોય કદી સ્થિર થતી નથી.તે સતત ભોંકાયા જ કરે છે. બહારથી ગમે તેટલો સમૃદ્ધ અને શક્તિશાળી ગણાતો દુષ્ટ માણસ આંતરિક રીતે સાવ ખોખલો હોય છે.એને પોતાના અંતરનો જ ભય સતત ચૂભતો રહે છે.આંતરિક રીતે આવા મનુષ્યો ખૂબ દુઃખી અને વ્યગ્ર હોય છે. તેઓએ બહારથી ફક્ત સુખનું મહોરું પહેરેલું હોય છે. સામાન્ય માણસો ફક્ત એ મહોરાં ને જ જોતાં હોય છે, એટલે માની લે છે કે દુષ્કૃત્યો કરવા છતાં તેઓ કેવા સુખી છે ! પણ જેમની સત્ય દૃષ્ટિ છે,જેઓ પ્રભુ સાથે સંપર્કમાં છે,તેઓએ મહોરાંની ભીતર જોઈ શકે છેકે તેમાં કેવી વેદનાને વ્યગ્રતા ભરેલી પડી છે !અપાર ભૌતિક સાધનો કંઈ મનની શાંતિ આપી શકતાં નથી. અઢળક ધનથી કંઈ શાંતિ ખરીદી શકાતી નથી અને જ્યાં સુધી મનમાં શાંતિ ન હોય ત્યાં સુધી મહેલ જેવા બંગલામાં પણ આનંદ મળી શકતો નથી.નરસિંહ મહેતાને રાજાએ જેલમાં નાંખ્યા તો તેમને જેલમાં પણ શાંતિ હતી. કેમકે એમની સાથે કૃષ્ણ હતા જ્યારે રાજાને મહેલ માં પણ ચેન નહોતું પડતું કેમકે તે ભગવાનથી જોજનો દૂર હતો ભગવાનનીપાસે હોવું એ જ પરમ સુખ છે. શાંતિ છે.સમૃદ્ધિ છે. ભગવાનથી દૂરહોવું એ જ મોટા માં મોટું દુઃખ છે.ઘણી વખત એવું બને છે કે આપણને આપણી સમસ્યાઓનું સમાધાન મળતું નથી.આફતના સમયમાં આપણે ખૂબ ચિંતિત થઈ જઈએ છીએ. પછી ઘણી વખત આપણે વિચલિત થઈ જઈએ છીએ, ગુસ્સે થઈ જઈએ છીએ અને આવા સમયે ભગવદ ગીતા આપણી માર્ગદર્શક બની શકે છે. તે દરેક સમસ્યાનો પળવારમાં ઉકેલ આપે છે જો કોઈ વ્યક્તિ ભગવદ ગીતા ના ઉપદેશોને જીવનમાં અપનાવે તો તેનું જીવન બચી જાય છે. ભગવદ ગીતાનું જ્ઞાન પરમ શાંતિનો માર્ગ બતાવીને માનવ જીવનને સુખી બનાવે છે. મહાભારતનું યુદ્ધ પૌરાણિક સમયમાં થયું



હતું.તે સમયે,યુદ્ધ પહેલા, અર્જુને બંને સેનાઓમાં તેના સંબંધીઓ, શિક્ષકો,પૂર્વજો અને સંબંધીઓને જમીન પર શસ્ત્રો મૂકેલા જોઈને યુદ્ધ ન કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, ત્યારે ભગવાન શ્રી કૃષ્ણએ અઢારમા અધ્યાયના સાતસો શ્લોકોમાં અર્જુનને સંબોધિત કર્યું હતું.જે ઉપદેશ આપવામાંઆવ્યો હતો,જેને ગીતા ગ્રંથ કહેવામાં આવે છે,તેને બાવન સો વર્ષ પહેલાં શ્રી કૃષ્ણના મુખમાંથી વહેવાનો પવિત્ર અવસર મળ્યો હતો. તેને અમૃત ભરેલા ઘડા કરતાં પણ વધુ માન મળ્યું. જેમ આ જ્ઞાન ધર્મક્ષેત્ર કુરુક્ષેત્રમાં અર્જુનને ઉપયોગી હતું. એ જ રીતે વિશ્વ તે દરેક મનુષ્યના જીવન ના કુરુ ક્ષેત્રના સંઘર્ષના મેદાનમાં ઉપયોગી છે.ચાલોજાણી એ,સમજીએ અને ગીતાસારના મહત્વના મુદ્દાઓને આપણા જીવનમાં ઉતારીએ આત્મા અમર છે પરંતુ માનવ શરીર નશ્વર છે. શ્રી કૃષ્ણના મતે આ માનવ શરીર કપડાનો ટુકડો છે.એટલેકેમાણસો ની જેમ તેઓ પણ ઘરડા થાય ત્યારે કપડાં બદલી નાખે છે. એવી જ રીતે આત્મા દરેક જન્મ માં શરીર બદલે છે.એટલે કે માનવ શરીર એ આત્માનું કામચલાઉ વસ્ત્ર છે જે દરેક જન્મમાં બદલાય છે. તેનો અર્થ એ છે કે આપણે વ્યક્તિ સાથે ઓળખાણ કરવી જોઈએ, તેના આત્મા સાથે નહીં. જે લોકો માનવ શરીર પ્રત્યે આકર્ષાય છે અથવા તેને સાચા માને છે.અથવા મનુષ્ય માત્ર શરીરને જ સત્ય માને છે. આવા લોકો માટે ગીતાનો આ ઉપદેશ એક મોટો બોધપાઠ આપવા જઈ રહ્યો છે. આ આપણને શીખવે છે કે તે અસ્થાયી શરીરનો સંતોષ નથી પરંતુ આત્માની કાયમીમુક્તિ ની પ્રાપ્તિ છે. કુરુક્ષેત્રના મેદાનોમાં, શ્રી કૃષ્ણ અર્જુનને કહે છેકે જન્મ અને મૃત્યુએ જીવનનું ચક્ર છે.જે જાણવું ખૂબ જ જરૂરી છે.કારણ કે માનવ જીવનનું એક માત્ર સત્ય મૃત્યુ છે. મતલબ કે આ દુનિયામાં જેણે જન્મ લીધો છે તેણે એક યા બીજા દિવસે આ દુનિયા છોડી દેવી પડશે.આ જગતનું અપરિવ ર્તનશીલ સત્ય છે.તેમ છતાં,એ વાતને નકારી શકાય નહીં કે માણસ મૃત્યુથી ડરતો હોય છે, એટલે કે, માણસ તેના જીવનના અપરિવર્તનશીલ સત્યથી ડરે છે. તે વ્યક્તિના વર્તમાનસુખને બગાડે છે. તેથી જ કોઈને મૃત્યુનો ભય ન હોવો જોઈએ. જ્યારે બુદ્ધિ કામ કરતી નથી ત્યારે તેનો નાશ થાય છે.વ્યક્તિનો નાશ થાય છે. તેથી ક્રોધ પર નિયંત્રણ રાખવું જોઈએ.કારણ કે ગુસ્સો જ મૂંઝવણ પેદા કરે છે.ગુસ્સામાં લીધેલાં પગલાંથી નુકસાન જ થાય છે. જો ગુસ્સા પર કાબુ ન હોય તો વ્યક્તિ ખોટા કામો કરે છે.સાથે જ મગજ પણ કામ કરવાનું બંધ કરી દે છે કે શું સાચું અને ખોટું શું છે.એટલા માટે ક્રોધની સ્થિતિમાં લીધેલા નિર્ણયો થી માણસ પોતાના દુર્ગુણોને છોડી શકતો નથી જેઓ દુર્ગુણો માં વ્યસ્ત છે તેમને દૂર કરવા યોગ્ય નથી. કારણ કે જો લોકો તેમને જ્ઞાની બનાવવાના લોભમાં પડી જશે તો તેઓ બંને બાજુથી ભટકી જશે. માણસ શરૂઆત વિના કંઈ કરી શકતો નથી. નિઃસ્વાર્થતા એટલે કે યોગ નિષ્ઠા પ્રાપ્ત થાય છે,ન તો ઓછા લોકો સિદ્ધિ એટલેકેસાંખ્ય ભક્તિ માત્ર ત્યાગથી જ પ્રાપ્ત કરે છે.જે વ્યક્તિ કામ છોડવા માંગે છે તે પણ કામ છોડી દે છે.મન તેમાં લીન રહે છે.વ્યક્તિ પોતાના સ્વ ભાવ પ્રમાણે પૈસા કમાય છે. ભગવાનના શરણમાં જનારા જ આ સંસારની દુઃખદાયી ઘંટીમાંથી પીસાતા બચી જાય છે. કબીરજી એનું ઉદાહરણ આપતાં કહે છે કે જે દાણા ઘંટીમાં ખીલાની આજુ બાજુ વળગી રહે છે,તેઓ બચી જાય છે.પીસાતા નથી ને ભગવાન રૂપી ખીલાના શરણમાં જેઓ રહે છે,તેઓ સંસારની ભીંસમાંથી ઊગરી જાય છે.ભગવાનના શરણાગત થવું બહુ જ સહેલું છે. સૌ કોઈ,કોઈપણ જાતની વિશિષ્ટ ગુણવત્તા ધરાવ્યા વગર આ માર્ગ ગ્રહણ કરી શકે છે.શ્રી કૃષ્ણે અર્જુનને જ્ઞાન,કર્મ,યોગ સંન્યાસ, ભક્તિ,ત્રિગુણાત્મિકા પ્રકૃતિ આ બધું સમજાવ્યું. પણ પછી એક જ શ્લોકમાં તેમણે કહ્યું,''તું બધા ધર્મો છોડીને એક માત્ર મારાશરણે આવ હું તને બધા જ પાપોમાંથી મુક્ત કરી દઈશ. તું વિચાર ન કર. ફક્ત અર્જુનને જ નહીં,પણ દરેક મનુષ્યને ભગવાને આ શ્લોકદ્વારા શરણા ગતિનો અત્યંત સરળમાં સરળ માર્ગ બતાવી દીધો છે.અને અભય વરદાન આપ્યું છેકે''એક માત્ર મારા શરણમાં આવનારને માટે હું મારા દ્વારો ખોલી નાંખીશ. એના પાપોને ધોઈ નાંખીશ'. આટલો સલામત, સરળને પ્રભુએ ખાતરી આપેલો ચોક્કસ માર્ગ તો બીજો એકેય નથી.શરણાગતિનો માર્ગ એ જ સમર્પણનો માર્ગ છે. આમાં તો પ્રભુના હાથમાં પોતાનું સમગ્ર અસ્તિત્વ મૂકી દેવાની વાત છે. પછી પ્રભુ જે રીતે રાખે તેમ રહે વાની વાત છે. વાચક ચાહક મિત્રો સૌને જય શ્રી રામ જય માતાજી સુપ્રભાત પરમ કૃપાળુ પરમાત્મા જમ્મુ કાશ્મીરના પહલગામમાં આતંકવાદીઓના હુમલામાં માર્યા ગયેલા પર્યટકોના પરિવારજનોને સ્વજન ગુમાવ્યાનું દુઃખ સહન કરવાની શક્તિ અને દિવંગત આત્માઓને ચિર શાંતિ આપે તેવી પ્રાર્થના સહ શ્રદ્ધા સુમન અર્પણ કરું છું.અસ્તુ.

### રેસ મેનિયા ૪૧ લાસ વેગાસ ખાતે યોજાઈ હતી

# WWE રેસલ મેનિયામાં ફીચર થનારો પહેલો ભારતીય બન્યો રાણા દગ્ગુબાતી


આ વીકેન્ડ ઉઉઈ રેસલ મેનિયાના રસિકો અને ફેન્સ માટે અલગ બની રહ્યો. રેસલ મેનિયા ૪૧ WWEના ફેન્સ માટે સૌથી મહત્વની અને લોકપ્રિય ઈવેન્ટ હોય છે, જે વર્ષમાં એક વખત જ યોજાય છે. આ શોમાં ઘણી એવી રસપ્રદ ક્ષણો હતી, જેમાં ફેન્સને ખુબ મજા આવી હતી. આ શોની સૌથી રસપ્રદ વાત હતી 'રાણા નાઈડુ' ફેમ રાણા દગ્ગુબાતી. WWE રેસલ મેનિયાને આગળની હરોળમાં બેસીને આમંત્રિત થયો હોય એવો એ પહેલો ભારતીય છે. રાણા પહેલાંથી જ ઉઉઈનો ફેન રહ્યો છે. મહત્વની વાત એ છે કે તેની હાજરીની ખાસ નોંધ લેવાઈ અને તેના નામની જાહેરાત પણ કરવામાં આવી હતી, આ ઘટના લાઈવ સ્ટ્રિમીંગમાં પણ દેખાઈ, જેને દુનિયાભરના WWEના ફેન્સ દ્વારા માણવામાં આવી હતી. WWEનો આ ફેન બિલકુલ સેન્ટરમાં ળન્ટ રોમાં બેઠેલો દેખાતો હતો, સાથે જ મુંબઈમાં WWE વોટ પાર્ટીનું પણ આયોજન થયું હતું,



જેમાં મુંબઈના ફેન્સ માટે નેટફ્લિક્સ પર રેસલ મેનિયા વોચપાર્ટીનું પણ આયોજન થયું હતું.રેસ મેનિયા ૪૧ લાસ વેગાસ ખાતે યોજાઈ હતી, જે માત્ર રીંગની અંદર રમાતી મૅચ જ નહોતી, પરંતુ તેમાં આ રમતનો વિશ્વના લોકોને એકબીજા સાથે જોડતો જુસ્સો અને પ્રેમ, ફેન્સ માટે ઉજવણી સમાન હતું. તેમાં પણ ખાસ કરીને રાણા દ્વારા ભારતનું પ્રતિનિધિત્વ કરવાની બાબતને સમગ્ર દુનિયામાંથી ખુબ પ્રેમ મળ્યો અને આ ઘટના સૌથી વધુ જોવાઈ હતી. આ મૅચ દુનિયાની સૌથી વધુ જોવાયેલી મૅચ બની રહી હતી. લાસ વેગાસથી પોતાના ફેન્સ સાથે વાત કરતા રાણાએ કહ્યું હતું, "રેસમેનિયા ૪૧માં ભાગ લેવો એ એક અવર્ણનીય બાબત છે. WWE એ મારા બાળપણથી જીવનનો એક ભાગ રહ્યું છે. ત્યારે હવે વૈશ્વિક સ્તર પર ભારતનું પ્રતિનિધિત્વ કરવું અને WWE સાથે રાણા નાઈડુ પણ નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થાય છે, તે જાણે કે એક ચક્ર પૂરું થયું હોય એવું લાગે છે."

# અમિતાભ બચ્ચન-દીપિકા પાદૂકોણની 'પીકુ' ફિલ્મની રી-રિલીઝની જાહેરાત


દીપિકા પાદુકોણે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને કહ્યું છે કે તેની ૨૦૧૫ની ફિલ્મ 'પીકુ' ફરી થિએટરમાં રિલીઝ થવાની છે. શનિવારે તેણે પોતાને ઈન્સ્ટાગ્રામ પર આ અંગે એક પોસ્ટ કરી હતી. તેણે એક વીડિયો શેર કર્યો હતો, અમિતાભ બચ્ચન સાથેના આ વીડિયોમાં તેણે ફિલ્મના કેટલાક સીનનો વીડિયો શેર કર્યો હતો. આ વીડિયોમાં અમિતાભ બચ્ચને કહ્યું હતું, "નોમોશ્કાર. પીકુ, યાદ છે? પીકુ, ભાસ્કર દા, એ લોકો એક રોડ ટ્રીપ પર ગયા હતા. નથી યાદ? આ જુઓ. એ એક બહુ સરસ ટ્રીપ હતી. બિલકુલ કલ્પના કરી ન હોય એવી કે માનવામાં ન આવે એવી."આગળ તેમણે કહ્યું, "તેમાં લાગણીઓ હતી, હાસ્ય હતું




અને ચિંતા પણ હતી. પીકુ ફરી તમારા નજીકના થિએટરમાં રિલીઝ થઈ રહી છે. જોવા જજો, જશો ને?" પીકુ ૨૦૧૫માં આવેલી એક કોમેડી ડ્રામા ફિલ્મ હતી, જેમાં અમિતાભ બચ્ચન અને દીપિકા પાદૂકોણ પિતા-પુત્રીના રોલમાં હતાં આ ફિલ્મ ૯ મેએ તેની દસમી એનિવર્સરીએ ફરી રિલીઝ થઈ રહી છે.આ વીડિયો શેર કરતાં દીપિકાએ લખ્યું, "એક એવી ફિલ્મ, જે હંમેશા મારા દિલથી નજીક રહી છે, પીકુ દસમી એનિવર્સરી ઉજવવા ૯ મેએ ફરી થિએટરમાં આવી રહી છે. ઈરફાન, અમે તમને બહુ યાદ કરીશું અને વારંવાર તમારા વિશે વિચાર્યા કરીએ છીએ."પીકુ ૨૦૧૫માં આવેલી એક કોમેડી ડ્રામા ફિલ્મ હતી, જેમાં અમિતાભ બચ્ચન અને દીપિકા પાદૂકોણ પિતા-પુત્રીના રોલમાં હતાં.

# યશરાજ ફિલ્મ્સની 'સૈયારા'થી અનન્યાના ભાઈ અહાનનું ડેબ્યુ

યશરાજ ફિલ્મ્સે વધુ એક નવા ચહેરાને લોન્ચ કરવાનો નિર્ણય લીધો છે. 'આશિકી ૨' બનાવનારા મોહિત સૂરી એક રોમેન્ટિક ફિલ્મ બનાવવામાં છે, જેમાં અનન્યા પાંડેનો ભાઈ અહાન ડેબ્યુ કરવાનો છે. આ ફિલ્મ 'સૈયારા'ને આ વર્ષે જુલાઈ મહિનામાં રિલીઝ કરવાની જાહેરાત થઈ છે. સ્ટાર કિડ હોવા છતાં અનન્યા પાંડેને સફળતા માટે વર્ષો સુધી મહેનત કરવી પડી છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં અનન્યાએ પગ જમાવ્યા પછી હવે તેનો ભાઈ અહાન પણ ધમાકેદાર એન્ટ્રી કરવા જઈ રહ્યો છે. ચંકી પાંડેના ભત્રીજા અહાનના ડેબ્યુ અંગે લાંબા સમયથી ચર્ચા ચાલી રહી હતી. આખરે આ અંગે ઓફિશિયલ એનાઉન્સમેન્ટ થયું છે. ફિલ્મની એનાઉન્સમેન્ટની સાથે યશરાજ ફિલ્મ્સે રિલીઝ ડેટ પણ નક્કી કરી લીધી છે. અહાન પાંડેની આગામી ફિલ્મનું નામ 'સૈયારા' છે. યશરાજ ફિલ્મ્સે ડાયરેક્શનની જવાબદારી મોહિત સૂરીને સોંપી છે. ૨૨ એપ્રિલે એક પોસ્ટ દ્વારા મેકર્સે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં અહાન પાંડેને લાવવાની જાહેરાત કરી હતી. અહાનની આ ડેબ્યુ ફિલ્મમાં અનીત પડ્ડા લીડ રોલમાં જોવા મળશે. વેબ સિરીઝ 'બિગ ગર્લ્સ ડોન્ટ ક્રાય'થી જાણીતી બનેલી અનીત અને



અહાનની ઈન્ટેન્સ લવ સ્ટોરી આ ફિલ્મમાં જોવા મળશે. ૧૮ જુલાઈએ આ ફિલ્મને રિલીઝ કરવામાં આવશે. બોલિવૂડમાં સ્ટાર કિડ્સનું આગમન નવી વાત નથી. નવી પેઢીના સ્ટારકિડ્સમાં ઝુનૈદ ખાન, ખુશી કપૂર, ઈબ્રાહિમ અલી ખાન, સુહાના ખાન, અગત્સ્ય નંદાએ તાજેતરમાં ડેબ્યુ કર્યુ છે. તેમની એક્ટિંગને ઓડિયન્સે ખાસ બિરદાવી નથી. જો કે અનન્યાએ પણ શરૂઆતના વર્ષોમાં ટીકાનો સામનો કર્યો હતો. અનન્યાને એક્ટિંગ નહીં આવડતી હોવાનું ઘણા લોકો કહેતા હતા, પરંતુ 'કેસરી ૨' સાથે અનન્યાએ ટીકાકારોની બોલતી બંધ કરી દીધી છે.

# અલ્લુ અર્જુનની ફિલ્મમાં શ્રદ્ધા, જાહ્નવી અને દિશાની એન્ટ્રીની ચર્ચા



અલ્લુ અર્જુનની ફિલ્મ સર્જક એટલી સાથેની મેગા બજેટ ફિલ્મમાં બોલીવૂડમાંથી દિશા પટાણી, જાહ્નવી કપૂર અને શ્રદ્ધા કપૂર એમ ત્રણ ત્રણ હિરોઈનની પસંદગી થાય તેવી શક્યતા ચર્ચાઈ રહી છે. ૮૦૦ કરોડનું બજેટ ધરાવતી આ ફિલ્મમાં ત્રણ હિરોઈનનો રોલ છે. આ ઉપરાંત ફિલ્મમાં સામંથા રુથ પ્રભુની પણ મહતવની ભૂમિકા હશે. આ ઉપરાંત ફિલ્મમાં એક મોટા બોલીવૂડ એક્ટરને પણ કાસ્ટ કરાય તેવી ચર્ચા છે. શ્રદ્ધા, જાહ્નવી અને દિશા પટાણી ત્રણેય સાઉથની ફિલ્મોમાં કામ કરી ચૂક્યાં છે. શ્રદ્ધા 'સાહો' ફિલ્મમાં પ્રભાસની હિરોઈન હતી. દિશા પટાણી 'કલ્કિ ૨૮૯૮ એડી'માં કામ કરી ચૂકી છે જ્યારે જાહ્નવી કપૂર રામચરણની ફિલ્મ 'દેવરા' સાથે તેલુગુમાં ડેબ્યૂ કરી ચૂકી છે.

### ૧૮ એપ્રિલથી મુંબઈમાં આ ફિલ્મનું શૂટિંગ શરૂ થશે


# 'નાટુ નાટુ ફેમ ઓસ્કાર વિજેતા કીરાવાની પર શોષણનો આરોપ

### ચંદ્રબોઝ વિશે, પ્રવાસીએ આરોપ લગાવ્યો કે તે પણ પોતાના ગીતોથી સ્પર્ધકોની તરફેણ કરે છે જ્યારે અન્યને દૂર કરે છે

'પદુથા થેગા' જેવા રિયાલિટી શો માટે પ્રખ્યાત ગાયિકા પ્રવાસી આરાધ્યાએ ઓસ્કાર વિજેતા સંગીતકાર એમએમ કીરવાની, ગીતકાર ચંદ્રબોઝ અને ગાયિકા સુનિતા સહિત સંગીત ઉદ્યોગની અગ્રણી હસ્તીઓ પર ગંભીર આરોપો લગાવ્યા છે. સોશિયલ મીડિયા પર શેર કરાયેલા એક વીડિયોમાં, પ્રવાસીએ શોના ત્રણ ન્યાયાધીશો પર અપમાનજનક ટિપ્પણીઓ અને પક્ષપાત દ્વારા ઉત્પીડનનો આરોપ લગાવ્યો.




તેમણે દાવો કર્યો હતો કે એમએમ કીરવાની તેમને કીરવાનીના ગીતો ગાય તો જ ઉચ્ચ ગુણ આપતા. પ્રવસ્તીએ વધુમાં આરોપ લગાવ્યો કે જ્યારે તેણે લગ્નોમાં પર્ફોર્મ કરવાનું કહ્યું, ત્યારે કીરાવાનીએ જવાબ આપ્યો કે તે આવા ગાયકોને માત્ર નાપસંદ જ નથી કરતો પણ તેમને નફરત પણ કરે છે.ચંદ્રબોઝ વિશે, પ્રવાસીએ આરોપ લગાવ્યો કે તે પણ પોતાના ગીતોથી સ્પર્ધકોની તરફેણ કરે છે જ્યારે અન્યને દૂર કરે છે. કીરવાની અને ચંદ્રબોઝ સામેના તેમના આરોપો પક્ષપાત વિશે વધુ હતા. તેમણે ગાયિકા સુનિતા પર અપમાનજનક ટિપ્પણીઓ કરીને માનસિક રીતે હેરાન કરવાનો આરોપ લગાવ્યો. પ્રવાસીએ એવો પણ દાવો કર્યો હતો કે શોની પ્રોડક્શન ટીમ ઘણીવાર તેના પર એવા કપડાં પહેરવાનું દબાણ કરતી હતી જેનાથી તેનું પેટ ખુલ્લું રહે. આ પછી તે ખૂબ જ અસ્વસ્થતા અનુભવતી હતી. એમએમ કીરવાનીને એમએમ ક્રીમ તરીકે પણ ઓળખવામાં આવે છે.



આ પહેલા તેમણે ૨૦૦૨માં 'ઓમ જય જગદીશ' ફિલ્મ બનાવી હતી

# અનુપમની ફિલ્મમાં સોનુ નિગમ, શાનના ગીતો સાંભળવા મળશે

અનુપમ ખેર ફરી એક ફિલ્મ બનાવી રહ્યા છે, 'તન્વી ધ ગ્રેટ'. આ ફિલ્મ પહેલાંથી જ ચર્ચામાં હતી, હવે આ ફિલ્મ અંગેનો ઉત્સાહમાં વધારો થયો છે, કારણ કે અનુપમ ખેરે તાજેતરમાં જ તેના સંગીત અને આ ફિલ્મમાં પોતાના અવાજ આપનારા ગાયકો વિશે જાહેરાત કરી છે. બોલિવૂડના દિગ્ગજ ગાયકો આ ફિલ્મમાં ગીતો ગાવાના છે. અનુપમ ખેરની 'તન્વી ધ ગ્રેટ' ડિરેક્ટર તરીકે બીજી ફિલ્મ છે. આ પહેલા તેમણે ૨૦૦૨માં 'ઓમ જય જગદીશ' ફિલ્મ બનાવી હતી. હવે તેની આ ફિલ્મમાં ઓસ્કાર વિજેતા સંગીતકાર એમ એમ કિરવાણી સંગીત આપી રહ્યા છે. ત્યારે અનુપમ ખેરે જાહેરાત કરી છે કે શાન, સોનુ નિગમ, વિશાલ મિશ્રા, રાજ પંડિત, રામ્યા બેહરા, નયના નાયર જેવા ગાયકો હવે તેમની સાથે જોડાયાં છે. આ સાથે શગુન સોઢી અને ગોમતિ ઐયર પણ ગાયક તરીકે આ ફિલ્મમાં ડેબ્યુ કરશે. અનુપમ ખેરે પોતાના ઈન્સ્ટાગ્રામ પર કરેલી જાહેરાતમાં એવું પણ લખ્યું હતું કે આ ફિલ્મમાં એક ઈંગ્લિશ ગીત પણ છે, જે લોસ



એન્જેલસના સિંગર શેનન અને ડર્ટી ગ્રિમ દ્વારા ગાવામાં આવશે.આ જાહેરાત કરતા અનુપમ ખેરે લખ્યું હતું, "અનાઉન્સમેન્ટઃ તન્વી ધ ગ્રેટના અદભુત ગાયકોના નામ જાહેર કરતા ખુબ ગૌરવ થાય છે. મેં એમએમ કિરવાણી સર સાથે લગભગ એક વર્ષ જેટલો સમય વિતાવ્યો છે અને ફિલ્મનું શૂટ શરૂ થાય એ પહેલાં અમે આ ફિલ્મનાં બધાં ગીતો રેકોર્ડ કરી નાખ્યા હતા. કિરવાણી સરના જાદુ સિવાય અમારી પાસે દેશના સૌથી સુરીલાં ગાયકોનું સંગીત છે."આ ગાયકો વિશે આગળ તેમણે લખ્યું, "અમારા ગાયકોમાં લિજેન્ડ્ઝ અને નવા ગાયકોનું સારું મિશ્રણ છે.

### પ્રોડક્શન પર ધ્યાન આપવાની આમિરની ઈચ્છા

# આમિરનું મહાભારત, 'લોર્ડ ઓફ ધ રિંગ્સ'ની જેમ અનેક ભાગમાં બનશે

### ફિલ્મના અલગ-અલગ પાત્રોમાં બંધ બેસતા હોય તેવા એક્ટરની પસંદગી માટે એક ટીમ બનાવવામાં આવશે




ભારતીય મહાકાવ્ય મહાભારત આધારિત ફિલ્મ બનાવવાની આમિર ખાનની ઈચ્છા વર્ષો જૂની છે. મહાભારતને ફિલ્મ સ્વરૂપે રજૂ કરવા માટે આમિરે પ્રોડ્યુસર તરીકે જવાબદારી લેવાનું નક્કી કર્યુ છે. પોતાના આ ડ્રીમ પ્રોજેક્ટને આગળ વધારવા આમિર ખાને હવે નક્કર આયોજન શરૂ કર્યુ છે. મહાભારત જેવા મહાકાય વિષયને માત્ર એક જ ફિલ્મમાં સમાવવાનું શક્ય ન હોવાથી આમિરે હોલિવૂડની લોકપ્રિય ળેન્ચાઈઝી 'લોર્ડ ઓફ ધ રિંગ્સ'ની જેમ અનેક ભાગમાં 'મહાભારત' બનાવવાનું વિચાર્યુ છે. ઉંમરના છ દાયકા નજીક પહોંચેલા આમિર ખાને મોટા બજેટ સાથે 'મહાભારત'ની તૈયારીઓ શરૂ કરી છે. આમિરે પોતાના આ ડ્રીમ પ્રોજેક્ટ અંગે વાત કરતાં કહ્યું હતું કે, ફિલ્મનું કામ આ વર્ષથી જ શરૂ થઈ જશે. સ્ક્રિપ્ટ લખવાં જ ઘણો સમય લાગશે. 'મહાભારત'ને ફિલ્મ સ્વરૂપે લખવાનું કામ જ એટલું મોટુ છે કે, તેમાં વર્ષો લાગી જશે. 'મહાભારત'માં એક્ટિંગ કરવી કે નહીં તે અંગે આમિરે હજુ વિચાર્યુ નથી. આમિર ખાને કહ્યું હતું કે, ફિલ્મના અલગ-અલગ પાત્રોમાં બંધ બેસતા હોય તેવા એક્ટરની પસંદગી માટે એક ટીમ બનાવવામાં આવશે. ફિલ્મમાં ડાયરેક્ટર તરીકે સક્રિય રહેવાની આમિરની ઈચ્છા ઓછી છે. આમિરે કહ્યું હતું કે, આ પ્રોજેક્ટ ઘણો મોટો છે અને આખી કથા કહેવા માટે ઘણી ફિલ્મો બનાવવી પડશે. એક ફિલ્મમાં 'મહાભારત'ને સમાવવાનું શક્ય નથી. બધી જ ફિલ્મોનું ડાયરેક્ટર કોઈ એક વ્યક્તિ કરી શકે નહીં. તેથી અલગ-અલગ ફિલ્મો માટે અલગ-અલગ ડાયરેક્ટરને જવાબદારી સોંપવામાં આવશે. આમિર ખાન પોતે કોઈ ફિલ્મને ડાયરેક્ટ નહીં કરે, પરંતુ પ્રોડ્યુસર તરીકે સમગ્ર પ્રોજેક્ટ પર દેખરેખ રાખશે આમિર ખાનની છેલ્લી ફિલ્મ 'લાલસિંગ ચઢ્ઢા' ૨૦૨૨ના વર્ષમાં રિલીઝ થઈ હતી અને બોક્સઓફિસ પર પછડાઈ હતી. આમિરની આગામી ફિલ્મ 'સિતારે જમીન પર' આ વર્ષે રિલીઝ થવાની છે, જે ૨૦૦૭ની બ્લોકબસ્ટર 'તારે જમીન પર'ની સીક્વલ છે. આ ફિલ્મમાં આમિર અને દર્શિલ સફારી ફરી સાથે જોવા મળશે. જેનેલિયા દેશમુખ પણ મહત્ત્વના રોલમાં છે. ફિલ્મની રિલીઝ ડેટ હજુ જાહેર થઈ નથી. 'સિતારે જમીન પર' રિલીઝ માટે તૈયાર છે ત્યારે આમિરે અન્ય એક ફિલ્મનું પ્રોડક્શન શરૂ કરવા પ્રયાસ હાથ ધર્યા છે.મુંબઈના જાણીતા સરકારી વકીલ ઉજ્જવલ નિકમના પર બાયોપિક બનાવવા આમિર ખાન ઘણાં વર્ષોથી મહેનત કરી રહ્યા હતા. આમિર ખાને પ્રોડ્યુસર તરીકે આ ફિલ્મ બનાવવાનું વિચાર્યુ હતું. આમિરે સ્ક્રિપ્ટ ફાઈનલ કરવા માટે ઘણી મહેનત કરી હતી અને લીડ રોલ કરવાની પણ તેમની ઈચ્છા હતી. આમિર ખાને લાંબી મથામણ પછી આ ફિલ્મનું પ્રોડક્શન શરૂ કરવા તૈયારી હાથ ધરી છે, પરંતુ આ વખતે લીડ રોલમાં પોતે રહેવાના બદલે અન્ય દમદાર એક્ટરને ચાન્સ આપવાનું વિચાર્યુ છે. રિપોટ્ર્સ મુજબ, આમિરને ઉજ્જવલ નિકમના લીડ રોલ માટે પોતાના જેવો જ કમિટેડ એક્ટર જોઈતો હતો અને તેમની નજર રાજકુમાર રાવ પર ઠરી છે.

### ફિલ્મો વચ્ચે આગામી વર્ષે રસપ્રદ મુકાબલો

### 'ભેડિયા ૨' માટે ૧૪ ઓગસ્ટની રિલીઝ ડેટ અગાઉ જાહેર થયેલી છે

# 'નાગઝિલા' અને 'ભેડિયા ૨' વચ્ચે સીધી ટક્કર થશે



ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આગામ વર્ષને ધ્યાને રાખી મોટાં આયોજનો થઈ ગયાં છે. ૨૦૨૬માં ઘણી બિગ બજેટ ફિલ્મો રિલીઝ થવાની છે. આ યાદીમાં કાર્તિક આર્યનની 'નાગઝિલા' પણ જોડાઈ છે. રિલીઝ ડેટને જોતાં આગામી વર્ષે બોક્સઓફિસ પર 'નાગઝિલા' અને વરુણ ધવનની 'ભેડિયા ૨' વચ્ચે સીધી ટક્કર થવાનું નિશ્ચિત જણાય છે. કાર્તિક આર્યનની આગામી ફિલ્મ નાગઝિલાની રિલીઝ ડેટ ૨૨ એપ્રિલે જાહેર થઈ છે. કરણ જોહરના ધર્મા પ્રોડક્શન દ્વારા આ ફિલ્મનું નિર્માણ કરવામાં આવશે. સામાન્ય રીતે કરણ જોહર પોતાની ફિલ્મની રિલીઝ ડેટ પસંદ કરતી વખતે અન્ય મોટી ફિલ્મ સાથે ટક્કર રોકવાનો પ્રયાસ કરતા હોય છે, પરંતુ 'નાગઝિલા'માં તેમણે વરુણ ધવનની 'ભેડિયા'નો મુકાબલો કરવાનું વિચાર્યુ છે. 'નાગઝિલા'માં કાર્તિક આર્યને ઈચ્છાધારી નાગનો રોલ કર્યો છે. આ ફિલ્મ ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ રિલીઝ થવાની છે. વરુણ ધવનની બહુચર્ચિત ફિલ્મ 'ભેડિયા ૨' માટે ૧૪ ઓગસ્ટની રિલીઝ ડેટ અગાઉ જાહેર થયેલી છે. આ સ્થિતિમાં કરણ જોહરે સામે ચાલીને બિગ બજેટ ફિલ્મને પડકારવાનું પસંદ કર્યુ છે. આગામી વર્ષે સ્વતંત્રતા દિવસે ભેડિયા અને નાગરાજની ટક્કર જોવા મળશે.







સામાન્ય રીતે સ્વતંત્રતા દિને દેશભક્તિની થીમ પર બનેલી ફિલ્મો જોવા મળતી હોય છે, જ્યારે આ વખતે હોરર-માઈથોલોજીનો ચમકારો જોવા મળશે. બોક્સઓફિસ પર બે મોટી ફિલ્મોની ટક્કરના કારણે બંનેની આવક પર અસર થતી હોય છે. કરણ જોહરે નુકસાન રોકવા માટે અગાઉ અનેક વખત પોતાની ફિલ્મની રિલીઝ ડેટ બદલેલી છે અથવા અન્ય ફિલ્મ મેકર્સને રિલીઝ ડેટ બદલવા તૈયાર કરેલા છે. 'ભેડિયા'ને દિનેશ વિજાનના મેડોક પ્રોડક્શન્સ દ્વારા બનાવવામાં આવી છે. 'સ્ત્રી', 'ભૂલ ભુલૈયા' અને 'છાવા' જેવી બ્લોકબસ્ટર ફિલ્મોના કારણે મેડોક ફિલ્મ્સે મોખરાના પ્રોડક્શન હાઉસ તરીકે સ્થાન મેળવ્યું છે.

# રાકેશ શંકરની અધ્યક્ષતામાં અતિગંભીર કુપોષિત બાળકોના સમુદાય આધારિત પોષણ વ્યવસ્થાપન અંતર્ગત અમદાવાદ ખાતે વર્કશોપનું આયોજન

## વિકસિત ભારત'ના નિર્માણમાં કુપોષણ મુક્ત ભારતનું નિર્માણ અત્યંત મહત્વનું છે સચિવશ્રી રાકેશ શંકર



। (માહિતી) અમદાવાદ, તા.૨૩ ।

અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન ખાતે અમદાવાદ ગ્રામ્ય માં પોષણ સંગમ (Community based management of acute malnourished & EGF) વર્કશોપનું આયોજન મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવશ્રી રાકેશ શંકરના અધ્યક્ષ ધ્યાને યોજવામા આવ્યું હતુ. જિલ્લામાં પ્રોટીનયુક્ત આહાર, ટેક હોમ રાશન (THR), માતૃશક્તિ, બાલશકિતના ફાયદા વિષયક જનજાગૃત્તિ પ્રસરાવવા માટે સચિવશ્રી રાકેશ શંકરે આ તકે અનુરોધ કર્યો હતો. સચિવશ્રીએ જણાવ્યું હતું કે, વિકસિત ભારતના નિર્માણમાં કુપોષણ મુક્ત ભારતનું નિર્માણ અત્યંત મહત્વનું છે. પોષણ અભિયાન એક નિર્ણાયક પગલું સાબિત થઈ રહ્યું છે. ગુજરાત સહિત સમગ્ર દેશમાં વર્ષમાં બે વખત, સપ્ટેમ્બર મહિનામાં 'પોષણ માસ' અને માર્ચ-એપ્રિલ મહિનામાં 'પોષણ પખવાડિયું' ઉજવણી કરવામાં આવે છે. આ અભિયાન પોષણક્ષમ આહાર અને સ્વસ્થ ભારતના નિર્માણ માટે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. કમિશનર શ્રી ડો. રણજીત સિંહએ જણાવ્યુ હતું કે, રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા સગર્ભા માતા,ધાત્રી માતા અને બાળકોમાં કુપોષણની નાથાવા માટે નોંધપાત્ર પ્રયાસો અને અભિયાનનો હાથ ધરવામાં આવી રહ્યા છે સારું પોષણ એ સર્વાંગી વિકાસનો પાયો છે જેના ધ્યેય સાથે કામ થઈ ગયું છે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિદેહ ખરે આ તકે માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમમાં CMAM & EGF (પોષણ સંગમ) અને પોષણ પખવાડિયા ની ઊજવણી અંતર્ગત મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા અમદાવાદ જીલ્લાનું પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત ઝોન, જિલ્લા, ઘટક અને ગ્રામ્ય કક્ષાએ પોષણ સંગમ અંતર્ગત કરેલ તેમજ કરવામાં આવનાર કામગીરી વિશે વિસ્તૃત ચર્ચા કરાઈ હતી.

જિલ્લાના સરપંચશ્રીઓ, માનવસેવા સંસ્થા સાણંદ દ્વારા કરાયેલ ખાસ કામગીરીની વિગતે ચર્ચા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

CMAM-EGF અંતર્ગત ના ૧૦ પગલાંનાં વિગતવાર ટ્રેનિંગ લર્નિંગ મોડ્યુલ બનાવીને ડિસ્પ્લે કરી વિશેષ સમજ આપવામાં આવી હતી.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિદેહ ખરે અને વિભાગીય નાયબ નિયામકશ્રી દ્વારા અલગ અલગ પ્રેઝન્ટેશન રજુ કરી વિષય વસ્તુની છણાવટ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે મહાનુભાવો દ્વારા સ્ટોલની મુલાકાત કરી આરોગ્ય અને આઈસીડીએસને લગત જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું કાર્યક્રમમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.શૈલેશ પરમાર, મહિલા અને બાળ કલ્યાણ કમિટી ના ચેરમેનશ્રી, ભાવના બેન વડાલિયા,વિભાગીય નાયબ નિયામક શ્રી અમદાવાદ ઝોન ઈલાબા રાણા, અમદાવાદ જીલ્લા પ્રોગ્રામ ઓફિસર શ્રી ગૌરીબેન સોલંકી, ડેવલોપમેન્ટ પાર્ટનર શ્રીમનુભાઈ, રોહિતભાઈ વિરમગામ અને ધોળકા તાલુકાના કોઠ, કેલીયા વાસણા અને કરીયાલાના સરપંચશ્રી, આઈ સી ડી એસ અને આરોગ્ય ની જિલ્લા અને તાલુકા ટીમના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજભાષા અંગેની સંસદીય સમિતિએ ભારતીય સિનેમાના રાષ્ટ્રીય સંગ્રહાલયની મુલાકાત લીધી



। (પીઆઈબી) નવી દિલ્હી, તા.૨૩ ।

૨૨ એપ્રિલ, ૨૦૨૫ મંગળવારના રોજ, રાજભાષાઓ અંગેની સંસદીય સમિતિના સભ્યોએ મુંબઈમાં રાષ્ટ્રીય ફિલ્મ વિકાસ નિગમ (NFDC) અને રાષ્ટ્રીય ભારતીય સિનેમા સંગ્રહાલય (NMIC)ની મુલાકાત લીધી હતી. પ્રતિનિધિમંડળમાં સાંસદ શ્રી શંકર લાલવાણી (ઈન્દોર લોકસભા મતવિસ્તાર), શ્રી હરિભાઈ પટેલ (મહેસાણા લોકસભા મતવિસ્તાર), શ્રી કુલદીપ ઈન્દોરા (ગંગાનગર લોકસભા મતવિસ્તાર), ડૉ. સુમેરસિંહ સોલંકી (રાજ્યસભા), શ્રી ઝિયા ઉર રહેમાન (સંભલ લોકસભા મતવિસ્તાર)ની સાથે સચિવ (સમિતિ) શ્રી પ્રેમ નારાયણ પણ સામેલ હતા.

સંસદીય સમિતિના સભ્યોનું સ્વાગત NFDCના જનરલ મેનેજર શ્રી ડી. રામકૃષ્ણન અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયના વરિષ્ઠ આર્થિક સલાહકાર શ્રી રવિન્દ્ર કુમાર જૈન પણ હાજર હતા.

રાજભાષા સમિતિના સભ્યોએ ભારતીય સિનેમાની ઐતિહાસિક સફર, તેની ટેકનોલોજીકલ પ્રગતિ, દુર્લભ પોસ્ટરો અને એકત્રિત કરેલા આર્કાઈવ્સનો ઊંડાણપૂર્વકનો પરિચય મેળવ્યો હતો. આ સંગ્રહાલય પ્રવાસનું સંચાલન NMICના માર્કેટિંગ અને પબ્લિક રિલેશન્સ મેનેજર શ્રીમતી જયતા ઘોષ અને ડેપ્યુટી જનરલ મેનેજર અને ક્યુરેટર શ્રી સત્યજીત માંડલે દ્વારા કરવામાં આવ્યું હતું.

સભ્યો પ્રદર્શનથી ખૂબ પ્રભાવિત થયા અને ભારતીય સિનેમાના સાંસ્કૃતિક વારસાને સાચવવા અને પ્રદર્શિત કરવા બદલ સંગ્રહાલયની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે આ પ્રવાસ માત્ર જ્ઞાનવર્ધક અને માહિતીપ્રદ જ નહીં પણ ભાવનાત્મક રીતે પણ પડઘો પાડતો હતો, જે ભારતીય સિનેમાના આત્મા સાથે એક અનોખો જોડાણ પૂરો પાડે છે. તેમણે ભવિષ્યમાં ફરીથી સંગ્રહાલયની મુલાકાત લેવાની ઈચ્છા પણ વ્યક્ત કરી. આ પ્રસંગ NMIC અને NFDC બંને માટે ગર્વની ક્ષણ હતી, કારણ કે ભારતીય સિનેમાના કાયમી વારસાને દેશના મુખ્ય નીતિ નિર્માતાઓ દ્વારા માન્યતા અને પ્રશંસા આપવામાં આવી હતી.

# CGHS ૨૮ એપ્રિલ ૨૦૨૫થી આધુનિક આરોગ્ય વ્યવસ્થાપન માહિતી પ્રણાલી (HMIS) શરૂ કરશે; જૂની સિસ્ટમ બંધ કરવામાં આવશે

। (પીઆઈબી) નવી દિલ્હી, તા.૨૩ ।

ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય હેઠળનો મુખ્ય કાર્યક્રમ, કેન્દ્ર સરકાર આરોગ્ય યોજના (CGHS), આગામી પેઢીના આરોગ્ય વ્યવસ્થાપન માહિતી પ્રણાલી (HMIS)ના લોન્ચ સાથે એક મોટા ડિજિટલ પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યો છે. સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ્ડ કમ્પ્યુટિંગ (C-DAC) દ્વારા વિકસિત, આ વ્યાપક ડિજિટલ પ્લેટફોર્મ ૨૮ એપ્રિલ ૨૦૨૫થી લાઈવ થવાનું છે. આ ફેરફાર હાલના CGHS સોફ્ટવેરની ટેકનિકલ અપ્રચલિતતાને ધ્યાનમાં રાખીને લાગુ કરવામાં આવી રહ્યો છે, જે ૨૦૦૫થી ઉપયોગમાં છે અને આધુનિક IT ધોરણો, સાયબર સુરક્ષા માળખા અને વપરાશકર્તાની અપેક્ષાઓ સાથે સુસંગતતાનો અભાવ ધરાવે છે. સુધારેલા HMIS CGHS સેવાઓની ઝડપી, વધુ પારદર્શક અને વપરાશકર્તા મૈત્રીપૂર્ણ સુલભતાને સક્ષમ બનાવશે, જે સુધારેલ સેવા વિતરણ અને વહીવટી કાર્યક્ષમતા સુનિશ્ચિત કરશે. સીમલેસ રોલઆઉટ સુનિશ્ચિત કરવા માટે, વેલનેસ સેન્ટર્સ સહિતની તમામ CGHS સેવાઓ ૨૬ એપ્રિલ ૨૦૨૫ (શનિવાર)ના રોજ એક દિવસ માટે બંધ રહેશે. ડેટા સ્થળાંતર, સ્વિચ-ઓવર પ્રવૃત્તિઓ અને અંતિમ માન્યતા પૂર્ણ કરવા માટે આ કામચલાઉ સસ્પેન્શન જરૂરી છે.

# અમૃત ભારત ટ્રેનઃ અમૃત કાળની એક અનોખી ભેટ

। અમદાવાદ, તા.૨૩ ।

અમૃત ભારત ૨.૦ ટ્રેન એ ભારતીય રેલ્વેની એક આધુનિક પહેલ છે. જે સામાન્ય મુસાફરોને ઓછા ભાડામાં સારી સુવિધાઓ, આરામ અને સ્વદેશી ટેકનોલોજીનો અનુભવ આપે છે. આ ટ્રેન ખાસ કરીને મધ્યમ વર્ગ અને અંત્યોદય માટે બનાવવામાં આવી છે. તેના કોચ સંપૂર્ણપણે ભારતમાં બનેલા છે અને આત્મનિર્ભર ભારતની ભાવનાને વધુ મજબૂત બનાવે છે.

અમૃત ભારત ટ્રેન અનુકૂળ છે. તેનો દેખાવ અને ડિઝાઈન પણ ખૂબ જ આકર્ષક છે. તે પ્રીમિયમ ટ્રેનનો અનુભવ આપે છે. રેલ્વેનો પ્રયાસ છે કે સામાન્ય માણસ પણ ગૌરવ અને આરામથી મુસાફરી કરી શકે અને આ વિચારને ધ્યાનમાં રાખીને આ ટ્રેન શરૂ કરવામાં આવી છે.

પર્યાવરણીય જાગૃતિ, ઉર્જા સંરક્ષણ અને મુસાફરોની સુવિધા - આ ત્રણ પાસાં આ ટ્રેનની ઓળખ છે. આ ટ્રેન દેશના વિકાસની નવી ગતિ અને બદલાતા ભારતના દેખાવની ઝલક છે.

ટેકનોલોજી દ્વારા સુરક્ષામાં વધારો

સુરક્ષા અને ટેકનિકલ દૃષ્ટિકોણથી અમૃત ભારત ૨.૦ ટ્રેનમાં ઘણા મહત્વપૂર્ણ સુધારા કરવામાં આવ્યા છે. સલામતીને ધ્યાનમાં રાખીને, કપ્લરમાં ક્રેશ ટ્યુબ અને EP-આસિસ્ટેડ બ્રેક સિસ્ટમ આપવામાં આવી છે, જે ઝડપી બ્રેકિંગને સક્ષમ બનાવશે. તે સંપૂર્ણપણે સીલબંધ ગેંગવે અને વેક્યુમ ઈવેક્યુએશન સિસ્ટમથી સજ્જ છે. દરેક કોચમાં ટોક બેક યુનિટ અને ગાર્ડ રૂમમાં રિસ્પોન્સ યુનિટ હોવાથી મુસાફરોની સલામતી વધુ મજબૂત બનાવવામાં આવી છે. નોન-એસી કોચમાં પહેલીવાર ફાયર ડિટેક્શન સિસ્ટમની સુવિધા મુસાફરોની સલામતીમાં એક નવી ક્રાંતિ છે.

**બધી પરિસ્થિતિઓમાં આરામદાયક મુસાફરી**

અમૃત ભારત ૨.૦ સાથે, ભારતીય રેલ્વેમાં પ્રથમ વખત ટ્રેનમાં સેમી-ઓટોમેટિક કપ્લરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જ્યારે ટ્રેનો જોડાયેલી હોય કે અલગ કરવામાં આવે ત્યારે કોઈ ધક્કો કે અવાજ થતો નથી. તેમાં સ્થાપિત ડિફોર્મેશન ટ્યુબ અથડામણના કિસ્સામાં આંચકો ઘટાડે છે, જેનાથી મુસાફરોની સલામતી વધે છે. આ રેક લોકોમોટિવ સાથે મળીને માત્ર સ્થિરતા જ નહીં પરંતુ સૌથી વધુ ગતિ અને વધુ સારી હેન્ડલિંગ ક્ષમતા પણ સુનિશ્ચિત કરે છે.

**સ્પીડ કે સાથી ૨ એન્જિન**

આ ટ્રેન LHB પુશ-પુલ ટ્રેન છે. સારી ગતિ માટે, તેના બંને છેડા પર એન્જિન લગાવવામાં આવ્યા છે, જે ઉર્જાનો વપરાશ ઘટાડે છે. ટ્રેન ઝડપથી વેગ પકડી શકે છે અને બ્રેક લગાવી શકે છે. ૧૩૦ કિલોમીટર પ્રતિ કલાકની મહત્તમ ગતિ તેને ગતિનો સારથી બનાવે છે.

**મુસાફરોની સુવિધાઓની જોગવાઈ**

૨.૦ ટ્રેનને 'સબકા સાથ, સબકા વિકાસ'ની ભાવના સાથે અપડેટ કરવામાં આવી છે. તેના કોચમાં ફોલ્ડેબલ સ્નેક ટેબલ, મોબાઈલ હોલ્ડર, ફોલ્ડેબલ બોટલ હોલ્ડર જેવી સુવિધાઓ છે. ઉપરાંત, રેડિયમ પ્રકાશિત ફ્લોરિંગ સ્ટ્રીપ, 160KN એર સ્પ્રિંગ બોગી જેવી સુવિધાઓ મુસાફરીને વધુ આરામદાયક બનાવે છે. દરેક શૌચાલય ઈલેક્ટ્રો-ન્યુમેટિક ફ્લશિંગ સિસ્ટમ, ઓટોમેટિક સાબુ ડિસ્પેન્સર અને એરોસોલ-આધારિત અગ્નિ દમન પ્રણાલી જેવી સુવિધાઓથી સજ્જ છે, જે સ્વચ્છતા અને સલામતીને પ્રાથમિકતા આપે છે. દરેક મુસાફર માટે ઝડપી મોબાઈલ ચાર્જિંગ પોર્ટ, પેન્ટ્રી કાર અને વધુ સારી અને આરામદાયક બેઠકો પૂરી પાડવામાં આવી છે. આ ઉપરાંત, દિવ્યાંગો માટે ખાસ શૌચાલયોની પણ વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી બધા મુસાફરોને સમાન સુવિધાઓ મળી શકે.



**એક નજરમાં**

મહત્તમ ઝડપ ૧૩૦ કિમી/કલાક

સંપૂર્ણપણે સીલબંધ ગેંગવે

વધુ ગાદીવાળી બર્થ

૨૨ કોચવાળી ટ્રેન

મધ્યમ વર્ગ અને અંત્યોદય માટે ભેટ

આશરે રૂ.માં ૧૦૦૦ કિ.મી.ની મુસાફરી શક્ય છે. ૪૫૦

**પ્રથમ વખત**

LHB કોચમાં ઈમરજન્સી ટોકબેક સિસ્ટમ

ભારતીય રેલ્વેમાં સેમી-ઓટોમેટિક કપ્લર ટાઈપ ૧૦ હેડ

નોન એસી કોચમાં ફાયર ડિટેક્શન સિસ્ટમ

ભારતીય રેલ્વેમાં બાહ્ય ઈમરજન્સી લાઈટ્સ

નોન એસી કોચમાં ફાયર ડિટેક્શન સિસ્ટમ

નોન એસી કોચમાં EP-આસિસ્ટેડ બ્રેક સિસ્ટમ

**સ્વદેશી અભિયાન**

અમૃત ભારત ટ્રેનનું ઉત્પાદન મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમ હેઠળ ઈન્ટિગ્રેટેડ કોચ ફેક્ટરીમાં કરવામાં આવ્યું છે.

"જે લોકો વારંવાર કામ માટે લાંબા અંતરની મુસાફરી કરે છે અને તેમની આવક ઓછી હોય છે તેઓ પણ આધુનિક સુવિધાઓ અને આરામદાયક મુસાફરીના હકદાર છે. આ ટ્રેનો ગરીબોના જીવનની ગરિમાને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવી છે."

**શ્રી નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

"અમૃત ભારત ટ્રેનો ઓછી આવક ધરાવતા અને મધ્યમ વર્ગના પરિવારો માટે છે. આ ખૂબ જ સસ્તી સેવા અને ખૂબ જ ઉચ્ચ ગુણવત્તાનો મુસાફરી અનુભવ પ્રદાન કરશે."

**શ્રી અશ્વિની વૈષ્ણવ, રેલ્વે મંત્રી**

બિહારના નાલંદા અને વિક્રમશિલાથી જ્ઞાનની ગંગા વિશ્વમાં વહેતી થઈ. એ બિહાર જ્યાં લોકગીતોની મીઠાશ અને માટીની સુગંધ આજે પણ આત્માને સ્પર્શે છે. અહીંનો ઈતિહાસ જેટલો ગૌરવશાળી છે, ભવિષ્ય પણ એટલું જ શક્યતાઓથી ભરેલું છે. આ સંસ્કૃતિથી સમૃદ્ધ ભૂમિના લોકોએ દરેક યુગમાં ભારતના નિર્માણમાં યોગદાન આપ્યું છે. હવે ભારતીય રેલ્વે અમૃત ભારત ટ્રેનો દ્વારા તેને પ્રોત્સાહન આપી રહી છે અને સામાન્ય માણસને પ્રીમિયમ મુસાફરીનો અનુભવ પ્રદાન કરી રહી છે. આ ટ્રેન બિહારના મહેનતુ, સંઘર્ષશીલ અને સ્વપ્નથી ભરેલા મુસાફરો માટે આદરના પ્રતીક તરીકે આવી છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૨૪ એપ્રિલે બિહાર માટે બીજી નવી ફ્લાઈટ શરૂ કરવાના છે. મધુબનીથી, તેઓ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સહરસાથી મુંબઈના લોકમાન્ય તિલક ટર્મિનસ સુધી દોડતી અમૃત ભારત ટ્રેનને લીલી ઝંડી આપશે. આ બિહારની બીજી અમૃત ભારત ટ્રેન હશે, જે લાંબા સમયથી આ રાજ્યના નાગરિકોના હૃદયમાં રહેલી પરિવર્તનની ગતિને વધુ વેગ આપશે. જે બિહારની સાંસ્કૃતિક રાજધાની મિથિલાને ભારતની આર્થિક રાજધાની મુંબઈ સાથે સીધી રીતે જોડશે.

**બિહારના બેગમાં ૨ અમૃત ટ્રેન**

દરભંગા વાયા અયોધ્યા આનંદ વિહાર ટર્મિનલ (ચાલી રહેલ)

સહરસાથી મુંબઈના લોકમાન્ય તિલક ટર્મિનસ (સૂચિત)

# નિકોલ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે રાજયકક્ષાની સોફ્ટ ટેનિસ સ્પર્ધા યોજાઈ

## અં-૧૭ અને ઓપન એજ વયજૂથમાં ભાઈઓ-બહેનોની સિંગલ્સ અને ડબલ્સની સોફ્ટ ટેનિસ સ્પર્ધાઓ યોજાઈ

। (માહિતી) અમદાવાદ, તા.૨૩ ।

ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત અમદાવાદના નિકોલ સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે રાજયકક્ષાની સોફ્ટ ટેનિસ સ્પર્ધા યોજાઈ હતી. અં-૧૭ અને ઓપન એજ વયજૂથમાં યોજાયેલી ભાઈઓ-બહેનોની સોફ્ટ ટેનિસ સ્પર્ધાઓમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી ખેલાડીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાના પરિણામોમાં અં-૧૭ વયજૂથ ભાઈઓની સ્પર્ધામાં સિંગલ્સમાં શ્રી જૈનિન વેગડાએ ગોલ્ડ મેડલ, શ્રી હેમ મહેતાએ સિલ્વર મેડલ અને શ્રી જશ દરજીએ બ્રોન્ઝ મેડલ તથા ભાઈઓની ડબલ્સની સ્પર્ધામાં શ્રી હેમ મહેતા અને શ્રી જશ દરજીએ ગોલ્ડ મેડલ, શ્રી નિવાન શાહ અને શ્રી કશ્યપ પટેલે સિલ્વર મેડલ તથા શ્રી વિવાન મોદ અને શ્રી કયાન ગર્જ્જરે બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

અં-૧૭ વયજૂથમાં બહેનોની સ્પર્ધામાં સિંગલ્સમાં કુ. મહેક ચિત્રોડાએ ગોલ્ડ મેડલ, કુ. ધ્વની નાગમટેએ સિલ્વર મેડલ અને કુ. ખનક પટેલે બ્રોન્ઝ મેડલ તથા બહેનોની ડબલ્સની સ્પર્ધામાં કુ. મહેક ચિત્રોડા અને કુ. આચંલ ઝાએ ગોલ્ડ મેડલ, કુ. જેવિકા શાહ અને કુ. ખનક પટેલે સિલ્વર મેડલ તથા કુ. નંદની પટેલ અને કુ. અદિતી શર્માએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.



ઓપન એજ વયજૂથ ભાઈઓની સ્પર્ધામાં સિંગલ્સમાં શ્રી રાજવિર આમલીયારએ ગોલ્ડ મેડલ, શ્રી અજય સોઢાતરએ સિલ્વર મેડલ અને શ્રી અનિકેત પટેલએ બ્રોન્ઝ મેડલ તથા ભાઈઓની ડબલ્સની સ્પર્ધામાં શ્રી રાજવિર આમલીયાર અને શ્રી અજય સોઢાતરએ ગોલ્ડ મેડલ, શ્રી હંસલ શાહ અને શ્રી હાર્દિક વાઘેલાએ સિલ્વર મેડલ અને શ્રી મીંલીદ પટેલ અને શ્રી કશ્યપ ઠક્કરએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

ઓપન એજ વયજૂથ બહેનોઓની સ્પર્ધામાં સિંગલ્સમાં કુ. નિષ્ઠા ત્રિવેદીએ ગોલ્ડ મેડલ, કુ. ધ્વની ગઢવીએ સિલ્વર મેડલ અને કુ. વૃષ્ટિ પટેલે બ્રોન્ઝ મેડલ તથા બહેનોની ડબલ્સની સ્પર્ધામાં કુ. પૂનર્વા શાહ અને કુ. નિષ્ઠા ત્રિવેદીએ ગોલ્ડ મેડલ, કુ. યેશા ઉમલીયાર અને કુ. પંક્તિ ગર્જ્જરે સિલ્વર મેડલ તથા કુ. ધ્વની ગઢવી અને કુ. ધ્રુવી ગઢવીએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

સ્પર્ધાના વિજેતા થયેલા ખેલાડીઓને રાજય સરકાર દ્વારા મેડલ અને ટ્રેક શુટ આપી ખેલાડીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ કાશ્મીર આતંકવાદી હુમલાથી પ્રભાવિત પ્રવાસીઓ અને પીડિતોને મદદ કરવા માટે ઝડપી પગલાં લીધાં

। (પીઆઈબી) નવી દિલ્હી, તા.૨૩ ।

કાશ્મીરમાં થયેલા દુ:ખદ આતંકવાદી હુમલાને પગલે, કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી રામ મોહન નાયડુએ અસરગ્રસ્ત પ્રવાસીઓ અને પીડિતોની સલામતી અને સુખાકારી સુનિશ્ચિત કરવા માટે ઝડપથી પગલાં લીધાં છે. મંત્રીએ ગૃહમંત્રી સાથે વ્યક્તિગત રીતે વાત કરી હતી અને સંબંધિત અધિકારીઓ સાથે ગાઢ સંકલનમાં કામ કરીને ચોવીસ કલાક પરિસ્થિતિનું નિરીક્ષણ કરી રહ્યા છે. તાત્કાલિક રાહત પગલાંના ભાગરૂપે શ્રીનગરથી ચાર ખાસ ફ્લાઈટ્સ - બે દિલ્હી અને બે મુંબઈની વ્યવસ્થા કરવામાં આવી છે અને વધુ જરૂર પડે તો તે જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે વધારાની ફ્લાઈટ્સ સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. શ્રી રામ મોહન નાયડુએ તમામ એરલાઈન ઓપરેટરો સાથે તાત્કાલિક બેઠક યોજી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે સવારથી તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે તથા તમારે તેનો ઉપયોગ બાકી રહી ગયેલા કાર્યો પૂર્ણ કરવા માટે કરવો જોઈએ. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે. તેમનો રસ જળવાઈ રહે તે માટે પ્રેમનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરો અને બિનજરૂરી તાણ ટાળો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે. પારિવારિક જવાબદારીઓ વધશે, તમારા મગજ પર તાણ વધશે. એકતરફી આકર્ષણ આજે તમારી માટે માથાનો દુખાવો જ લાવશે. સાવચેતી રાખો-કામના સ્થળે લોકો સાથે કામ લેતી વખતે હોંશિયારી અને ધીરજ રાખજો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારૂં કાર્ય પ્રેમ અને હકારાત્મક દ્દષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ લાલચથી નહીં. તમારી વાત સાચી સાબિત કરવા માટે તમે આજ ના દિવસે તમારા જીવનસાથી સાથે ઝઘડો કરી શકો છો. જો કે તમારો સાથી સમજણ બતાવી ને તમને શાંત કરશે. તમે જો એક દિવસની રજા પર જતા હો તો તમારે ચિંતા કરવાની જરૂર નથી.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે બૅન્કને લગતા કાર્યો ખૂબ જ તકેદારીપૂર્વક પાર પાડવાની જરૂર પડશે. તમે જો ઑફિસમાં વધારાનો સમય વિતાવશો તો તેની અસર તમારા ગૃહજીવન પર પડશે. દિવસને ખાસ બનાવવા માટે ઉદારતા તથા પ્રેમ આપો. કામના સ્થળે આજે તમે એક અદભુત વ્યક્તિને મળો એવી શક્યતા છે. દરેક કાર્ય ને સમય પર પૂર્ણ કરવું ઠીક હોય છે.

**સિંહ (મ,ટ) :**
આજે તમારુ સ્વાસ્થ્ય સારૂં રહેશે. કાર્યક્ષેત્ર અથવા વેપારમાં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે. તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ. એકાએક થયેલો રૉમેન્ટિક મેળાપ તમારા મિજાજને ખીલવશે. વ્યવસાયમાં ગણતરીપૂર્વકનાં પગલાં વળતર અપાવશે.પ્રૉજેક્ટ સમયસર પૂરા કરવામાં તે તમને મદદ કરશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમે નવરાશની લહેજત માણવાના છો. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો. રૉમાન્સ માટે બહુ સારો દિવસ નથી કેમ કે તમને સાચો પ્રેમ નહીં મળે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે ઉચ્ચ કૅલૅરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે કશુંક રસપ્રદ વાચી માનસિક વ્યાયામ કરો. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. તમારા દિલ અને મગજ પર રૉમાન્સનું રાજ હશે. લાયક કર્મચારીઓ માટે નાણાકીય લાભો તથા બઢતી. તમારું કુટુંબ આજે તમારી સાથે ઘણી સમસ્યાઓ શેર કરશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે વાહન ચલાવતી વખતે તકેદારી રાખો. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. તમારૂં પ્રેમ જીવન વસંતના વૃક્ષનાં પાંદડાં સમાન રહેશે. વધારે પડતા કામ છતાંય કાર્યક્ષેત્ર માં તમારી અંદર ઉર્જા જોઈ શકાય છે. તમે આપેલા કામ ને સમય સીમા પહેલાજ પૂર્ણ કરી લેશો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે પત્નીના કામકાજમાં ચંચૂપાત કરશો નહીં, કેમ કે તેનાથી તમે તેનો ગુસ્સો નોતરશો.તમારા કામથી કામ રાખો એ જ સારૂં છે. હસ્તક્ષેપ જેટલો ઓછો એટલું સારૂં અન્યથા તેનાથી પરાધીનતા આવી શકે છે. આજે તમારી સામે રજૂ કરવામાં આવતી રોકાણ યોજનાઓ તરફ તમારે બેવાર જોઈ લેવું. પરિવારના સભ્યો સાથેના મતભેદો દૂર કરીને-તમે તમારા ધ્યેયોને આસાનીથી પ્રાપ્ત કરી શકશો.

**કુંભ (ગ,શ,સ) :**
આજે તમે જેમ છો તેમ જ રહેજો કેમ કે તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવશે-એ તમને ગંભીર મુશ્કેલીમાં મૂકી શકે છે. ખાસ કરીને તમારો ગુસ્સો, કેમ કે તે ક્ષણિક પાગલપનથી વિશેષ કંઈ નથી. વેપારમાં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. બિઝનેસમેન્સ માટે સારો દિવસ કેમ કે તેમને અચાનક કેટલોક અણધાર્યો લાભ થશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. પત્ની સાથે ઝઘડો માનસિત તાણ ભણી દોરી જઈ શકે છે. બિનજરૂરી તાણ લેવાની જરૂર નથી. આપણે જે બાબતને બદલી નથી શકવાના તેને તે જેમ છે તેમ જ સ્વીકારવી એ જ જીવનની મહાન બાબત છે.

# મોટી સંખ્યામાં લોકો બેરોજગાર થશે; AI પર સુપ્રીમ કોર્ટે વ્યક્ત કરી ચિંતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

આર્ટિફિશિયલ ઈન્ટેલિજેન્સની ઝડપી વધી રહેલી શોધથી તમામ સુવિધા મળી રહી છે, ત્યારે લોકોને રોજગાર સંબંધિત ચિંતાઓ પણ સતાવી રહી છે. આ ચિંતાને લઈને હવે સુપ્રીમ કોર્ટે પણ ચિંતા વ્યક્ત કરી છે. અદાલતે મંગળવારના રોજ એક સુનવણી દરમિયાન કહ્યું કે, ભવિષ્યમાં ડ્રાઈવરનું કામ પણ AI થી થશે. તેનાથી પરિણામો ખતરનાક આવી શકે છે અને મોટાપાયે લોકો બેરોજગાર થઈ શકે છે. જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ એનકે સિંહની બેન્ચે એક જનહિતની અરજી પર સુનવણી કરતી વખતે આ વાત કરી હતી. જેમાં સુપ્રીમ કોર્ટે એવી માંગ કરી હતી કે, સરકારે ઈલેક્ટ્રિકલ વ્હીકલ્સની ખરીદી અને તેના ઉપયોગ વધારવા માટે પ્રોત્સાહિત કરતી નીતિ બનાવવા કહ્યું હતું. આ દરમિયાન કોર્ટે કહ્યું કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના કારણે ડ્રાઈવરોના રોજગાર પર પણ અસર થઈ શકે છે. કોર્ટે કહ્યું, 'અમારી ચિંતા એ છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ના કારણે આ ડ્રાઈવરોની બેરોજગાર ન થવા જોઈએ.' ઉલ્લેખનીય છે કે, ભારતમાં ડ્રાઈવરની નોકરી પણ રોજગારનો એક મોટો સ્રોત છે. ન્યાયાધીશ સૂર્યકાંતે મજાકમાં કહ્યું કે, AI થી વકીલો પણ ટક્કર લઈ રહ્યા છે. એવા સાધનો આવ્યા છે, જેના થકી તમે કોઈપણ કાયદાકીય સલાહ લઈ શકો છો. તેમણે કહ્યું કે, 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એ ઝડપ થી વિકસતી ટેકનોલોજી છે. દર મહિને નવા સુધારા સાથે એક સારું મોડ્યુલ બહાર આવે છે. આપણે અત્યારે જે જોઈ રહ્યા છીએ તે AI-આધારિત એડવોકેટ ટૂલ્સ છે. અમેરિકામાં તો તેનો ખૂબ જ ઉપયોગ થઈ રહ્યો છે. અમને વકીલોની પણ ચિંતા થઈ રહી છે.

### આઘાત કે સામાજિક દબાણને કારણે કેસ કરવામાં વિલંબ થઈ શકે છે

# સગીરા પર રેપની ફરિયાદ કરવામાં વિલંબ કોઇ ગુનો નથી: દિલ્હી HC

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

દિલ્હી હાઈકોર્ટે એક ચુકાદામાં જણાવ્યું છે કે સગીર પરના જાતીય હુમલાની જાણ કરવામાં કોઈ વ્યક્તિ આઘાત અથવા સામાજિક દબાણને કારણે વિલંબ કરે તો તે પોક્સો કાયદા હેઠળ ગુનો બનતો નથી. હાઈકોર્ટે ૧૦ વર્ષની પુત્રી પરના જાતિય હુમલાની સમયસર જાણ ન કરવા બદલ એક મહિલા સામેની કાનૂની કાર્યવાહીને રદ કરી હતી. ૧૦ વર્ષની પુત્રી પર તેના પિતા અને પિતરાઈ ભાઈઓ જાતિય હુમલો કર્યો હતો, પરંતુ મહિલાએ આઘાત અને સામાજિક દબાણને કારણે તેની સમયસર પોલીસને જાણ કરી ન હતી. હાઈકોર્ટે જણાવ્યું




હતું કે પોક્સો કાયદા હેઠળ ગુનાની જાણ કરવામાં વિલંબ બદલ કોઈ સામે કાર્યવાહી કરી શકાય નહીં. માતા પણ શારીરિક શોષણ અને ભાવનાત્મક એકલતાનો ભોગ બની હતી અને આખરે તેને મોટું વ્યક્તિગત જોખમ ઉઠાવીને કાનૂની કાર્યવાહીની હિંમત એકઠી કરી હતી. POCSO કાયદાની કલમ ૨૧નો હેતુ જાતીય ગુનાઓ ડામવાનો અને બાળકના શ્રેષ્ઠ હિતમાં સમયસર કાર્યવાહી સુનિશ્ચિત કરવાનો છે. તેનો હેતુ એવા લોકોને સજા કરવાનો નથી, જેઓ વ્યક્તિગત નબળાઈઓ હોવા છતાં, આખરે ગુનાની જાણ કરે છે.આઘાત અને સામાજિક દબાણમાંથી ઊભા થયેલા વિલંબ અને મૌનને જો ન્યાયાધીશો ગુનો ગણવાનું ચાલુ કરશે તો કાયદો પોતે જ જુલમનું સાધન બની જાય તેવું જોખમ છે. મહિલાએ ટ્રાયલ કોર્ટના ડિસેમ્બર ૨૦૨૩ના આદેશને પડકાર્યો હતો. ટ્રાયલ કોર્ટે મહિલા સામે આ ધારાની કલમ ૨૧ (રીપોર્ટ કરવામાં નિષ્ફળતા) હેઠળ આરોપો ઘડવાનો આદેશ આપ્યો હતો.

### પહેલગામ આતંકી હુમલા બાદ

# ઉરીમાં આતંકવાદી ઘૂસણખોરીનો પ્રયાસ સેનાના જવાનોએ બનાવ્યો નિષ્ફળ

### ૨-૩ આતંકવાદી બારામુલ્લાના ઉરી નાલામાં સરજીવન વિસ્તારમાં ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહ્યાં હતા

। (એજન્સી) જમ્મુ કાશ્મીર, તા.૨૩ ।

જમ્મુ કાશ્મીરના પહેલગામમમાં પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલા બાદ ઉત્તર કાશ્મીરના ઉરીમાં સેનાના જવાનોએ ઘૂસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો છે. સેના સાથે અથડામણમાં બે આતંકીઓને ઠાર મારવામાં આવ્યા છે. આ પહેલા બારામુલ્લામાં ૩ આતંકીઓના ઘૂસણખોરીના સમાચાર છે. ઉત્તરી કાશ્મીરમાં ઉરી સેક્ટર અંતર્ગત આતંકી ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહ્યાં હતા. જોકે, સેનાના જવાનોએ આતંકીઓના આ પ્રયાસને નિષ્ફળ બનાવી દીધો છે. અહીં આતંકીઓ અને જવાનો વચ્ચે અથડામણ ચાલુ છે. આતંકવાદીઓએ સરજીવન દ્વારા ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો છે. ચિનાર કૉર્પ્સે બુધવાર સવારે જાણકારી આપી છે. ૨૩ એપ્રિલ ૨૦૨૫એ ૨-૩ આતંકવાદી બારામુલ્લાના ઉરી નાલામાં સરજીવન વિસ્તારમાં ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહ્યાં હતા. TPSની ટીમે જવાબી કાર્યવાહી કરી હતી અન તેમને રોક્યા હતા. જે બાદ ફાયરિંગ શરૂ થયું હતું. ઓપરેશન અત્યારે ચાલુ છે. જમ્મુ અને કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહેલગામમમાં મંગળવારે મોટો આતંકવાદી હુમલો થયો હતો. આતંકવાદીઓએ પર્યટકો અને સ્થાનિકોને નિશાન બનાવીને ફાયરિંગ કર્યું હતું.

### ન્યાયપાલિકા અંગે સાંસદ

# નિશિકાંતની ટિપ્પણી અંગે સુપ્રીમ કોર્ટમાં આગામી સપ્તાહે સુનાવણી

### દિલ્હી યુનિવર્સિટી ખાતે એક કાર્યક્રમ દરમિયાન ધનખડે ફરી એક વાર સુપ્રીમ કોર્ટની ટીકા કરી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ તાજેતરમાં સુપ્રીમ કોર્ટ અને ચીફ જસ્ટિસ સંજીવ ખન્ના સામે કરેલી ટિપ્પણીના વિરોધમાં થયેલી અરજીની સુનાવણી આગામી સપ્તાહે રાખવા સુપ્રીમ કોર્ટે સંમતિ આપી છે. જસ્ટિસ બી આર ગવઈ અને જસ્ટિસ ઓગસ્ટિન જ્યોર્જ મસિહની બેન્ચ સમક્ષ અર્જન્ટ લિસ્ટિંગ માટે અરજીને મેન્શન કરવામાં આવી હતી. દેશમાં ધર્મ યુદ્ધો માટે ચીફ જસ્ટિસને જવાબદાર ગણાવતો દુબેનો વીડિયો વાઈરલ થયો છે. તેમાં સર્વોચ્ચ અદાલત માટે અપમાનજનક શબ્દો કહેવાયા હોવાનો દાવો અરજીમાં થયો છે. કાઉન્સિલે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યુ હતું કે, સરકાર દ્વારા દુબે સામે કોઈ પગલાં લેવાયા નથી. આ મામલે એટર્ની જનરલ આર વેંકટરામાણીને પત્ર લખી દુબે સામે કન્ટેમ્ટ ઓફ કોર્ટની કાર્યવાહી હાથ ધરવા માગણી કરાઈ છે, પરંતુ આ દિશામાં કોઈ પગલાં લેવાયા નથી. સોશિયલ મીડિયા પરથી નિશિકાંત દુબેનો વિવાદાસ્પદ વીડિયો હટાવવા માટે પણ માગણી થઈ છે. સુપ્રીમ કોર્ટે આ અરજીની સુનાવણી આગામી સપ્તાહે રાખવા સંમતિ આપી હતી. ભાજપના સાંસદ દુબે ઉપરાંત ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે પણ સુપ્રીમ કોર્ટની



ટીકા કરી હતી. રાજ્ય સરકારે પસાર કરેલા ખરડાને મંજૂરી સંદર્ભે રાજ્યપાલ અને રાષ્ટ્રપતિ માટે ત્રણ મહિનાની સમયમર્યાદા નક્કી કરતો ચુકાદો સુપ્રીમ કોર્ટની બેન્ચે આપ્યો છે. સુપ્રીમ કોર્ટના આ ચુકાદાને દેશ માટે હાનિકારક ગણાવીને ધનખડે ટીકા કરી હતી. રાજ્યપાલ અને રાષ્ટ્રપતિને નિર્દેશ આપવાની કોર્ટની સત્તાને તેમણે પડકારી છે.

### 'અમારો કોઈ હાથ નથી'

# પહલગામ આતંકી હુમલા અંગે પાકિસ્તાનની પહેલી પ્રતિક્રિયા

### જમ્મુ-કાશ્મીરના પહલગામના બેસરનમાં મોટો આતંકી હુમલો થયો હતો જેમાં ૨૬ જેટલા લોકોના મૃત્યુ થયા છે

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૩ ।

જમ્મુ-કાશ્મીરના પહલગામના બેસરનમાં મોટો આતંકી હુમલો થયો હતો જેમાં ૨૬ લોકોના મૃત્યુ થયા છે. તેમજ ડઝનેકથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા જેમની હાલ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. એવામાં આ હુમલાને લઈને પાડોશી દેશ પાકિસ્તાનની પહેલી પ્રતિક્રિયા સામે આવી છે. પાકિસ્તાનના સંરક્ષણમંત્રી ખ્વાજા આસિફે કહ્યું કે આ (હુમલા) સાથે અમારો કોઈ સંબંધ નથી. અમે તમામ પ્રકારના આતંકવાદને નકારીએ છીએ.' પાકિસ્તાની ટીવી ન્યૂઝ ચેનલને નિવેદન આપતાં પાકિસ્તાનના સંરક્ષણમંત્રી ખ્વાજા



આસિફે આરોપ લગાવ્યો કે, 'આ હુમલા પાછળ ભારતના લોકોનો જ હાથ છે. ત્યાંના લોકોએ સરકાર સામે બળવો કર્યો છે. ત્યાં, નાગાલેન્ડથી લઈને મણિપુર અને કાશ્મીર સુધી, લોકો સરકારની વિરુદ્ધ છે. ભારતમાં હિન્દુત્વ સરકાર લોકોના અધિકારોનો નાશ કરી રહી છે.

### હવે શનિવાર, ૩ મે ૨૦૨૫ ના રોજ, IRCTC "ગુરુ કૃપા સાથે ઉત્તર ભારત દેવભૂમિ યાત્રા"

# ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન દ્વારા ચલાવવામાં આવશે

। મુંબઈ, તા.૨૩ ।

આ ટૂર પેકેજ ભારતીય રેલ્વે દ્વારા ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન પર સંચાલિત અગ્રણી આધ્યાત્મિક પ્રવાસ પેકેજોમાંનું એક છે. આશરે ૫૦૦૦ કિલોમીટરના કુલ અંતરને આવરી લેતી ૦૯ રાત અને ૧૦ દિવસની ધાર્મિક યાત્રા પ્રવાસીઓને જીવનમાં એકવાર આ યાત્રા પર લઈ જશે જે જીવન સાથે જોડાયેલા મહત્વપૂર્ણ ધાર્મિક અને ઐતિહાસિક સ્થળોને આવરી લે છે. IRCTC તેની વિશિષ્ટ અને અદ્યતન સંયુક્ત AC/Non AC પ્રવાસી ટ્રેનનો લાભ લેવા માટે ઐતિહાસિક અને ધાર્મિક યાત્રાનું સ્વાગત કરે છે. સુંદર LHB ટ્રેનમાં કોચમાં આધુનિક રસોડા સહિત અનેક અદ્ભુત સુવિધાઓ છે. ટ્રેનમાં દરેક કોચ માટે CCTV કેમેરા અને સુરક્ષા ગાર્ડ્સની સુરક્ષા સુવિધાઓ કરવામાં આવી છે. IRCTC ભારત સરકારની "એક ભારત શ્રેષ્ઠ ભારત" અને "દેખો અપના દેશ" ની પહેલ અને દેશમાં સ્થાનિક પર્યટનને પ્રોત્સાહન આપવા માટે આ ખાસ ટૂરિસ્ટ ટ્રેન પેકેજ શરૂ કરી રહી છે.

"ગુરુ કૃપા સાથે ઉત્તર ભારત દેવભૂમિ યાત્રા" નામની ખૂબ જ લોકપ્રિય ટ્રેન ટૂર

૩ મે ૨૦૨૫ (શનિવાર) ના રોજ પુણે રેલ્વે સ્ટેશનથી ૦૯ રાત/૧૦ દિવસના પ્રવાસ માટે રવાના થવા તૈયાર છે.

*ભારતીય રેલ્વેએ ભારત સરકારના "દેખો અપના દેશ" અને "એક ભારત શ્રેષ્ઠ ભારત" વિઝનને પ્રોત્સાહન આપવા માટે ભારત ગૌરવ પ્રવાસી ટ્રેનો ચલાવવાની પહેલ કરી છે.

IRCTC નો ખાસ પ્રવાસ "ગુરુ કૃપા સાથે ઉત્તર ભારત દેવભૂમિ યાત્રા"

* હરિદ્વાર, ઋષિકેશ, અમૃતસર, વૈષ્ણોદેવી, કટરા, મથુરા, વૃંદાવન અને આગ્રા પ્રવાસ રહેશે અને પુણે પાછી પરત ફરશે.

*ગંતવ્ય અને મુલાકાત આવરી લેવામાં આવી છે:

#હરિદ્વાર : હૃષિકેશ, હર કી પૌરી, ગંગા આરતી

#અમૃતસર: સ્વર્ણ મંદિર, વાઘા બોર્ડર

# કટરા : માતા વૈષ્ણોદેવી દર્શન

#મથુરા : કૃષ્ણ જન્મભૂમિ, વૃંદાવન

# આગ્રા: તાઝ મહેલ.

*ઈકોનોમી સ્લીપર, કમ્ફર્ટ 3AC અને કમ્ફર્ટ 2AC સાથેની પ્રવાસી ટ્રેનમાં કુલ ૭૫૦ પ્રવાસીઓને યાત્રા કરી શકશે.

*પ્રવાસીઓ આ પ્રવાસી ટ્રેનમાં પુણે - લોનાવાલા - કરજત - કલ્યાણ - વસઈ રોડ - વાપી - ભેસાણ (સુરત) - વડોદરા રેલ્વે સ્ટેશન પરથી પણ બોર્ડિંગ/ડીબોર્ડ કરી શકે છે.

IRCTC એ તમામ પેકેજોની આકર્ષક કિંમત આ પ્રમાણે રાખેલ છે.

ઈકોનોમી ક્લાસ (SL) : 18230/-

કમ્ફર્ટ ક્લાસ (3AC) : 33880/-

કમ્ફર્ટ ક્લાસ (2AC) : 41530/-

ટૂર પેકેજમાં એસી/નોન એસી ક્લાસમાં આરામદાયક ટ્રેન મુસાફરી, ડબલ/ટ્રિપલ/ક્વાડ શેરિંગ પર એસી/નોન એસી બજેટ હોટલમાં રાત્રિ રોકાણ, બધા ભોજન (ઑન બોર્ડ અને ઑફબોર્ડ): સવારની ચા, નાસ્તો, બપોરનું ભોજન, ચા/કોફી અને રાત્રી ભોજન (માત્ર શાકાહારી ભોજન) એસી/નોન એસી વાહનોમાં બધા ટ્રાન્સપોર્ટ દ્વારા તમામ ટ્રાન્સફર સુવિધા અને જોવાલાયક સ્થળો, ટ્રાવેલ ઈન્શ્યોરન્સ અને IRCTC ટૂર મેનેજર્સની સેવાઓ વગેરેનો સમાવેશ થાય છે.

IRCTC પ્રવાસીઓ માટે સલામત અને સ્વસ્થ મુસાફરી પૂરી પાડીને તમામ જરૂરી આરોગ્ય સાવચેતીનું પણ ધ્યાન રાખી રહ્યું છે.

વધુ વિગતો માટે તમે IRCTC વેબસાઈટ https://www.irctctourism.com ની મુલાકાત લઈ શકો છો અને બુકિંગ વેબ પોર્ટલ સેવા પહેલા આવો તે વહેલા ના ધોરણે ના આધારે ઓનલાઈન ઉપલબ્ધ છે. વધુ માહિતી માટે, કોઈ પણ વ્યક્તિ મોબાઈલ નંબર પર સંપર્ક કરી શકે છે. ૮૨૮૭૯૩૧૮૮૬

### હાઇકોર્ટના સિંગલ જજે ખાલિદની નિમણૂકને કાયદેસર ઠેરવી હતી

# બાર કાઉન્સિલમાં પદ ગુમાવ્યા પછી મુસ્લિમ સભ્ય વકફ બોર્ડ માટે અયોગ્ય: સુપ્રીમ કોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

સુપ્રીમ કોર્ટે મંગળવારે એક ચુકાદામાં જણાવ્યું હતું કે રાજ્ય બાર કાઉન્સિલના મુસ્લિમ સભ્યને રાજ્યના વકફ બોર્ડનો સભ્ય બનાવવામાં આવ્યા હોય અને બાર કાઉન્સિલમાં તેઓ સભ્યપદ ગુમાવે છે તો વકફ બોર્ડમાં પણ તેઓ તેમનું સભ્યપદ ગુમાવે છે.બાર કાઉન્સિલનું સભ્યપદ ગુમાવ્યા પછી મુસ્લિમ સભ્ય વકફ બોર્ડના સભ્ય તરીકે રહી શકે કે નહીં તે મુદ્દે સુપ્રીમ કોર્ટ સુનાવણી કરી રહી હતી. મણિપુર હાઈકોર્ટની ડિવિઝન બેન્ચના ચુકાદાને રદ કરતા સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે વકફ બોર્ડના સભ્ય બનવા માટે બે શરતો છે. પ્રથમ એ કે ઉમેદવાર મુસ્લિમ સમુદાયમાંથી હોવો જોઈએ. બીજી શરત એ કે સંસદ, રાજ્ય વિધાનસભા અથવા બાર કાઉન્સિલના સભ્ય તરીકે સક્રિય પદ ધરાવતો હોવો જોઈએ. જો કોઈ વ્યક્તિ હવે આ શરતો પૂરી કરતો નથી, તો તે બોર્ડનું પદ જાળવી શકે નહીં. આ કેસ મોહમ્મદ ફિરોઝ અહમદ ખાલિદ નામના વ્યક્તિની અપીલ સંબંધિત હતો, જેમને મણિપુર બાર કાઉન્સિલમાં ચૂંટાયા પછી ફેબ્રુઆરી ૨૦૨૩માં મણિપુર વકફ બોર્ડના સભ્ય તરીકે નિયુક્ત કરાયાં હતાં. હાઈકોર્ટના સિંગલ જજે ખાલિદની નિમણૂકને કાયદેસર ઠેરવી હતી, પરંતુ ડિવિઝન બેન્ચે ચુકાદાને રદ કરતાં જણાવ્યું હતું કે બાર કાઉન્સિલના સભ્યે બાર કાઉન્સિલના સભ્ય તરીકે સેવા છોડ્યા પછી વકફ બોર્ડમાં તેમનું પદ ખાલી કરવું પડે તેવી કાયદા કોઈ સ્પષ્ટતા નથી.

# ભારત નોન ટેરિફ અવરોધો ઘટાડે, US પ્રોડક્ટ્સ ખરીદે

### અમેરિકન ઊર્જા અને મિલિટરી હાર્ડવેરની ખરીદીમાં વધારો કરવાનો અનુરોધ કર્યો હતો

। (એજન્સી) જયપુર, તા.૨૩ ।

જયપુરમાં એક કાર્યક્રમમાં સંબોધન કરતાં અમેરિકાના વાઈસ પ્રેસિડન્ટ જે ડી વેન્સે ભારતને ટેરિફ સિવાયના અવરોધોમાં ઘટાડો કરવાની, અમેરિકાની પ્રોડક્ટ્સ માટે બજારને વધુ ખોલવાની તથા અમેરિકન ઊર્જા અને મિલિટરી હાર્ડવેરની ખરીદીમાં વધારો કરવાનો અનુરોધ કર્યો હતો. તેમણે ૨૧મી સદીને સમૃદ્ધ અને શાંતિપૂર્ણ બનાવવા માટે બંને રાષ્ટ્રો વચ્ચે ગાઢ સંબંધોની રૂપરેખા પણ રજૂ કરી હતી.વેન્સે વારંવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી હતી અને મોદીને 'વિશેષ વ્યક્તિ' ગણાવ્યા હતાં અને વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે ભારત અને અમેરિકાએ એક થઈને કામ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. વેન્સે જણાવ્યું હતું કે પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ ભારત સાથે મજબૂત સંબંધો બનાવવા ઈચ્છે છે. ભારત અને અમેરિકા પાસે એકબીજાને આપવા માટે ઘણું બધું છે.

### પહલગામ હુમલા પર બોલ્યા બાબા રામદેવ

# હિન્દુઓને ટાર્ગેટ કરાયા, આતંકીઓને સબક શીખવાડો

। (એજન્સી) જમ્મુ, તા.૨૩ ।

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં મંગળવારે થયેલા આતંકી હુમલાથી દેશભરમાં આક્રોશ ફેલાયો છે. આતંકીઓએ પ્રવાસીઓ પર આડેધડ ગોળીબાર કરતા ૨૬ના મોત અને અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે. આતંકીઓની નાપાક હરકત પાછળ પાકિસ્તાનનો હાથ હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. પહલગામ હુમલા મુદ્દે યોગ ગુરુ બાબા રામદેવે દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે આતંકવાદીઓને સબક શીખવાડવાની અને POKને



ભારતમાં વિલય કરવા સાથે આતંક મુદ્દે પાકિસ્તાન પર ગંભીર આક્ષેપ કર્યો છે.

બાબા રામદેવે કહ્યું કે, 'પહલગામમાં ધર્મ પૂછીને હિન્દુઓને મારવામાં આવ્યા છે. ભારતમાં હિન્દુ-મુસ્લિમોની એકતાને ભંગ કરવા માટે આ હુમલો કરવામાં આવ્યો છે. આતંકીઓ ઈચ્છે છે કે, ભારતની ગલીઓ-મહોલ્લાઓમાં હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે ઝઘડો થાય. આ હુમલો ભારતમાં હિન્દુઓને ટાર્ગેટ કરવામાં આવેલી સૌથી મોટી આતંકી ઘટના છે.'

તેમણે વધુમાં કહ્યું કે, 'આતંકવાદીઓ દેશમાં રમખાણો અને ગૃહયુદ્ધ કરાવવા માંગે છે. ભારતનો લોકો આતંકીઓના નાપાક ઈરાદાને સફળ નહીં થવા દે. હવે દેશ દરેક નાગરિકે સેનાના પ્રતિનિધિ રૂપે ઉભું થવું પડશે. હિન્દુસ્તાનમાં બે પ્રકારના મુસ્લિમો છે.

# પાટણમાં ૭૭ વર્ષથી ભોગવટાવાળું મકાન મૂળમાલિકને 30 દિવસમાં સોંપવા હુકમ

। (એજન્સી) પાટણ, તા.૨૩ ।

પાટણના હિંગળાચાચર નજીક આવેલી ઓતિયાની શેરીમાં ૭૭ વર્ષથી મકાનનો ભોગવટો ભોગવી રહેલા શખ્સને કોર્ટે ૩૦ દિવસમાં મૂળમાલિકને મકાનનો કબજો સોંપી દેવા હુકમ કર્યો છે. આ અંગે એડવોકેટે જણાવ્યું હતું કે ઓતિયાની શેરીમાં વિનોદભાઈ મણિલાલ મોદીનું મકાન આવેલું છે. તેઓએ આ મકાન ઈશ્વરલાલ મોહનલાલ મોદી કે જેઓ પાટણમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. આથી પોતાના સમાજની રૂએ તેમને રહેવા આપેલ હતું. તે પછી ઈશ્વરલાલે દ્વારા મકાન ખાલી ન કરી પચાવી પાડતાં તેઓએ કોર્ટનો સહારો લીધો હતો. આ કેસ ગતરોજ કોર્ટમાં ચાલી જતાં ઈશ્વરલાલ મોહનલાલ મોદીએ કોર્ટ સમક્ષ કહ્યું હતું કે આ મકાન ૭૭ વર્ષ અગાઉ વિનોદભાઈ મોદીના પિતા મણિલાલે મારા પિતા મોહનલાલ મોદીને રહેવા આપ્યું હતું. એમને કોઈ સંતાનન હોવાથી મારા પિતા મોહનલાલ મોદીને તેઓએ દત્તક લીધેલા અને દત્તકના આધારે મારા પિતા મોહનલાલ મોદી આ મકાનના માલિક તરીકે રહેતા હોવાનું જણાવી તેઓનો તેમજ તેમની બહેનોનો જન્મ પણ આજ મકાનમાં ૧૯૫૦પહેલાં થયેલો હોવાનું જણાવી આ મકાનના તેઓ માલિક હોવાનું જણાવ્યું હતું.


## પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન

**"જાહેરાત", "પે એન્ડ યુઝ" અને "પાર્કિંગ" કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી**

"જાહેરાત", "પે એન્ડ યુઝ" અને "પાર્કિંગ" કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી 06.05.2025 ના રોજ યોજાશે. ઈ-હરાજી 06.05.2025 ના રોજ 11:00 કલાકે શરૂ થશે. કેટલોગ પહેલેથી જ www.ireps.gov.in વેબસાઇટ પર પ્રકાશિત કરવામાં આવેલ છે. વિગતો નીચે જણાવ્યા મુજબ છે:

| કેટલોગ નં | કોન્ટ્રેક્ટનો પ્રકાર | કોન્ટ્રેક્ટનો સમયગાળો |
|---|---|---|
| ADVT-BRC-060525 | જાહેરાત (બિન-ભાડા આવક) | 5 વર્ષ |

| લોટ નં. | લોટ નં. |
|---|---|
| ADVT-EFF-132142-24-2 (જાહેરાત-ટ્રેનનો બહારનો ભાગ (ફૂલ ફેસ)) | ADVT-BRC-AKV-OSN-268-24-1 (જાહેરાત - સ્ટેશન પરિસર પર (નોન-ડિજિટલ)) |
| ADVT-BRC-ANND-OH-13-25-3 (જાહેરાત - આઉટ ઓફ હોમ) | ADVT-BRC-BH-OSN-269-24-1 (જાહેરાત - સ્ટેશન પરિસર પર (નોન-ડિજિટલ)) |
| ADVT-BRC-ND-OH-16-25-2 (જાહેરાત - આઉટ ઓફ હોમ) | ADVT-BRC-BRC-OSN-259-24-1 (જાહેરાત - સ્ટેશન પરિસર પર (નોન-ડિજિટલ)) |
| ADVT-BRC-BH-OH-12-25-2 (જાહેરાત - આઉટ ઓફ હોમ) | ADVT-BRC-VDA-OSN-271-24-1 (જાહેરાત - સ્ટેશન પરિસર પર (નોન-ડિજિટલ)) |
| ADVT-BRC-ANND-OH-14-25-2 (જાહેરાત - આઉટ ઓફ હોમ) | ADVT-BRC-GER-OSN-270-24-1 (જાહેરાત - સ્ટેશન પરિસર પર (નોન-ડિજિટલ)) |
| ADVT-BRC-BH-OH-15-25-1 (જાહેરાત - આઉટ ઓફ હોમ) | ADVT-IntExt-86019-24-2 (જાહેરાત - ટ્રેનનો આંતરિક અને બહારનો ભાગ) |
| ADVT-BRC-BRC-OH-11-25-1 (જાહેરાત - આઉટ ઓફ હોમ) | |

| કેટલોગ નં | કોન્ટ્રેક્ટનો પ્રકાર | કોન્ટ્રેક્ટનો સમયગાળો |
|---|---|---|
| C481-PRKG-0605 | પાર્કિંગ | 3 વર્ષ |

| લોટ નં. | લોટ નં. |
|---|---|
| PARKING-BRC-BRC-TW-16-25-2 (પાર્કિંગ - ટુ વ્હીલર) | PARKING-BRC-KIM-TW-8-25-2 (પાર્કિંગ - ટુ વ્હીલર) |
| PARKING-BRC-BRC-TW-45-25-2 (પાર્કિંગ - ટુ વ્હીલર) | PARKING-BRC-ND-MX-17-25-3 (પાર્કિંગ - મિક્સ્ડ) |

| કેટલોગ નં | કોન્ટ્રેક્ટનો પ્રકાર | કોન્ટ્રેક્ટનો સમયગાળો |
|---|---|---|
| C331-PnU-0605 | પે એન્ડ યુઝ | 3 વર્ષ |

| લોટ નં. | લોટ નં. |
|---|---|
| PnU-BRC-AKV-Toi-4-25-1 (પે એન્ડ યુઝ - ટોઇલેટ) | PnU-BRC-EKNR-Toi-13-24-4 (પે એન્ડ યુઝ - ટોઇલેટ) |
| PnU-BRC-GDA-Toi-12-24-4 (પે એન્ડ યુઝ - ટોઇલેટ) | PnU-BRC-ANND-Toi-9-24-4 (પે એન્ડ યુઝ - ટોઇલેટ) |
| PnU-BRC-CYI-Toi-8-24-2 (પે એન્ડ યુઝ - ટોઇલેટ) | PnU-BRC-KIM-Toi-2-25-1 (પે એન્ડ યુઝ - ટોઇલેટ) |

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ રેલવે મેનેજરની ઓફિસ, પ્રતાપનગર, વડોદરા- 390004

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly 015

### ગુજરાતના વિવિધ સ્થળોની મુસાફરી કરવાનો અનેરો અવસર

# ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ દ્વારા 'મન ફાવે ત્યાં ફરો' યોજના શરૂ કરવામાં આવી

## આ યોજનાનો લાભ નિગમના કોઈપણ બસ સ્ટેશન-કંટ્રોલ પોઈન્ટ ઉપરથી કામકાજના દિવસોમાં મેળવી શકાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

ઉનાળાના વેકેશનમાં રાજ્યના નાગરીકો ગુજરાતની કલા-સંસ્કૃતિ-પ્રવાસન સ્થળોની મુલાકાત કરી શકે તેમજ ઉદ્યોગ એકમો સાથે સંકળયેલા નાગરીકો ગુજરાતમાં પોતાના ઉદ્યોગને વિકસાવવા એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં ફરી શકે તે માટે ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ દ્વારા 'મન ફાવે ત્યાં ફરો' યોજના શરૂ કરવામાં આવી છે. છેલ્લા એક વર્ષમાં 'મન ફાવે ત્યાં ફરો' યોજનાનો સૌથી વધુ લાભ અમદાવાદ, રાજકોટ, મહેસાણા અને સુરતનાં મુસાફરોએ લીધો છે. જ્યારે છેલ્લા પાંચ વર્ષમાં ૨૫૮૦ મુસાફરોના પાસ ઈસ્યુ કરીને નિગમે રૂ.૨૧ લાખથી વધુની આવક મેળવી છે, એમ ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની યાદીમાં વધુમાં જણાવાયું છે. યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર આ યોજના હેઠળ મુસાફરોએ એસ.ટીની લોકલ-એક્સપ્રેસ-ગુર્જરનગરી બસોમાં સાત દિવસ મુસાફરી માટે પુખ્તવયના નાગરીકો રૂ.૧૫૯૫ અને ૪ દિવસની મુસાફરી રૂ.૯૩૫ ભરીને કરી શકે છે, જ્યારે બાળકો ૭ દિવસની મુસાફરી રૂ.૮૦૦ અને ૪ દિવસની મુસાફરી રૂ.૪૭૦ ભરી એસ.ટીની બસોમાં મુસાફરી કરી શકે છે. મુસાફરોએ લક્ઝરી-નોન એ.સી સ્લીપર કોચમાં સાત દિવસની મુસાફરી કરવા પુખ્તવયના નાગરીકોએ રૂ.૧૮૭૦ અને ચાર દિવસની મુસાફરી કરવા રૂ.૧૦૪૫ ચૂકવવાના રહેશે જ્યારે બાળકોને ૭ દિવસની મુસાફરી કરવા રૂ.૯૩૫ અને ૪ દિવસની મુસાફરી રૂ.૫૨૫ ચૂકવવાના રહેશે. AC સીટર બસોમાં પુખ્તવયનાં નાગરીકો સાત દિવસ મુસાફરી રૂ.૩૬૮૫ અને ૪ દિવસની મુસાફરી રૂ.૨૧૪૫ ભાડું આપીને કરવાની રહેશે. બાળકોએ સાત દિવસ મુસાફરી રૂ.૧૮૪૫ અને ચાર દિવસની મુસાફરી રૂ.૧૦૭૫ ભાડું આપીને કરવાની રહેશે. વોલ્વો સીટર બસ માટે પુખ્તવયના નાગરીકો સાત દિવસનું ભાડું રૂ.૫૬૧૦ અને ચાર દિવસની મુસાફરી રૂ.૩૨૪૫ ચૂકવીને કરી શકે છે. જ્યારે બાળકોએ સાત દિવસની મુસાફરી રૂ.૨૮૦૫ ચાર દિવસની મુસાફરી રૂ.૧૬૨૫ ખર્ચીને કરવાની રહેશે.

આ યોજનાનો લાભ નિગમના કોઈપણ બસ સ્ટેશન-કંટ્રોલ પોઈન્ટ ઉપરથી કામકાજના દિવસોમાં મેળવી શકાશે. આ યોજનાનો પાસ અન્ય વ્યક્તિને તબદિલ કરી શકાશે નહિ, પાસધારક પોતે જ પ્રવાસ કરી શકશે. પ્રવાસ રદ કરવાના સંજોગોમાં પાસ શરુ થવાના ૧ દિવસ અગાઉ પાસ રદ કરવામાં આવે તો જરૂરી કેન્સલેશન ચાર્જ કાપી બાકી રકમ પરત કરવામાં આવશે. નિગમની એક્સ્ટ્રા બસોમાં આ યોજનાનો લાભ મળવાપાત્ર નથી.

### પહલગામ આતંકવાદી હુમલાના પગલે અમદાવાદ સહિત રાજ્યભરમાં એલર્ટ જાહેર કરાયું

# સોમનાથ-અંબાજી-દ્વારકા સહિતના મંદિરોની સુરક્ષા વધારવામાં આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

જમ્મુ કાશ્મીરના પહલગામમાં મંગળવારે થયેલા આતંકવાદી હુમલામાં ૨૮ લોકોએ જીવ ગુમાવ્યો છે. જેમાં ત્રણ ગુજરાતીઓનો પણ સમાવેશ થાય છે. આતંકવાદી હુમલાને પગલે દેશભરમાં હાઈએલર્ટ આપી દેવામાં આવ્યું છે, ત્યારે અમદાવાદ સહિત રાજ્યભરમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સુરક્ષા એજન્સીઓ અને ગુજરાત પોલીસે સતર્ક થઈ ગઈ છે. અંબાજી, દ્વારકા અને સોમનાથ સહિતના મંદિરોમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. રાજ્યભરના રેલવે સ્ટેશન અને એરપોર્ટ



ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. આ સાથે જ રાજ્યભરમાં પોલીસ ચેકીંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. શંકાસ્પદ લોકો પર નજર રાખવામાં આવી રહી છે. રાજ્યના બોર્ડર વિસ્તારોમાંની સાથે સાથે સંવેદનશીલ સ્થળો પર વધારાની પોલીસ ટુકડી ગોઠવી દેવામાં આવી છે. અવર-જવર કરી રહેલા વાહનોનું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. આતંકવાદી હુમલાને પગલે રાજ્યના મહત્ત્વના ગણતા ધાર્મિક સ્થળોએ સુરક્ષા વધારી દેવામાં આવી છે. જેમાં ખાસકરીને સોમનાથ, દ્વારકા, અંબાજી, પાવાગઢ સહિતના ધાર્મિક સ્થળોએ પોલીસની ટુકડીઓ ગોઠવી દેવામાં આવી છે. સોમનાથ અને દ્વારકા દરિયા કિનારે આવેલા હોવાથી હાઈ એલર્ટ આપવામાં આવ્યું છે. ગુજરાતની ત્રણેય સેનાઓને એલર્ટ કરી દેવામાં આવી છે. પાકિસ્તાની બોર્ડર નજીક હોવાથી ગુજરાત બોર્ડર પર પણ સુરક્ષા વધારી દેવામાં આવી છે.

બનાસકાંઠા એસપી અક્ષરાજ મકવાણાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે બનાસકાંઠા જિલ્લાને પાકિસ્તાની સરહદ અડીને આવેલી છે. બનાસકાંઠાના શક્તિપીઠ અંબાજી યાત્રાધામે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન કરવા આવતા હોય છે, ત્યારે આતંકવાદી હુમલાને ધ્યાનમાં રાખી મંદિરની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે. અંબાજી મંદિરે એસઓજીની ટીમ અને સ્નાઈપરને સ્ટેન્ડ બાય કરી દેવામાં આવી છે. મંદિરમાં દર્શન કરવા આવતા તમામ શ્રદ્ધાળુઓનું સઘન ચેકિંગ કરવામાં આવશે. આતંકવાદી હુમલાની ઘટના વચ્ચે રાજ્યમાં શાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે અમદાવાદમાં પણ સઘન પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

### રાજકોટમાં ઓનલાઇન

# જૂગારના પ્રચાર થકી કમાણી કરતા છ ઇન્ફ્લુએન્સર ઝડપાયા

। (એજન્સી) રાજકોટ, તા.૨૩ ।

રાજકોટ શહેરમાં સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર દ્વારા વેપાર-ધંધાની જાહેરાતની સાથે સાથે ઓનલાઈન જુગારની ગેમોનું પ્રમોશન કરવાનો ટ્રેન્ડ વધી રહ્યો છે. આ પ્રવૃત્તિને ડામવા માટે સાયબર ક્રાઈમ પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. ગતરોજ બે ઈન્ફ્લુએન્સરની ધરપકડ કર્યા બાદ, પોલીસે વધુ છ સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર સામે ગુના નોંધ્યા છે.કાલાવડ રોડ જડુસની પાછળ રહેતાં નિલેષ મનસુખભાઈ ચાવડા (ઉ.૨૮) સામે ઈન્સ્ટાગ્રામ આઈડી નિલચાવડા ઓફિશીયલ પ્રોફાઈલ પર રાજાગેમ નામની ઓનલાઈન બેટીંગની વેબસાઈટની લિંક મુકી લોકોને ગેમીંગ રમવા પ્રોત્સાહન પુરો પાડવાનો ગુનો નોંધાયો છે. નીલે પોતાની આઈડીમાં મુકેલી જૂગારની ગેમને લગતી લિંક ખોલતાં જ લોટરી સ્પોર્ટસ કેસીનો સ્લોટ્સ વગેરે ગેમ્બલીંગ રમવા માટેનું પેજ ઓપન થતું હતું. નવાગામ આણંદપર સાત હનુમાન સામે રહેતાં ભાવેશ મુકેશભાઈ રાઠોડ (ઉ.૨૫), રાજકોટના શુકલ પીપળીયા ગામે રહેતો લક્ષ્મણ સુરેશભાઈ જંજવાડીયા (ઉ.૩૦),જંગલેશ્વર મેઈન રોડ રાધાકૃષ્ણનગર-૫માં રહેતો વિજય મનસુખભાઈ મજેઠીયા (ઉ.૩૨) તેમજ બે ઈન્ફ્લુએન્સરની ધરપકડ કર્યા બાદ, પોલીસે વધુ છ સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર સામે ગુના નોંધ્યા છે. શીવનગર-૧૨માં રહેતાં સાગર કિશોરભાઈ છૈયા પોતાની ઈન્સ્ટાગ્રામ આઈડીમાં સ્કાય ૩૬૫ નામની ઓનલાઈન ગેમીંગની લિંક મુકી જૂગાર રમવા લોકોને પ્રોત્સાહીત કરતા હોઈ ગુનો નોંધાયો છે. છઠ્ઠો ગુનો આરટીઓ પાછળ શ્રીરામ સોસાયટી-૧માં રહેતાં ઈલેશ કિશોરભાઈ ડેરવાડીયા (ઉ.૨૦) સામે નોંધાયો છે. તે પોતાની આઈડી પર ૧૧વિન નામની ઓનલાઈન જૂગારની ગેમની લિંક મોકલી ચાર્જ વસુલતો હતો.

### ચાઇનીઝ સાયબર માફિયાના કોલ સેન્ટરોમાં પણ ગુજરાતી યુવકો ફસાયા

# કોલસેન્ટર સ્કેમઃ વિદેશમાં વસતા સંતાનોના વાલીઓ માટે ચિંતા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

લગભગ આઠ દસ વર્ષ પહેલા અમદાવાદના તમામ કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં કોલસેન્ટરો ધમધમતા હતા. વિદેશી (ખાસ કરીને અમેરિકા) નાગરિકોને છેતરીને તેમની પાસેથી નાણાં પડાવવામાં આવતા હતા. અમદાવાદમાં પોલીસનું દબાણ વધતાં કોલસેન્ટના સંચાલકો હાલ ચંડીગઢ શિફ્ટ થઈ ગયા છે પરંતુ આ દૂષણ તો ચાલુ જ છે. હવે અમેરિકામાં બેઠેલા આ કૌભાંડના સાગરિતો કામધંધાની શોધમાં અમેરિકામાં પહોંચેલા યુવકોને ટાર્ગેટ કરી રહ્યા છે. કોલ સેન્ટરના કાળા કારોબારમાં જાણતા અજાણતા એન્ટ્રી મેળવી લેતા આવા યુવકોની જિંદગી બરબાદ થઈ રહી છે. દોઢેક મહિના પહેલાં જ આવી રીતે કોલ સેન્ટરકાંડનો ભોગ બનેલી એક મહિલાના ઘરે ૩૨ હજાર ડોલર લેવા ગયા અને પોલીસના હાથે ઝડપાઈ ગયા. હાલ તો તેમનું ભાવિ અંધકારમય છે પરંતુ આ ઘટનાથી યુવાનો અને તેમના વાલીઓએ ચેતી જવાની જરૂર છે. આવા કોલસેન્ટર અમેરિકા ઉપરાંત કેનેડા અને ઓસ્ટ્રેલિયામાં પણ ચાલી રહ્યા છે. ઘણા સમયથી અમેરિકામાં નોકરીવાંચ્છુ યુવાનોને આકર્ષક પગાર કે કમિશન પર કામ આપવાની ઓફર કરવામાં આવતી હોય છે. જેમાં કોલસેન્ટરના સંચાલકોએ જે લોકોને ટાર્ગેટ કરીને રૂપિયા આપવા માટે કન્વિસ કરી લે ત્યારે તમના ઘરે જઈને યુવાનોને રૂપાય લઈ આવવાના હોય છે. હવે વાતોમાં આવી ગયેલા યુવાને જે રૂપિયા લાવે તેમાંથી તેમને મોટું કમિશન આપવામાં આવતું હોય છે. એટલે યુવાનો આ જ કામ કરે છે. કોલસેન્ટરના સંચાલકની વાતોમાં આવી ગયેલા ગાંધીનગરના બે યુવાનો જય પટેલ અને વિજય પટેલ (નામ બદલ્યા છે) અમેરિકના મહિલાના ઘરેથી રૂપિયા લેવા ગયા અને સ્થાનિક પોલસના હાથે ઝડપાઈ ગયા. આ તો થઈ અમેરિકાની વાત આવા કોલસેન્ટર કેનેડામાં પણ ચાલી જ રહ્યા છે. માટે હવે યુવાનો આવા કોલ સેન્ટરમાં કામ માટેની ઓફર મળે ત્યારે એલર્ટ થઈ જવાની જરૂર છે. ભારતમાં વસતા વાલીઓએ પણ વિદેશમાં ભણવા કે કેમ ધંધા માટે ગયેલા પોતાના સંતાનોને આવી વાતમાં નહી આવવા સજેશન કરવાની જરૂર છે.કામધંધાની શોધમાં ખૂબ જ મોટી સંખ્યામાં ગુજરાતી યુવકો મલેશિયા, કંબોડિયા, ફિલિપાઈન્સ અને થાઈલેન્ડ જઈ રહ્યા છે. ત્યાં તેમની અપેક્ષા મુજબ કામ ન મળતાં તેઓ દ્વિધામાં હોય ત્યારે જ ચાઈનીઝ માફિયાઓ દ્વારા ચલાવતા કોલ સેન્ટરમાં કામ કરવાની તેમને આકર્ષક પગાર સાથેની ઓફર મળે છે.

### મહાદેવ બેટિંગ એપની તપાસમાં ગુજરાતના ઘણાં બૂકીની વિગતો મળી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

દુનિયાભરના દેશોના સટોડિયાઓ ઓનલાઈન ક્રિકેટ સટ્ટો રમાડતા મહાદેવ બેટિંગ એપના સંચાલકોના કરોડો રૂપિયાના હવાલા કેસની ઈડી તપાસ કરી રહી છે. તેની સાથે સંકળાયેલા ઈઝ માય ટ્રીપના સંચાલક નિશાંત પિટ્ટીએ પણ કરોડો રૂપિયાના વિદેશમાં હવાલા પાડ્યા હોવાની વિગતો ડિપાર્ટમેન્ટને મળતાં તેની પ્રિમાઈસીસમાં દરોડા પાડી સર્ચ કરવામાં આવ્યું હતું. ઈડીની ટીમે અમદાવાદ અને નિશાંત પિટ્ટીની પ્રિમાઈસીસ સહિત દેશભમાં મોટું સર્ચ કરીને ૫૦૦ કરોડથી વધુની ડિપોઝિટ જપ્ત કરી છે.

### આતંકી હૂમલાને પગલે લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે

# જમ્મૂ કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલાનો અમદાવાદમાં વિરોધ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

જમ્મુ કાશ્મીરમાં થયેલા આતંકી હૂમલામાં ૨૭ લોકોના મોત નિપજ્યાં છે. જેમા ત્રણ ગુજરાતી પ્રવાસીઓ પણ સામેલ છે. આ હૂમલાને પગલે અમદાવાદમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ છે. બેનરો સાથે લોકોએ રોડ પર ઉતરીને વિરોધ કર્યો હતો. આતંકવાદ વિરૂદ્ધ લોકોએ સુત્રોચ્ચાર કર્યા હતાં. આ હૂમલાને લોકો દ્વારા વખોડી નાંખવામાં આવ્યો હતો. આતંકવાદને નાબુદ કરો જેવા સુત્રોચ્ચાર કર્યા

પ્રાપ્ત વિગતો પ્રમાણે જમ્મુ કાશ્મીરમાં થયેલા હૂમલાનો અમદાવાદમાં વિરોધ થયો હતો. શહેરના ઈસનપુર વિસ્તારમાં લોકો બેનરો સાથે રોડ પર ઉતરી આવ્યા હતાં. પુરૂષો અને મહિલાઓએ ભારે સુત્રોચ્ચાર સાથે વિરોધ નોંધાવ્યો હતો. લોકોએ પાકિસ્તાનને પાઠ ભણાવવાનો સમય પાકી ગયો છે તેવા નારા લગાવ્યા હતાં. આતંકવાદને નાબુદ કરો જેવા સુત્રોચ્ચાર કર્યા હતાં. આતંકી હૂમલાને પગલે લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

બીજી તરફ જમ્મુ કાશ્મીરમાં થયેલા આતંકી હૂમલાના પગલે ગુજરાતી પ્રવાસીઓ અડગ છે. તમામ પ્રવાસીઓને સરકાર પર વિશ્વાસ છે. ફસાયેલા પ્રવાસીઓને પરત લાવવા માટે સરકારે તૈયારીઓ શરૂ કરી છે. તમામ પ્રવાસીઓને વિમાન મારફતે પરત લાવવામાં આવી રહ્યાં છે.

### પોતાની છાપ પાડવા માટે પોતાની કાર ઉપર લાલ-ભુરી લાઈટ રાખી

# હાલોલમાં ખોટી રીતે રાજ્યસેવક જેમ બનીને ફરતો યુવક ઝડપાયો

। (એજન્સી) પંચમહાલ, તા.૨૩ ।

ગુજરાતમાં નકલી કોર્ટ, જજ, પોલીસ સહિત નકલીની ભરમાર યથાવત છે, ત્યારે પંચમહાલના હાલોલમાં ખોટી રીતે રાજ્યસેવક જેમ બનીને ફરતો યુવક ઝડપાયો છે. યુવકે સમાજમાં પોતાની છાપ પાડવા માટે પોતાની કાર ઉપર લાલ-ભુરી લાઈટ રાખી ગર્વમેન્ટ ઓફ ઈન્ડીયા લખાવીને ફરતો હતો. યુવકે એક કાર પર ૪ અલગ-અલગ હોદ્દાની પ્લેટ લગાવી હતી.

સમગ્ર ઘટનાની જાણ થતાં ખોટુ નામ તથા ખોટો હોદ્દો ધારણ કરીને ફરતા યુવકને હાલોલ રૂરલ પોલીસે ઝડપી પાડીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. પંચમહાલના મૂળ શહેરા તાલુકાના નાંદરવા ગામનો ધ્રુવ વાળંદ નામન યુવકે પોતાની કાર પર જાણે સરકારી અધિકારી હોય તેવી રીતે ગર્વમેન્ટ ઓફ ઈન્ડીયા લખાવ્યું હતું અને કાર ઉપર લાલ-ભુરી લાઈટ રાખી હતી. આ મામલે હાલોલ રૂરલ પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ક્વોડને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી. જેને લઈને હાલોલ રૂરલ પોલીસે હાલોલ તાલુકાના કંજરી ગામે હરીદર્શન સોસાયટીમાં તપાસ કરતા નંબર પ્લેટ વગરની કાર મળી આવી હતી. મહત્ત્વનું છે કે, એક જ કાર પર યુવકે વિવિધ ચાર હોદ્દાની પ્લેટ લગાવી છે. જેમાં પોલીસ જે કલર વાપરે છે તેવી લાલ અને ભુરા કલરની પ્લેટ પર ગૌ રક્ષક લખ્યું છે, બીજી પ્લેટમાં ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા, ત્રીજીમાં ડૉક્ટર ધ્રૂવ લખ્યું છે. જ્યારે કારની આગળ લાલ પ્લેટમાં ભારત સરકાર માન્ય રાષ્ટ્રીય અધ્યક્ષ ધ્રુવ બાપુ લખ્યું છે. તો લાલ કલરના અક્ષરથી નેશનલ પ્રેસિડેન્ટ ડૉ. ધ્રુવ લખ્યું છે, તેમાં અંગ્રેજીમાં પ્રેસિડન્ટનો સ્પેલિંગ પણ ખોટો લખ્યો છે. સમગ્ર મામલે પોલીસે મૂળ શહેરા તાલુકાના નાંદરવા ગામના અને હાલ હાલોલ તાલુકાના કંજરી ગામે રહેતા ધ્રુવ વાળંદ નામના યુવકને પોલીસે ઝડપી પાડ્યો હતો. ધ્રુવની પૂછપરછ સમયે તેણે જણાવ્યું હતું કે, 'પોતે કોઈ રાજ્યસેવક નથી પરંતુ સમાજમાં રાજ્યસેવક છું તેવી છાપ પાડવા માટે કાર ઉપર લાલ-ભુરી લાઈટ રાખી ગર્વમેન્ટ ઓફ ઈન્ડીયા લખાવ્યું હતું.'

### હથિયારો સાથે બબાલનો લાઇવ વીડિયો વાયરલ

# જુહાપુરામાં અસામાજિક તત્ત્વોનો ઘાતક હથિયારો સાથે આતંક

## બૂમાબૂમ ન કરવાનું કહેનારા લોકો સાથે ઘર્ષણ કરીને હથિયારોથી મારામારી કરી હતી, પોલીસે આ મામલે ગુનો પણ દાખલ કર્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

વસ્ત્રાલ બાદ જુહાપુરામાં ગુંડા તત્ત્વોએ આતંક મચાવ્યો છે. ગેંગવોર, હત્યા અને હત્યાની કોશિશના છાશવારે બનતા ગુના ડામવામાં સ્થાનિક પોલીસ સદંતર નિષ્ફળ નીવડી છે તેવામાં જુહાપુરાના સંકલિતનગરમાં વધુ એક વાર અસામાજિક તત્ત્વોનો આતંક સામે આવ્યો છે. પોલીસનો ડર ન હોય તેમ કેટલાક ટપોરીઓએ દંડા અને છરી જેવા હથિયારો સાથે વિસ્તાર બાનમાં લીધો હતો. બૂમાબૂમ ન કરવાનું કહેનારા લોકો સાથે ઘર્ષણ કરીને હથિયારોથી મારામારી કરી હતી. ઘટનાનો વીડિયો વાયરલ થતાં પોલીસને આ મામલે ગુનો દાખલ કરવાની ફરજ પડી છે. જુહાપુરામાં આવેલા સંકલિતનગરમાં રહેતો ૨૨ વર્ષીય ફરઝાન કુરેશી વેલ્ડિંગની દુકાનમાં નોકરી કરે છે. ગત સોમવારે તેના ઘર પાસે રહેતા ફૈઝાન ઉર્ફે પંડિત શેખ, મોહસીન ઉર્ફે હાઈટ અંસારી, અરબાઝ દેસાઈ જોરજોરથી બૂમાબૂમ કરતા હતા. તેથી ત્યાં રહેતા મોહસીન ઘાંચીએ જોરજોરથી બૂમો ના પાડવા કહેતા મોહસીન ઉર્ફે હાઈટ ઉશ્કેરાઈ ગયો હતો. ફરઝાન તેને સમજાવવા જતા આ શખ્સોએ ગાળાગાળી કરીને છરી કાઢી હતી.







